પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬ ॥

॥ શ્રી નવપદજી નમોનમઃ ॥

ૐ હ્રીં ણમો અરિહંતાણં ।
ૐ હ્રીં ણમો સિદ્ધાણં ।
ૐ હ્રીં ણમો આયરિયાણં ।
ૐ હ્રીં ણમો ઉવજ્ઝાયાણં ।
ૐ હ્રીં ણમો લોએ સવ્વસાહૂણં ।
ૐ હ્રીં ણમો ણાણસ્સ ।
ૐ હ્રીં ણમો દંસણસ્સ ।
ૐ હ્રીં ણમો ચારિત્તસ્સ ।
ૐ હ્રીં ણમો તવસ્સ ।

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

શિવનું નટેશ્વર સ્વરૂપ પણ શિવ અને
શક્તિના સંયોગમાં છે. આ આખા
વિશ્વનો તાલ અનુભવ કરાવે છે. તેમાં શિવ
દ્રષ્ટા છે, અકર્તા છે - શક્તિ સાથ જ એ-
ક્રિયાનું રૂપ છે, કર્તા છે, ક્રિ-
યાકાર છે. પુરુષ ઉર્ફે શિવ વિશ્વનો
passive male principle -
અક્રિયાત્મક પુરુષ તત્ત્વ છે. શક્તિ
એ વિશ્વનો Active female
principle ક્રિયાત્મક સ્ત્રીતત્ત્વ છે.
સર્વ સર્જનમાં પુરુષ સ્ત્રી
પ્રકૃતિનું સાયુજ્ય એ શિવ શક્તિના
સાયુજ્યનો જ વિસ્તાર પડઘો છે.

o

બૌદ્ધ તંત્રોમાં સ્વરૂપ પણ પ્રજ્ઞા અને
ઉપાયનો સંગાથ છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન
તેની સાત્ત્વિક સિદ્ધિ, જેમાં કે આ
વિશ્વ અદ્વૈતત્વ પામેલું છે અને આ
વિશ્વનો પરિચય છે, બૌદ્ધ ધર્મશાસ્ત્ર ઉપાયોને-
ના ઉદ્દેશ્યોના છે અને વ્યવહારમાં સાધન છે,
ના ઉદ્દેશ્યોનાં છે એ સર્વ પરિચિત-સાધિકાર્થ-
આ શિવ શક્તિને એ વ્યાપાર વિનાના છે



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

'ૐ હ્રીં અર્હં નમો અરિહંતાણં ।' વર્ણ-૧૧

'ૐ અર્હં તિજયવિજયચક્કં સિદ્ધચક્કં નમામિ ।' વર્ણ-૧૮

'ૐ નમો નમઃ હ્રૂઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ રઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા ।' વર્ણ-૧૯

'ૐ હ્રીં અર્હં શ્રી જીરાઉલા પાર્શ્વનાથ
રક્ષાં કુરુ કુરુ સ્વાહા ।' વર્ણ-૨૧

'ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર
વસહ જિણ ફુલિંગ હ્રીં શ્રીં નમઃ ।' વર્ણ-૨૭

## મંત્ર સાક્ષાત્કાર

જેટલા અક્ષરનો મંત્ર હોય, તેટલા લાખ જાપ કરવાથી એક પુરશ્ચરણ થાય છે. ઉપાસ્યદેવતાના સાક્ષાત્કાર માટે આવા પુરશ્ચરણોની ખાસ જરૂર હોય છે. પુરશ્ચરણ વખતે ઉપાસકની અનેક પ્રકારની કસોટી થાય છે. તે વખતે ક્ષોભ ન પામતાં ધૈર્ય ધારણ કરનારને મંત્ર સાક્ષાત્કાર થાય છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## VOLUME - 6

April 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

## PUBLISHER

Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOK AVAILABLE AT

www.bhadrankar.com



## હસ્તાક્ષરોમાં અકબંધ વૈચારિક વિરાસત!



અધ્યાત્મયોગસંપન્ન પૂજ્યપાદ્ અમારા પરમગુરુદેવ, પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય એટલે પ્રત્યક્ષ આત્મદ્રવ્યનો ઝગમગતો પુંજ. 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની એક પછી એક સંવર્ધિત ડાયરીઓ હાથમાં આવે છે અને લાગે છે કે જાણે સાક્ષાત્ પૂજ્યપાદ્ સાહેબજી શબ્દદેહે પધાર્યા. 'અનુપ્રેક્ષા'ની ડાયરીઓમાંથી બાકી રહેલ ચિંતન ઉપરાંત અન્ય અનુપ્રેક્ષાઓ આ છઠ્ઠા ભાગમાં આવી રહી છે...

આગલા પાંચ ભાગોની મહાત્માઓ અને સાધ્વીજી ભગવંતો વચ્ચે ચાલતી વાચનામાં મંથન કરતાં-કરતાં થયું કે સાહેબજીનો આત્મા પુદ્ગલભાવથી પર અને આત્મભાવની રમણતામાં કેવો તો મગ્ન હશે કે જેથી તેમનું દરેક ચિંતન રાગ-દ્વેષની પરિણતિ તુટે, પુદ્ગલ પ્રત્યેની આસક્તિ છૂટે, જીવ પ્રત્યેનો દ્વેષભાવ હળવો થાય અને ધીરે ધીરે સ્નેહભાવમાં પરિણમે તેવું જ હોય છે.

અરે... હમણાં જ ધ્યાનમાં આવ્યું તેઓશ્રીનું અકલ્પનીય એવું નવતત્ત્વ વિષયક શાસ્ત્ર સાપેક્ષભાવોથી યુક્ત ચિંતનઃ

(૧) જે જાણે છે તે આત્મા જીવ છે.
(૨) જે ન જાણે તે અચેતન અજીવ છે.
(૩) કર્મના નિમિત્તાધિન જે શુભભાવ થાય તે પુણ્ય છે.
(૪) કર્મના નિમિત્તાધિન જે અશુભભાવ થાય તે પાપ છે.
(૫) અશુભભાવો તે વિકારીભાવ છે, તેથી આશ્રવ છે.

(૬) તેમાં જોડાવાથી બંધન થાય તે બંધ છે.
(૭) સ્વભાવને ઓળખીને ઠરવાથી સંવર છે.
(૮) પાપ ખપવાથી નિર્જરા રૂપ અવસ્થા થાય છે.
(૯) સ્વભાવમાં પૂર્ણપણે ઠરવાથી પૂર્ણ નિર્મળદશા પ્રગટ થાય છે તે મોક્ષ છે.

આત્માને ત્વરિત જાગૃતિમાં લાવી દે તેવા તત્ત્વો-ભાવોને એકદમ સરલરૂપે વ્યકત કરીને પૂજ્ય સાહેબજીએ સર્વ ભવિજનો ઉપર અનહદ ઉપકાર કરેલ છે.

વર્તમાનના ગીતાર્થ પૂજ્યો દ્વારા પણ પૂજ્ય સાહેબજીના આ ચિંતનો માટે પ્રેરણા આવે છે કે 'તમો આ ડાયરીઓને દરેક જ્ઞાનભંડારમાં મોકલો. આ ગ્રંથો તો પૂજ્યપાદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનાં ગ્રંથોની જેમ ભવિષ્યમાં જગતને આત્મગમ્ય દિશા બતાવનાર ધ્રુવતારક સમ બની રહેશે.'

હા, જ્યારથી પૂજ્ય સાહેબજીનાં પત્રો કે ડાયરીઓનું સંપાદન-સંકલન ચાલુ થયું છે, ત્યારથી આ કાર્ય સાથે સંકળાયેલ દરેકને કંઈક અનેરા જ ભાવો અનુભવાય છે.

આ ડાયરીઓ ઉત્કૃષ્ટ સ્વરૂપે સંવારી, પ્રકાશિત કરવામાં નવકારના પરમ આરાધક રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈનાં પુત્રવધુ **ભારતીબેન દિપકભાઈ મહેતા**ને ઝાઝેરાં અભિનંદન. વળી કૃતિની ઉત્તમોત્તમ સંકલના કરાવવા વર્ષો પર્યંત અખંડ-ટકાઉ રહે તેવા પરદેશનાં કાગળો ઉપર મુદ્રિત કરાવી, સુસ્થિત બાંધણી કરાવવા અર્થે પોતાની ગુરુભકિત દાખવવા દ્વારા **શ્રાવકરત્ન સી.કે.મહેતા**નું આ અપૂર્વ અર્થયોગદાન ચિરસ્મરણીય બની રહેશે.

પૂજ્ય ગુરુદેવને અંતરથી વંદનાપૂર્વક કહેવાનું મન થાય છે કેઃ સાહેબજી, આપે સ્વ માટે કરેલું ચિંતન અમ સમ અનેક બાળજીવો માટે તો જીવન જીવવાનું રસાયણ બની રહ્યું છે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

૦૧.૦૪.૨૦૧૮
હાલાર તીર્થ, આરાધનાધામ.



# મારા ગુરુમહારાજનું શાંત સરોવર સમું સ્મિત...

શણગારેલા હાથીની સોનાની અંબાડી ઉપર શ્રુતવારસાનાં આ રત્નજડિત ખજાનાને મૂકીને રથયાત્રા પ્રયોજવાનું થાય છે મન. આ હસ્તાક્ષરોને આલેખનાર મારા ગુરુમહારાજની આજાનબાહુ સહિતની ભવ્ય-રમ્ય-સૌમ્ય-દિવ્ય છબિ ઉજાગર કરું છું, ત્યારે તેઓનું સહજ આધ્યાત્મિક અનુસંધાન, જીવમાત્ર પરત્વેનું સમસંધાન અને શ્રી નમસ્કાર મહામંત્રનું અવિરત મનોસંધાન મારી સ્મૃતિમાં લહેરાયા કરે છે.

પરિઘથી કેન્દ્ર તરફ લઈ જવા માટે આજે તેઓ આપણા સૌ ઉપર જાણે શાંત સરોવર સમું સ્મિત કરતાં નિરાસકતભાવે કરૂણા કરી રહ્યા હોય તેવી અનુભૂતિ થાય છે.

૭૧ પેઢી તરી જાય તેવો આ કાર્યનો મહાલાભ મળ્યો છે, તેથી મારા આંતરજગતમાં રોજેરોજ અજવાળાનાં નવા-નવા ચાંદરણા ભેટ મળે છે. 'પારસમણિ' સમા મારા ગુરુમહારાજનાં આ હસ્તાક્ષરોનું તેજ સૈકાઓ સુધી અજવાસિત થતું રહે.

આ ગ્રંથોના પ્રકાશનનો નિર્ણય લેવા તથા મુજ ભાગ્યશાળીને તેમાં યત્કિંચિત પણ સમન્વિત કરવા માટે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજનો આભારી છું.

૦૨.૦૪.૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





ૐ હ્રીં શ્રીં હ્રૈં વાગ્વાદિની ભગવતી
અર્હન્મુખ નિવાસિની સરસ્વતી મમાસ્યે પ્રકાશં
કુરુ કુરુ સ્વાહા હ્રૈં નમઃ ।

ૐ

નમો અરિહંતાણં ૧

નમો સિદ્ધાણં ૨

નમો આયરિયાણં ૩

નમો ઉવજ્ઝાયાણં ૪

નમો લોએ સવ્વ સાહૂણં ૫

એસો પંચ નમુક્કારો ૬

સવ્વ પાવપ્પણાસણો ૭

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઇ મંગલં ૮

'નમો અરિહંતાણં' સાત અક્ષરના આ મંત્રને
મોક્ષપ્રાપ્તિ માટે સર્વશિરોમણી મંત્ર કહ્યો છે.

## સાચા મંત્રોનો પ્રભાવ

સાચા મંત્રો દેવ, ગુરૂ અને આત્માની સાથે તથા બાહ્ય ભાવે મન, પવન અને આત્માની સાથે ઐક્ય સંધાન આપનાર હોવાથી, તે સર્વ અંતરાયોનું નિવારણ કરાવનારા તથા અંતરાત્મભાવની પ્રાપ્તિ કરાવનારા થાય છે. અંતરાત્મભાવ એટલે આત્મામાં, આત્મા વડે, આત્માની પ્રતીતિ કરવા માટે અથવા તો તેને દૃઢ બનાવવા માટે સાચા મંત્રનું આરાધન પરમ સહાયભૂત થાય છે. મંત્રના અક્ષરોનું ઉચ્ચારણ પ્રાણની ગતિને નિયમિત કરે છે. પ્રાણની ગતિની નિયમિતતા મનને કાબૂમાં લાવે છે. મનનો કાબૂ આત્માનું પ્રભુત્વ સ્થાપે છે.

મંત્રોના અર્થોનો સંબંધ દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વની સાથે હોય છે, તેથી દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વનો બોધ કરાવી તે દ્વારા શુદ્ધ આત્મતત્ત્વનું ભાન કરાવે છે.

મન ઉપર(આત્માનું) પ્રભુત્વ પ્રાપ્ત કરાવવાની ક્રિયા અને શુદ્ધ આત્મતત્ત્વનું ભાન-એ બંને વડે, અર્થાત્ સમ્યક્ક્રિયા, સમ્યગ્જ્ઞાન તથા તેની સાધનાનો

અભ્યાસ કરાવવા દ્વારા સતત મંત્રો અને તેની સાધના મોક્ષનાં અસાધારણ કારણ બને છે.

## મનોગુપ્તિ અને 'નમો' મંત્ર

નિત્ય નમસ્કારનો અભ્યાસ એ ભેદભાવની ઊંડી નદી ઉપર મજબૂત પુલ બાંધવાની ક્રિયા છે.

'નમો' પદને સેતુ કહેલ છે.

'નમો' પદરૂપી સેતુનો આશ્રય લેવાથી ભેદભાવરૂપી નદીનું ઉલ્લંઘન થાય છે અને અભેદભાવના કિનારા ઉપર પહોંચી જવાય છે.

પછી તેને ડૂબી જવાનો ભય રહેતો નથી.

ભેદભાવને મિટાવી અભેદભાવ સુધી પહોંચવાનું કાર્ય 'નમો' પદરૂપી સેતુની આરાધનાથી થાય છે. તેને મંત્રશાસ્ત્રો અમાત્ર પદે પહોંચાડનાર 'અર્ધમાત્રા' પણ કહે છે. અડધી માત્રામાં સમગ્ર સંસાર સમાઈ જાય છે અને બાળ અડધી માત્રા સેતુ બનીને સંસારની પેલે પાર આત્માને લઈ જાય છે તથા સંકલ્પ-વિકલ્પથી મુક્ત કરાવીને નિર્વિકલ્પ અવસ્થા સુધી પહોંચાડે છે.

'નમો' પદ વડે 'મનોગુપ્તિ' સાધ્ય બને છે.

મનોગુપ્તિનું લક્ષણ બાંધતાં કહ્યું છે કે:

'विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितं।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥१॥'

<u>અર્થ</u>: કલ્પનાજાળથી મુક્તિ, સમત્વમાં સુસ્થિતિ અને આત્મભાવમાં પરિણતિ જેનાથી થાય તે મનોગુપ્તિ છે. મનોગુપ્તિના લક્ષણમાં મનના રક્ષણની પ્રથમ નિષેધાત્મક અને પછી વિધેયાત્મક એમ બંને બાજુ બતાવી છે. 'વિમુક્તકલ્પનાજાલં' નિષેધાત્મક બાજુ છે અને 'સમત્વે સુપ્રતિષ્ઠિતં' તથા 'આત્મારામં મનઃ' એ વિધેયાત્મક બાજુ છે.

આ નમસ્કારમંત્રના જાપમાં બહુ ઉભયનો સમન્વય છે. જે કાર્ય મનોગુપ્તિ વડે સાધ્ય છે, તે જ કાર્ય 'નમો' મંત્રની આરાધના વડે થાય છે. તેથી મનોગુપ્તિ અને 'નમો' મંત્ર એક જ કાર્યની સિદ્ધિ કરનાર હોવાથી એ બંને અંશમાં પરસ્પર પૂરક બની જાય છે.

<u>સમર્થનું શરણ</u>

નમસ્કાર, વંદન અથવા પ્રણામ - એ સર્વે દૈન્ય-ભાવનાના પ્રતીક છે. જે સર્વ ઐશ્વર્યસંપન્ન છે અને સર્વનું ત્રાણ-રક્ષણ કરવાને સમર્થ છે, તેનો આશ્રય લેવા માટે તથા પોતાની દીનતા અને સાધનહીનતાને

પ્રગટ કરવા માટે 'મામેવ' પદનું ઉચ્ચારણ છે. સામર્થ્યનું શરણ જે ગ્રહણ કરે, તે જ દુસ્તર અને દુરત્યય-દુઃખે તરી શકાય અને દુઃખે જેનો અંત લાવી શકાય એવી સંસારની માયાને તરી શકે છે.

અન્યત્ર પણ કહ્યું છે કે:

'દૈવી હ્યેષા ગુણમયી, મમ માયા દુરત્યયા ।
મામેવ પ્રતિપદ્યન્તે, માયામેતાં તરન્તિ તે ॥૧॥'

અર્થાત્ દૈવી અને ગુણમયી એવી આ
મારી માયા દુરત્યય છે. મારું જે શરણ સ્વીકારે છે,
તે આ માયાને તરી જાય છે.

જેમ વરસાદનું પાણી સર્વત્ર પડે છે, પરંતુ તે ટકે છે નીચાણવાળાં સ્થળોમાં પણ ઉંચા પર્વતો ઉપર નહિ. તે રીતે પ્રભુની કૃપા સર્વત્ર છે, પણ તેની અભિવ્યક્તિ જ્યાં દૈન્ય અને વિનમ્રતા છે ત્યાં જ થાય છે, પરન્તુ અહંકાર-અભિમાનાદિ પર્વતીય સ્થળોમાં નહિ.

જ્યાં દૈન્યબુદ્ધિ સંયુક્ત જ્યાં સુધી થાય નહિ,
ત્યાં સુધી તેને ભગવત્પ્રાપ્તિ અશક્ય છે.
ભક્તિ, પ્રીતિ, અનુરાગ કે પ્રેમસાધનામાં
દૈન્યની જ એક પ્રધાનતા છે. કહ્યું છે કે:

'પીનોઽહં પાપપઙ્કેન, હીનોઽહં ગુણસંપદા ।
દીનોઽહં તાવકીનોઽહં, મીનોઽહં ત્વદ્ગુણામ્બુધૌ ॥૬॥'

<u>અર્થાત્</u>: હું પાપરૂપી પંકથી પીન છું (પુષ્ટ છું),
ગુણસંપત્તિથી હીન છું, દીન છું, છતાં હે ભગવાન!
હું તારો છું અને તારા ગુણસમુદ્રમાં મગ્ન છું.

મોક્ષમાર્ગમાં કૃપા એ મુખ્ય છે. એકલું પ્રયત્નનું બળ કે એકલા પ્રયત્નની સાધના ત્યાં કામ આવી શકતી નથી.

નખેથી જેમ પર્વત ભેદી શકાય નહિ પણ તે ઇન્દ્ર-વજ્રથી ભેદાય છે, તેમ પાપરૂપી પર્વતોને ભેદવા માટે ભક્તિરૂપી વજ્ર જોઈએ. તેની પ્રાપ્તિ નમ્રભાવને આધીન છે. તે નમ્રભાવ 'નમો' મંત્ર વડે સાધ્ય થાય છે.

## શ્રદ્ધા અને ભક્તિ

સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, જ્ઞાનનું મૂળ ભક્તિ છે અને ભક્તિનું મૂળ ભગવાન છે.

ભગવાનની શક્તિ ભક્તના હૃદયમાં અખૂટ ભક્તિ પેદા કરે છે. ભક્તિ વડે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે આત્મજ્ઞાન શ્રદ્ધાને પેદા કરે છે. શ્રદ્ધા એ ક્રિયામાં પ્રેરે છે. તેથી શ્રદ્ધા એ બુદ્ધિતંત્ર છે અને ભક્તિ એ વસ્તુતંત્ર છે. ભક્તિમાં પ્રેરક વસ્તુની વિશેષતા છે. શ્રદ્ધામાં

પ્રેર્ય પુરુષની વિશેષતા છે. નિમિત્તની વિશેષતા એ ભક્તિપ્રેરક છે. ઉપાદાનની વિશેષતા એ શ્રદ્ધાળુતા છે. ભક્તિ એ આરાધ્યમાં રહેલ આરાધ્યત્વના ભાનની અપેક્ષા રાખે છે. શ્રદ્ધા એ ક્રિયા અને તેના ફળમાં વિશ્વાસની અપેક્ષા રાખે છે. એ વિશ્વાસ ક્રિયા કરનારની યોગ્યતા ઉપર આધાર રાખે છે. જ્યારે શ્રદ્ધા અને ભક્તિ એકત્ર મળે, ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.

ભગવાનનો પ્રભાવ ચિંતવવાથી ભક્તિ જાગે છે અને ભક્તિનો પ્રભાવ ચિંતવવાથી શ્રદ્ધા જાગે છે. આજ્ઞાનું આરાધન શ્રદ્ધા અને ભક્તિ ઉભયની અપેક્ષા રાખે છે. આજ્ઞાકારક પ્રત્યે નિષ્ઠા તે ભક્તિ છે. આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા તે શ્રદ્ધા છે. ભક્તિમાં આજ્ઞાકારકનાં સામર્થ્યની પ્રતીતિ છે. શ્રદ્ધામાં આજ્ઞાપાલકની યોગ્યતાનું ભાન છે.

ભક્તનું સામર્થ્ય પ્રયત્નની એકનિષ્ઠામાં રહેલું છે. ભગવાનનું સામર્થ્ય તેઓની અચિંત્ય શક્તિમત્તામાં રહેલું છે. જો ભગવાનમાં અચિંત્ય સામર્થ્ય ન હોય, તો ભક્તનો પ્રયત્ન વિફળ છે. જો ભક્તનો પ્રયત્ન ન હોય, તો અચિંત્ય સામર્થ્ય પણ ભલું કરતું નથી.

'પ્રયત્ન ફળદાયી છે' એવી ખાત્રી તે શ્રદ્ધા છે. 'કૃપા

ફળદાયી છે' એટલા માત્રથી તે ભક્તિ છે. ક્રિયા એ ભગવાનના સામર્થ્યનો અને પ્રયત્ન એ ભક્તિની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે. ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે. 'ચાલ્યા વિના ઇષ્ટ સ્થાને પહોંચાય નહિ' એ શ્રદ્ધાસૂચક વાક્ય છે. 'ઇષ્ટ સ્થળે પહોંચવા માટે જ ચાલવાની ક્રિયા થાય' એ ભક્તિ-સૂચક વાક્ય છે. ઇષ્ટ સ્થળમાં જો ઇષ્ટત્વની બુદ્ધિ ન હોય, તો ચાલવાની ક્રિયા થઈ જ કેમ શકે? અને ચાલવાની ક્રિયા વિના ઇષ્ટ સ્થળે પહોંચાય જ કેમ?

આત્મા એ મહિમાશાળી દ્રવ્ય છે, તેથી જ તેને ઓળખાવનાર પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિ ક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણમન પામે છે. આ નમસ્કારમંત્રમાં શ્રદ્ધા અને ભક્તિ બંને રહેલાં છે. શ્રદ્ધા નમસ્કારની ક્રિયા ઉપર અને ભક્તિ નમસ્કાર્યના પ્રભાવ ઉપર અવલંબે છે.

'आराध्यत्वेन ज्ञानं भक्तिः।'

અર્થાત્ ભક્તિ એક પ્રકારનું જ્ઞાન છે,

કે જેમાં આરાધ્ય તત્ત્વની વિશિષ્ટતાનું ગ્રહણ થાય છે.

'इदमित्थमेव।' 'अयमेव परमार्थः।'

શ્રદ્ધા: 'આ વસ્તુ આમ જ છે અથવા આ જ એક પરમાર્થ છે.' એ પ્રકારના જ્ઞાનને શ્રદ્ધા કહેવાય છે. તેમાં આરાધકની નિષ્ઠાનાં વખાણ છે.

## સાધ્ય અને સાધનામાં નિષ્ઠા

શ્રદ્ધા અને ભક્તિ આરાધકમાં હોવા જરૂરી છે, છતાં બંનેમાં જે તફાવત છે તે એના જ્ઞાનમાં છે. શ્રદ્ધાનું જ્ઞાન સાધનામાં નિષ્ઠા પેદા કરે છે, ભક્તિમાનનું જ્ઞાન સાધ્યમાં નિષ્ઠા પેદા કરે છે. સાધ્યની શ્રેષ્ઠતાનું જ્ઞાન ભક્તિવર્ધક બને છે, સાધનાની શ્રેષ્ઠતાનું જ્ઞાન શ્રદ્ધાવર્ધક બને છે. શ્રી નમસ્કારમંત્રમાં સાધ્ય સર્વશ્રેષ્ઠ હોવાથી તે સર્વોત્તમ ભક્તિનું ઉત્પાદક છે અને સાધન સર્વશ્રેષ્ઠ હોવાથી તે સર્વોત્તમ શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે.

સર્વોત્તમ શ્રદ્ધા અને સર્વોત્તમ ભક્તિથી થયેલી ક્રિયા સર્વોત્તમ ફળને આપે એ નિઃશંક છે.

ભક્તિ ઉત્પન્ન થવામાં પ્રમુખ અનુગ્રહ પ્રભુનો છે. એ અનુગ્રહ કરવાની શક્તિ ભગવાન અરિહંતમાં પૂર્ણ જ હોવાથી ભક્તને ભગવાન પ્રભુ જ એક સેવ્ય, આરાધ્ય અને ઉપાસ્ય છે, તેમ જ તેમની જ એક આજ્ઞા પાલન કરવા યોગ્ય છે, એવી નિષ્ઠા પ્રાપ્ત થાય છે

અને બીજું જ નામ ભક્તિ છે. આજ્ઞાનું પાલન પોતે જ કરવા યોગ્ય છે, એવી નિષ્ઠા તે શ્રદ્ધા છે. એવી શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થઈને જીવની મુક્તિરૂપી કાર્યસિદ્ધિ કરે છે.

આ બંને વસ્તુને પૂરી પાડનાર શ્રી નમસ્કારમંત્ર હોવાથી ભવ્ય જીવોને તે પ્રભુથી પણ પ્યારો છે અને પ્રત્યેક શ્વાસે સો વાર સંભારવા લાયક છે. તેથી મનનું રક્ષણ થાય છે, સંકલ્પ-વિકલ્પ છૂટી જાય છે, સમત્વભાવમાં સ્થિતિ પેદા થાય છે અને આત્મારામતા-આત્મસ્વરૂપમાં જ રમણતા કરવાનો અભ્યાસ પડે છે.

## ઋણમુક્તિનો મહામંત્ર

નમસ્કાર એ ઋણમુક્તિનો મંત્ર છે.

પોતાના માથે ઋણ છે એમ માનનાર વ્યક્તિ
આપોઆપ નમ્ર અને નિરહંકારી રહે છે.
પ્રત્યેક જન્મમાં બીજા ઉપર કરેલા ઉપકાર
અને બીજાના પોતા ઉપર થયેલા
ઉપકારને યાદ રાખનારો જ
સદા નમ્ર રહે છે અને ઉપકારના બદલામાં
પ્રત્યુપકાર કરવાની ભાવનાવાળો રહે છે.

પોતે કરેલા અપકારનો બદલો સમતાભાવથી સર્વ પ્રકારનાં કષ્ટસહનમાં રહેલો છે અને પોતા ઉપર થયેલા ઉપકારનો બદલો આત્મજ્ઞાનથી વળે છે.

આત્મજ્ઞાની ગુરુ શિષ્ય ઉપર જે ઉપકાર કરે છે, તે એટલો મોટો હોય છે કે તેના પ્રભાવ શિષ્યના ઉપર બીજાથી થયેલા બધા ઉપકારોનો બદલો વળી જાય છે.

દુઃખ અને કષ્ટ વખતે કર્મના વિપાકનું ચિન્તન કરવાથી સમતાભાવ અખંડ રહે છે અને તેથી બીજા ઉપર કરેલા અપકારોનું ઋણ ઉતરી જાય છે.

'નમો' મંત્ર અપકાર અને ઉપકાર બંનેનો બદલો એકી સાથે વાળી શકે છે.

તેનું કારણ

તેની પાછળ કર્મ-વિપાકનો પણ વિચાર છે અને આત્મજ્ઞાન પામવાનો પણ વિચાર છે.

કર્મવિપાકનો વિચાર સમતા દ્વારા સર્વપાપોનો નાશ કરે છે. આત્મજ્ઞાનનો વિચાર સર્વમંગલોનું કારણ બને છે.

ધર્મ માત્ર મંગલ છે. આત્મજ્ઞાન બધા ધર્મોનું ફળ છે. તેથી શ્રી અરિહંતાદિના નમસ્કાર વડે થતું આત્મજ્ઞાન એ સર્વમંગલોમાં પ્રધાન મંગલ છે અને અત્યંત વધતું મંગલ છે.

## નમ્રતા અને બહુમાન

જેમ કર્મથી બંધાયેલો છું, એ વિચાર જ નમ્રતાને લાવે છે, તેમ કર્મથી મુક્ત થયેલા પુરુષો પ્રત્યે અંતરથી થતું બહુમાન પણ નમ્રતાને લાવે છે.

કર્મનો વિચાર પાપનું પ્રાયશ્ચિત કરાવે છે.

ધર્મનો વિચાર ગુણનું બહુમાન બને છે.

'નમો' મંત્રમાં કર્મનો અનાદર છે અને ધર્મનો આદર છે. કર્મનો બંધ, કે જે જીવ ઉપર અપકાર કરવાથી થયો છે. તેનો સ્વીકાર છે અને ધર્મની પ્રાપ્તિ જે પરોપકારથી થાય છે, એનો પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર છે. પોતાને ધર્મ પમાડનાર જીવ છે, તેથી તે ઉપકારીને નમસ્કાર એ જ ધર્મવૃદ્ધિનો હેતુ છે, તેમ જીવ પ્રત્યે કરવામાં આવતો ઉપકાર પણ ધર્મની વૃદ્ધિ કરે છે. ધર્મને પામવા માટે પણ પરોપકાર અને ધર્મને કરવા માટે પણ પરોપકાર આવશ્યક છે.

એક બાજુ નમસ્કાર અપરાધને ખમાવવા માટે આવશ્યક છે અને બીજી બાજુ નમસ્કાર ઉપકારને સ્વીકારવા માટે આવશ્યક છે. ઉપકારનો સ્વીકાર અને અપરાધની ક્ષમાપના બંને એકી સાથે નમસ્કાર વડે થાય છે.

અધર્મથી છૂટવા માટે અને ફરીથી અધર્મ ન કરવા માટે પણ નમસ્કાર આવશ્યક છે.

આ નમસ્કારમંત્ર સર્વપાપોનો પ્રણાશક અને સર્વ-મંગલોનું મૂળ કહેવાય છે, તેનું કારણ તે પાપનાં પ્રાયશ્ચિત્તની બુદ્ધિથી પાપરહિત પુરુષોને નમનક્રિયા રૂપ છે.

પરાપકારથી રહિત અને પરોપકારથી સહિત એવા પુરુષોને પરાપકારથી રહિત અને પરોપકારથી સહિત થવાની બુદ્ધિથી જે નમસ્કાર કરવામાં આવે છે, તે ભાવનમસ્કાર છે. તે ભાવનમસ્કાર પાપનો પ્રણાશક અને મંગલવર્ધક બને છે. ભાવનમસ્કારમાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના રહેલી છે અને તે બંનેપૂર્વક આત્મજ્ઞાની પુરુષોની શરણાગતિ પણ રહેલી છે.

આત્મજ્ઞાની પુરુષોની શરણાગતિ આત્મજ્ઞાનને સુલભ બનાવે છે. આ નમસ્કારમંત્રમાં આત્મજ્ઞાન અને કર્મવિજ્ઞાન ઉભય એકી સાથે રહેલાં હોવાથી, તેમાં સર્વમંત્રશિરોમણિતા રહેલી છે. આ નમસ્કારમંત્રથી પાપનું પ્રાયશ્ચિત્ત થાય છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેથી તે એક જ મંત્રમાં આત્મકલ્યાણની સિદ્ધિ કરાવી આપનાર સર્વઅનુષ્ઠાનોનો સાર આવી જાય છે.

## અધિકારિતા અને યોગ્યતા

શ્રી નમસ્કારમંત્રનો જાપ અને તેની અર્થભાવના સર્વ અંતરાયોનું નિવારણ કરનાર થાય છે અને આત્મભાવનું કારણ બને છે, તેથી પાપભીરૂ અને આત્માર્થી એવા સર્વ ભવ્ય આત્માઓને તેનું નિરંતર સ્મરણ આનંદ આપનારું થાય છે.

તેના જાપક અને અર્થભાવકને હંમેશા માટે નિર્ભય અને નિશ્ચિંત બનાવે છે.

શ્રી નમસ્કારમંત્રજાપ તથા તેના અર્થની ભાવના માટે જે યોગ્યતા જોઈએ, તે નીચેના ગુણોને કેળવવાથી આવે:

(૧) ભક્તિ પરિણતિ (૩) ન્યાય માર્ગરતિ
(૨) વિશિષ્ટ નિપુણમતિ (૪) દૃઢ નિજ-વચન-સ્થિતિ.

મનુષ્યમાત્રમાં આ ચારે ય ગુણો અંશે અંશે રહેલા જ હોય છે. તેને અધિક ને અધિક વિકસાવતા રહેવાથી મહામંત્રની અધિકારિતા પ્રાપ્ત થાય છે.

ભક્તિ પરિણતિમાં
અક્ષુદ્રતા, મધ્યસ્થતા, અક્રૂરતા,
સૌમ્યતા, દયાળુતા, દાક્ષિણ્યતા,
વૃદ્ધાનુસારિતા અને વિનીતતા મુખ્ય છે.

નિપુણમતિમાં દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, કૃતજ્ઞતા, પરાર્થતા, લબ્ધલક્ષ્યતાદિ મુખ્ય છે. ન્યાયમાર્ગરતિમાં નિર્દંભતા, લજ્જાળુતા, પાપભીરુતા, ગુણરાગિતા વગેરે તેમ જ

દૃઢ-નિજ-વચનસ્થિતિમાં

લોકપ્રિયતા, સુપક્ષયુક્તતા વગેરે ગુણો મુખ્ય છે.

## ચૌદ પૂર્વનો સાર અભેદ નમસ્કાર

ચૌદ પૂર્વધરો પણ અંત સમયે આ નમસ્કારનું સ્મરણ કરે છે, તેથી નવકારને ચૌદ પૂર્વનો સાર કહ્યો છે.

નમસ્કાર એ દ્રવ્ય-ભાવસંકોચરૂપ છે. દ્રવ્યસંકોચ કાયા અને વચનનો છે. ભાવસંકોચ મનનો છે. દ્રવ્યસંકોચ દ્રવ્યનમસ્કાર રૂપ છે. ભાવસંકોચ ભાવનમસ્કાર રૂપ છે. ભાવનમસ્કાર, પરમાર્થનમસ્કાર અને તાત્ત્વિક નમસ્કાર એક જ અર્થને કહે છે. તાત્ત્વિક નમસ્કાર અભેદ-પ્રણિધાન રૂપ છે, તેથી અભેદ-પ્રણિધાન એ જ ચૌદ પૂર્વનો સાર છે એમ સિદ્ધ થાય છે.

નમસ્કાર્યની સાથે નમસ્કારકર્તાનો જે અભેદ-ચિન્તન, તેનું જે પ્રણિધાન, તે તાત્ત્વિક નમસ્કાર છે.

પરમાત્માને ઉદ્દેશીને પોતાના આત્માનું તાત્ત્વિક સ્વરૂપ જેમાં પ્રણિધાનનો વિષય બને છે, તે અભેદ

નમસ્કાર છે. તેમાં ધ્યાતા-ધ્યેય, ધ્યાનની સાથે ઐક્યતા
પામે તે છે અને ત્યારે તે આત્મા પોતે જ પરમાત્મ
સ્વરૂપ બની જાય છે. બધું ભણવાનો છેવટે પરમાત્મપદ
મેળવવાનું છે, એ જ સર્વ પ્રયોજનનું મૌલિકભૂત કે શ્રેષ્ઠ
પ્રયોજન છે અને સર્વ ક્રિયાઓનું સાફલ્ય પણ તેમાં છે.

જેમાં આત્મા લીન બને છે, તેમાં આત્મા તદ્રૂપ
બની જાય છે. પરમાત્મપદમાં તન્મયતાની વૃદ્ધિ થવાથી
આત્મા પરમાત્મસ્વરૂપ બની જાય છે. તેથી પરમાત્મ
સ્મરણ એ સકલ શાસ્ત્રમાં સારભૂત ગણાય છે.

આ નવકારમંત્રનું જે વિશિષ્ટમહત્ત્વ છે, તેનું એક
કારણ એમાં શબ્દરચના વિશિષ્ટ છે, તે પણ છે.

ઉપનિષદોમાં 'બ્રહ્મ'ને જ 'નમઃ' રૂપ માનીને
ઉપાસના કરી છે. આ અરિહંતાદિ પાંચેયને પણ 'નમઃ'
કે 'બ્રહ્મ' રૂપ માનીને જ્યારે ઉપાસના કરાય છે, ત્યારે
ઉપાસક તદ્રૂપ બની જાય છે. તેને જ સાચી અર્થ-
ભાવના કરી છે. તેથી ઉપાસકની બધી કામનાઓ વિલીન
થઈ જાય છે અથવા પૂર્ણ થઈ જાય છે. કહ્યું છે કે:

'तन्नम इत्युपासीत, नम्यन्तेऽस्मै कामाः।'

\- ઉપનિષદ

અથવા: 'નમ' એ પરમાત્માનું સાક્ષાત્ આકર્ષાત્મક નામ છે. અંતરંગ શત્રુઓને નમાવનાર હોવાથી પરમાત્મા 'નમો' સ્વરૂપ છે. અંતરંગ શત્રુઓને નમાવનાર પરમાત્માનું ધ્યાન જે જીવ કરે, તેનાં કામો અથવા કામનાઓ અને કામવિકારો શાંત થાય એ સ્વાભાવિક છે. વળી ગુરુની ઉપાસનાની પરીક્ષા ત્યારે જ ગણાય, કે જ્યારે તેઓના ધ્યાનાદિથી જીવનમાં એ ગુણો પ્રગટે અને વિરોધી દોષો શાંત થાય એ દૃષ્ટિએ 'નમ્યન્તેઽસ્મૈ કામાઃ।' એવું ઉપનિષદ વાક્ય પણ સંગત થાય છે.

'નમો' પદ વડે પરમાત્માની ઉપાસના થાય છે. એ વાત બીજી પણ અનેક રીતે સંગત થાય છે.

'નમો અરિહંતાણં' એ પદમાં નમસ્કારનો સ્વામી નિશ્ચયથી જીવ નમસ્કાર કરનારો બને છે, વ્યવહાર-નયથી નમસ્કારનું સ્વામિત્વ નમસ્કાર્ય એવા શ્રી અરિહંત પરમાત્માનું છે. તેથી નમસ્કારથી અભિન્ન એવા પરમાત્મા જ 'નમો' પદથી ઉપાસ્ય બને છે. એ રીતે પાંચે ય પરમેષ્ઠિઓ 'નમો' પદથી ઉપાસ્ય બને છે.

## દ્રવ્ય-ગુણ-પર્યાયથી નમસ્કાર

નમસ્કાર એ આત્મગુણ છે અને ગુણ-ગુણીનો

અભેદ છે. એ ન્યાયે નમસ્કાર એ આત્મદ્રવ્ય પણ છે. દ્રવ્ય એ પર્યાયનો આધાર છે. એ દૃષ્ટિએ નમસ્કાર એ આત્મદ્રવ્યનો શુભ પર્યાય પણ છે.

એ રીતે નમસ્કાર રૂપી આત્મદ્રવ્ય, નમસ્કાર રૂપી આત્મગુણ અને નમસ્કાર રૂપી આત્મપર્યાય દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ અને આધાર છે. અર્થાત્ નમસ્કાર એ સંસારસમુદ્રમાં દ્વીપ છે, અનર્થમાત્રનો ઘાતક છે, ભવભયનો ત્રાતા છે, ચારે ય ગતિનાં જીવોને આશ્રયસ્થાન અને ભવરૂપી કૂપમાં પડતાં જીવોને આલંબનભૂત છે.

આત્મદ્રવ્ય એ દ્વીપ છે, આત્મગુણ એ ત્રાણ, શરણ અને ગતિ છે તથા આત્મપર્યાય એ ભવકૂપમાં ડૂબતા જીવને આધાર છે અથવા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી આત્મા જ નમસ્કાર રૂપ છે. તેથી અંતતઃ ગુણપર્યાયના આધારભૂત આત્મદ્રવ્ય એ દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ અને આધાર છે. સહભાવ પર્યાયને ગુણ કહે છે, ક્રમભાવ અવસ્થાને પર્યાય કહે છે. નમસ્કાર આત્મગુણ પણ છે અને આત્મપર્યાય પણ છે.

ગુણપર્યાયનો આધાર દ્રવ્ય છે, તેથી આત્મદ્રવ્યરૂપ નમસ્કાર એ સંસારસાગરમાં દ્વીપ, સંસાર-અટવામાં

ત્રાણ, સંસાર-કારાગારમાં શરણ, સંસાર-અરણ્યમાં ગતિ, સંસાર-કૂપમાં આધાર, અવલંબન અને પ્રતિષ્ઠા છે.

## સમ્યગ્દૃષ્ટિ જીવોનો પ્રાણ

ધર્મના બે પ્રકાર: એક શ્રુતધર્મ - બીજો ચારિત્રધર્મ.

શ્રુતધર્મનું પ્રતીક નવકાર છે.

ચારિત્રધર્મનું પ્રતીક શ્રી સામાયિકસૂત્ર છે.

એકના અક્ષર ૬૮ - બીજાના ૮૬ છે.

દેશવિરતિ સામાયિકસૂત્રના અક્ષર ૭૬ છે.

નવકાર એ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વરૂપ તત્ત્વત્રયીને બતાવનાર છે. તેથી નવકારમાં નવતત્ત્વનું જ્ઞાન છે. દેવતત્ત્વ એ મોક્ષસ્વરૂપ છે, ગુરુતત્ત્વ એ મોક્ષમાર્ગરૂપ છે અને ધર્મતત્ત્વ એ મોક્ષને પામેલા અને મોક્ષમાર્ગ ઉપર રહેલા પુરુષોના બહુમાન સ્વરૂપ હોવાથી ધર્મતત્ત્વરૂપ છે.

દેવતત્ત્વનાં બહુમાનથી સંસારની હેયતા અને મોક્ષની ઉપાદેયતાનું જ્ઞાન થાય છે. ગુરુતત્ત્વના બહુમાનથી સંવર-નિર્જરારૂપ તત્ત્વની ઉપાદેયતા અને આશ્રવ-બંધતત્ત્વની હેયતાનું જ્ઞાન થાય છે. ધર્મતત્ત્વના બહુમાનથી પુણ્યતત્ત્વની ઉપાદેયતા અને પાપતત્ત્વની હેયતાનું જ્ઞાન થાય છે.

સમગ્ર નમસ્કાર જીવતત્ત્વની ઉપાદેયતાનો અને અજીવ તત્ત્વની હેયતાનો બોધ કરાવે છે. એ રીતે નમસ્કારમાં નવે ય તત્ત્વોનો હેયોપાદેયતા સહિત બોધ થાય છે.

નમસ્કારમાં હેયતત્ત્વોની હેયતાનું જ્ઞાન અને ઉપાદેય તત્ત્વોની ઉપાદેયતાનું જ્ઞાન આ રીતે થાય છે. પાપ, આશ્રવ અને બંધ હેય છે; પુણ્યાનુબંધી પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે; એવો સમ્યગ્ બોધ નમસ્કારના જ્ઞાનથી થતો હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવોને તે પ્રત્યક્ષરૂપ છે.

## પ્રકાશક જ્ઞાન અને સ્થૈર્યોત્પાદક ક્રિયા

ધર્મ એ મંગલ છે. ધર્મ મંગલ બે પ્રકારનું છે:

એક ક્રિયારૂપ, બીજું જ્ઞાનરૂપ.

જ્ઞાનરૂપ મંગલ વિના એકલું ક્રિયારૂપ મંગલ કે ક્રિયારૂપ મંગલ વિના એકલું જ્ઞાનરૂપ મંગલ મોક્ષમાર્ગ બની શકતું નથી.

દેવ, ગુરુ અને ધર્મરૂપી તત્ત્વત્રયી ઉપાસ્ય છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી તત્ત્વત્રયી સેવ્ય છે.

ઉપાસ્યતત્ત્વની ઉપાસના નમસ્કારશ્રુતરૂપી મંગલથી થાય છે, તેથી તે જ્ઞાનસ્વરૂપ છે.

એકત્વતત્ત્વની આરાધના એ સામાયિકસૂત્રની પ્રતિજ્ઞાથી થાય છે, તેથી તે ક્રિયા સ્વરૂપ છે.

મંત્રનો મંગલપાઠ થાય છે, ભાવની મંગલપ્રતિજ્ઞા થાય છે.

મંગલપાઠમાં જ્ઞાન મુખ્ય છે અને ક્રિયા ગૌણ છે.

મંગલ પ્રતિજ્ઞામાં ક્રિયા મુખ્ય છે - જ્ઞાન ગૌણ છે.

જ્યાં જ્ઞાન રહેલું છે, ત્યાં ગૌણપણે ક્રિયા પણ રહેલી છે.

જ્યાં ક્રિયા મુખ્ય છે ત્યાં ગૌણરૂપે જ્ઞાન પણ રહેલું છે.

નવકાર વડે પાપ નહિ કરવાની પ્રતિજ્ઞાનું બહુમાન થાય છે. સામાયિક વડે બહુમાનપૂર્વક પાપ નહિ કરવાની પ્રતિજ્ઞાનો સ્વીકાર થાય છે.

જ્ઞાનમાત્રનો મૂળ સ્રોત નવકાર છે.

ક્રિયામાત્રનો મૂળ સ્રોત કરેમિ ભંતે છે.

ક્રિયાનાં કારણો ત્રણ યોગ અને ત્રણ કરણ છે. તેનું નિયમન કરેમિ ભંતેની પ્રતિજ્ઞાથી થાય છે. સામાયિકમાં સાવદ્યત્યાગ અને નિરવદ્યસેવન પ્રતિજ્ઞાઓ ત્રણ કરણથી અને ત્રણ યોગથી લેવાય છે.

સાવદ્ય ક્રિયા અસ્થૈર્યનિષ્પાદક છે.

તેના ત્યાગની ક્રિયા આત્મામાં સ્થૈર્ય ઉત્પન્ન કરે છે.

જ્ઞાન પ્રકાશક છે. ક્રિયા સ્થૈર્યજનક છે. બંને મળીને

ॐ

આત્મસુખનું કારણ બને છે.

નવકાર દ્વારા નવતત્ત્વ, ષડ્દ્રવ્ય તથા આત્મ-અનાત્મતત્ત્વનું જ્ઞાન દૃઢ કરીને, સામાયિકની ક્રિયા દ્વારા તે જ્ઞાનનું સમ્યગ્ આચરણ કરી શકાય છે.

## નમ્રતા અને સૌમ્યતા

નમ્ર બનવાથી જ સલામતીપૂર્વક ઉંચાઈ ઉપર ચઢી શકે છે. નમ્રતા અને સૌમ્યતા રૂપી બે અશ્વોને નમસ્કારભાવ રૂપી રથમાં જોડીને મોક્ષમાર્ગના પ્રવાસની શરૂઆત થઈ શકે છે. જ્યાં નમસ્કારભાવ નથી, ત્યાં નમ્રતા નથી અને જ્યાં નમ્રતા નથી, ત્યાં સૌમ્યતા નથી. સૌમ્યતા એટલે સમભાવ. સમભાવ વિના કોઈ પણ સદ્ગુણનો સાચો વાસ આત્મામાં થઈ શકતો નથી.

આપણી દીનતા અને ત્રુટિઓની બેધડક કબૂલાત વિના નમસ્કારભાવની ઝાંખી પણ થઈ શકતી નથી. નમસ્કારભાવ વિનાની કોરી નમ્રતા અહંકારભાવની જનેતા છે અને તે ઠગારી નીવડે છે. નમસ્કારભાવ ત્રણે ય જગતનાં સ્વામિત્વનું બીજ છે.

શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી સિદ્ધ ભગવંતોની સઘળી ઋદ્ધિ-સિદ્ધિ અને આત્મસમૃદ્ધિ આ નમસ્કાર-

ભાવમાંથી જ પ્રગટ થયેલ છે.

નમસ્કારભાવનો એક અર્થ ક્ષમાયાચના છે. ક્ષમાયાચનાથી ચિત્ત પ્રસન્ન બને છે. અર્થાત્ ચિત્તમાંથી ખેદ, ઉદ્વેગ, વિષાદાદિ દોષો ચાલ્યા જાય છે.

નમસ્કારભાવનો બીજો અર્થ કૃતજ્ઞતા અને ઉદારતા છે. નમસ્કારભાવ વડે પરના ઉપકારનો સ્વીકાર કરાય છે અને પરને ગુણ કરવાની વૃત્તિ પેદા થાય છે. એમાં એકનું નામ કૃતજ્ઞતા છે, બીજાનું નામ ઉદારતા છે.

કૃતજ્ઞતાગુણ વડે અપાત્રતા દૂર થાય છે

ઉદારતાગુણ વડે પાત્રતા વિકાસ પામે છે.

જીવની અનાદિકાળની અયોગ્યતાને અર્થાત્ અપાત્રતાને શાસ્ત્રકારો 'સહજમલ'ના શબ્દથી સંબોધે છે. સહજમલના કારણે જીવ કર્મના સંબંધમાં આવે છે અને કર્મનો સંબંધ જીવને વિષયાભિમુખ બનાવે છે.

વિષયાભિમુખતા એ સ્વાર્થવૃત્તિનું જ બીજું નામ છે. નમસ્કારભાવ સ્વાર્થવૃત્તિનું ઉન્મૂલન કરે છે. જીવમાં છુપાયેલી યોગ્યતાને શાસ્ત્રકારો 'તથાભવ્યત્વ' શબ્દથી ઓળખાવે છે. એનો પરિપાક જીવને ધર્મની સાથે સંબંધ કરાવે છે.

નમસ્કારભાવ વડે તે જીવોના વિકસિત થાય છે અને
ધર્મ તથા ધર્માત્માઓ સાથે સંબંધ કરાવે છે.
ધર્મ તથા ધર્મી આત્માઓનો સંબંધ સમત્વભાવ કે
સૌજન્યતા ગુણને વિકસાવે છે. સમત્વભાવની વૃદ્ધિ
પરોપકારભાવને ઉત્તેજિત કરે છે.

પરસ્પર સહાય અને શુભેચ્છા વિના કોઈપણ
જીવની પ્રગતિ થઈ શકતી નથી. આ કાર્ય શત્રુતાથી નહિ
પણ મિત્રતાથી જ થઈ શકે છે. નમસ્કારભાવ એ મિત્રતા
કેળવવાનું અમોઘ સાધન છે.

નમવા માટે સરલ મિત્રો મળવા માટે, એ સનાતન
નિયમ છે. મિત્રો શુભેચ્છા લઈને જ આવે છે. અને
પરસ્પર શુભેચ્છાની વૃદ્ધિ થવાથી સૌહાર્દ ભાવ વિકસે
છે. આ બધાનું મૂળ નમસ્કારભાવ છે.

નમસ્કારભાવ કેળવવાનો મોટો મંત્ર 'નમો અરિહંતાણં' છે.
જેઓ ભાવથી એ મહામંત્રનું નિત્ય સ્મરણ કરે છે,
તેઓની અપાત્રતા નાશ પામે છે, પાત્રતા વિકસે છે,
કર્મનો સંબંધ ઘટે છે, ધર્મનો સંબંધ વધે છે, સ્વાર્થવૃત્તિ
ઘટે છે, પરાર્થવૃત્તિ વધે છે, ચિત્તની સંકુચિતતા નાશ
પામે છે, વિશાળતા વધે છે, તેમ જ પરિણામે કર્મક્ષય

થાય છે અને પરંપરાએ મોક્ષ મળે છે.

## 'નમો' પદથી શાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિ

વિષયોના રાગથી થતી અશાન્તિ 'નમો' પદના જાપથી ટળે છે. 'નમો' પદના જાપ વડે ક્ષુદ્ર વિષયોના રાગના સ્થાને પરમ પરમેષ્ઠિઓ પ્રત્યે રાગભાવ જાગે છે. પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિરાગ તે વિષયોના રાગથી ઉત્પન્ન થતી અશાન્તિને ટાળે છે અને શાન્તિને પમાડે છે. ભોજન વડે ભૂખ ભાંગવાની સાથે જ જેમ શરીરમાં આરોગ્ય અને બળનો અનુભવ થાય છે, તેમ 'નમો' પદના રટણથી વિષયાભિલાષ ટળવાની સાથે જ આત્માને તુષ્ટિ - પુષ્ટિ મળે છે.

'નમો' પદમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન - ત્રણે ય સાથે રહેલાં છે. ભક્તિ એટલે પ્રેમ, વૈરાગ્ય એટલે વિષયોથી વિમુખતા અને જ્ઞાન એટલે સ્વરૂપનો બોધ. સ્વરૂપના બોધથી બળ મળે છે, જે પુષ્ટિના સ્થાને છે. ભક્તિથી પ્રેમ જાગે છે, જે તુષ્ટિના સ્થાને છે અને વૈરાગ્યથી વિષયવિમુખતા થાય છે, જે શાન્તિ સ્વરૂપ છે.

'નમો' પદનો જાપ એ રીતે આધ્યાત્મિક 'શાન્તિ', આધ્યાત્મિક 'તુષ્ટિ' અને આધ્યાત્મિક 'પુષ્ટિ'નો હેતુ બને છે. 'નમો' પદનો જાપ ચંદનની જેમ 'શીતળતા', સાકરની

જેમ 'મધુરતા' અને કંચનની જેમ 'શુદ્ધતા' સમર્પે છે. શીતળતા શાન્તિકર છે, મધુરતા તુષ્ટિકર છે અને શુદ્ધતા પુષ્ટિકર છે. 'નમો' પદ વડે વિષયોમાં વિરસપણાની અને પરમેષ્ઠિઓમાં સરસપણાની ભાવના કેળવાય છે.

પંચ વિષયો એ જ સંસાર છે અને પંચ પરમેષ્ઠિઓ એ જ મોક્ષ છે. 'નમો' પદ વિષયોને ભૂલાવે છે અને નિર્વિષયી-નિર્વિકારી એવા આત્માનું સ્મરણ કરાવે છે. 'નમો' એ અનાત્મા કરતાં આત્માનું મૂલ્ય અધિક છે એમ સમજાવે છે. 'નમો' પદ વડે અનાત્મભાવની વિસ્મૃતિ અને આત્મભાવની સ્મૃતિ જાગે છે. મોક્ષમાર્ગમાં ભાવના અને ધ્યાન, રાગાદિ દોષોના ક્ષય માટે અતિ ઉપયોગી મનાયા છે.

'નમો અરિહંતાણં' મંત્રમાં 'નમો' પદ ભાવનાનું ઉત્પાદક છે અને 'અરિહંતાણં' પદ ધ્યાનનું સાધન છે.

વિષયોનો રસ ઘટાડવાનું કાર્ય 'નમો' પદની ભાવનાથી થાય છે અને આત્મરસ જગાડવાનું કાર્ય શ્રી અરિહંત પદના ધ્યાનથી થાય છે. વિષયોનું સ્મરણ અનાદિ અભ્યાસથી પોતાની મેળે થાય છે.

દેવ-ગુરુનું સ્મરણ અભ્યાસના બળથી સાધ્ય છે.

દેહ-ગેહના સ્મરણનો અભ્યાસ દૃઢ થયા પછી વિષયોનું સ્મરણ આપોઆપ ટળી જાય છે.

બહિરાત્મભાવમાં આત્મા ચાલ્યો જાય, તે એક પ્રકારનો આધ્યાત્મિક આપઘાત છે. તેનાથી જીવને બચાવી લેનાર શ્રી નમસ્કારમંત્રનો જાપ છે.

## ભાવ નમસ્કાર

'નમો અરિહંતાણં' અર્થાત્ - 'અરિહંતોને નમસ્કાર' એ પદનો તાત્પર્યાર્થ એ છે કે: હું અરિહંતોનો દાસ છું, પ્રેષ્ય છું, કિંકર છું અને સેવક છું. અરિહંતો મારા સ્વામી છે, નાથ છે, માલિક છે અને સત્તાધીશ છે. અરિહંતોના નિર્દેશને, અરિહંતોની આજ્ઞાને; અરિહંતોના કાર્યને અને અરિહંતોની સેવાને હું સ્વીકારું છું. તેઓની આજ્ઞાનું પાલન એ જ મારો પરમ ધર્મ છે, એમ હું માનું છું.

નમસ્કાર્યની આજ્ઞા મુજબ જીવનને જીવવું એ જ નમસ્કારકર્તાનો શુભ ભાવ છે. આજ્ઞાપાલનને પરમ કર્તવ્ય સમજનાર જ સાચો નમસ્કાર કરનારો ગણાય છે.

આજ્ઞાથી પરાઙ્મુખ વૃત્તિવાળાનો નમસ્કાર એ નામ નિક્ષેપે નમસ્કાર છે. આજ્ઞા ઉપરનો સાચો બહુમાનભાવ, એ ભાવનિક્ષેપે નમસ્કાર છે.

ભાવનમસ્કાર અને આજ્ઞાપાલનનો અધ્યવસાય એકાર્થક છે. નમવું, પરિણમવું અને તદાકાર થવું એ નમસ્કારનો ભાવાર્થ છે.

શ્રી અરિહંતોને વિષે એકચિત્ત થવું, તેઓને વિષે જ મન સ્થાપન કરવું, તેઓનું જ ધ્યાન અને તેઓને વિષે જ લેશ્યા, એ ભાવનમસ્કાર છે.

ભાવથી નમવું એટલે તદ્રૂપ થવું અને તદ્રૂપ પરિણમવું એટલે ત્રિકરણ યોગથી તેઓને જ સમર્પિત થવું. તન, મન અને ધન તેઓનાં જ કાર્યમાં વાપરવા, તેઓનું કાર્ય કરવું એમાં ત્રણેય લોકનું હિત છે. તે કાર્યને પોતાનું કાર્ય માનવું તેમ જ મન, વચન અને કાયાના યોગો તેમાં જ વાપરવા તે ભાવનમસ્કાર છે.

## ભાવનમસ્કાર અને આજ્ઞાયોગ

'નમો અરિહંતાણં'ના જાપથી શ્રી અરિહંતોની આજ્ઞાપાલનનો અધ્યવસાય જાગૃત થાય છે.

શ્રી અરિહંતોની આજ્ઞા એટલે જીવનિકાયનું હિત થાય એવું જીવન જીવવું તે. શ્રી અરિહંતોના નમસ્કારનું એ ફળ છે. આજ્ઞાપાલનનો અધ્યવસાય એટલે સમસ્ત જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ, સમસ્ત જીવરાશિના

ચિત્તનો અધ્યવસાય અર્થાત્ તે મુજબનું વચન.

પ્રભુની આજ્ઞા ઉપર પ્રીતિ ઉત્પન્ન થવામાં પ્રથમ કારણ આજ્ઞાભંગની ભીતિ છે અને આજ્ઞાભંગથી ઉત્પન્ન થતા દુષ્ટ વિપાકનું ચિંતવન છે. આજ્ઞાભંગની ભીતિ વડે પ્રીતિ ઉત્પન્ન થાય છે, પ્રીતિ પછી ભક્તિ જાગે છે અને તે પછી આજ્ઞાપાલનની રુચિ પ્રગટે છે. એ રુચિપૂર્વક જે અનુષ્ઠાન થાય તે વચનાનુષ્ઠાન કહેવાય છે અને તેના પરિપાકે અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. એ મુજબ ક્રમ છે.

અસંગાનુષ્ઠાન એ મોક્ષનું અનંતર કારણ છે. અસંગાનુષ્ઠાન નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ રૂપ છે. તે જ્ઞાનક્રિયાની અભેદ ભૂમિકા રૂપ છે, કેમકે તે શુદ્ધ ઉપયોગ અર્થાત્ શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્યભાવને ધારણ કરે છે.

અત્યંત પ્રીતિપૂર્વક થાય તે <u>પ્રીતિ અનુષ્ઠાન</u>,
આદરબહુમાનપૂર્વક થાય તે <u>ભક્તિ અનુષ્ઠાન</u>,
આગમને અનુસરીને થાય તે <u>વચનાનુષ્ઠાન</u>
તે અતિશય અભ્યાસથી આગમની અપેક્ષા વિના
જ સહજ ભાવે થાય તે <u>અસંગાનુષ્ઠાન</u> છે.

અસંગાનુષ્ઠાનમાં યોગ અને ઉપયોગની શુદ્ધિ
તેના પ્રકર્ષ પર્યંત પહોંચેલા હોય છે.

શ્રી અરિહંત ભગવંતો ઉપર પ્રીતિનો પરિણામ જો ષડ્જીવનિકાયના હિતની બુદ્ધિમાંથી પ્રગટેલ હોય, તો તે શુદ્ધ અને સ્થિર હોય છે.

ષડ્જીવનિકાયના હિતનો પરિણામ સૌ પ્રથમ ભવની ભીતિમાંથી જન્મે છે. તે પછી આત્મૌપમ્યભાવમાંથી જન્મે છે. શ્રી અરિહંતોની ભક્તિ દ્રવ્ય-ભાવ ઉભયથી હોય છે. તેમાં ભાવભક્તિ આજ્ઞાપાલન-સ્વરૂપ છે. તેથી ભાવભક્તિનું બીજ આજ્ઞાપાલનનો અધ્યવસાય છે. એ જ અધ્યવસાય ભાવનમસ્કારની પ્રાપ્તિ કરાવે છે.

ભાવનમસ્કાર અંતે સર્વ પાપવૃત્તિઓનો
નાશ કરી પરમ મંગલપદની પ્રાપ્તિ કરાવે છે.

## નમસ્કાર વડે ધ્યાનસિદ્ધિ

આજ્ઞાનું આરાધન મોક્ષ માટે થાય છે અને આજ્ઞાનું વિરાધન સંસાર માટે થાય છે. પ્રભુની આજ્ઞા આશ્રવોના
ત્યાગની અને સંવરોના સ્વીકારની છે.

જે જે ક્રિયાથી આત્મામાં કર્મ આવે તે આશ્રવ છે
અને આવતાં કર્મ રોકાય તે સંવર છે.

ભવનો અંત કે ભવનું ભ્રમણ પ્રભુને આધીન છે. અર્થાત્ કે પ્રભુની આજ્ઞાને આધીન છે. આજ્ઞાની આરાધના અને વિરાધના એ જ મોક્ષનું અને ભવનું કારણ છે. સંવરભાવ એ આજ્ઞાની આરાધના છે. સામાયિક એ સંવર છે અને નમસ્કાર એ સામાયિકનું સાધન છે, તેથી નમસ્કાર પણ સંવર છે.

સામાયિકથી અવિરતિ રૂપી આશ્રવનો સંવર થાય છે.
નમસ્કારથી મિથ્યાત્વ રૂપી આશ્રવનો સંવર થાય છે.
નમસ્કારમાં ભગવાનના સ્વરૂપનું ચિંતન થાય છે, તે નિશ્ચયથી નિજસ્વરૂપનું જ ચિંતન છે, આ જિનની પૂજા પરમાર્થથી નિજની પૂજા છે. કહ્યું છે કે:

'જિનવર પૂજા રે, તે નિજ પૂજના રે.'

ભગવત્સ્વરૂપનાં આલંબનથી આત્મધ્યાન સહજ બને છે. સમસ્ત દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે.
ધ્યાન વડે આત્મસ્વરૂપની સ્પર્શના થાય છે,
તેને 'સમાપત્તિ' કહે છે.

આ નમસ્કારમંત્ર વડે તે ધ્યાનની સિદ્ધિ થાય છે.
કહ્યું છે કે:

'આ નમસ્કારમંત્રેણ સકલધ્યાનસિદ્ધિઃ।'

## મંત્રસિદ્ધિ માટે અનિવાર્ય

પશુત્વ ભાવના લોકો પોતે જીવવા ઇચ્છે છે. મનુષ્યત્વ પામેલા લોકો બીજાને જીવાડવા ઇચ્છે છે અથવા 'પોતે જેમ જીવવાને ઇચ્છે છે, તેમ બધા પણ જીવવાને ઇચ્છે છે' એમ સમજીને બધાની સાથે આત્મતુલ્ય વ્યવહાર કરે છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન

એ જ તાત્ત્વિક પશુત્વ છે. તે જ ભાવશત્રુઓ છે.

તે ભાવશત્રુઓનો નાશ પોતાના આત્માની અને જગતના જીવોની શાન્તિ માટે અનિવાર્ય છે.

'मातृवत् परदारेषु।'

એ ભાવના કામ અને રાગને શમાવે છે.

'लोष्ठवत् परद्रव्येषु।'

એ ભાવના લોભ અને મોહને કાબૂમાં લાવે છે.

'आत्मवत् सर्वभूतेषु।'

એ ભાવના મદ, માન, ઈર્ષ્યા-અસૂયાદિ વિકારોને શમાવે છે.

શાસ્ત્ર કહે છે કે ક્રાન્ત, દાન્ત અને શાન્ત આત્માને જ કરેલી પ્રાર્થના ને મંત્ર ફલીભૂત થાય છે.

અહિંસાના પાલનથી ક્રોધ જિતાય છે - ક્ષાન્ત બનાય છે.
સંયમના પાલનથી કામ જિતાય છે - દાન્ત બનાય છે.
તપના સેવનથી લોભ જિતાય છે - શાન્ત થવાય છે.

<u>ભવિજનોનું કર્તવ્ય છે કે નીચેની 3 ભાવના ભાવવી:</u>

કામને જીતવા માટે 'માતૃવત્ પરદારેષુ'ની ભાવના.
લોભને જીતવા માટે 'લોષ્ઠવત્ પરદ્રવ્યેષુ'ની ભાવના.
ક્રોધને જીતવા માટે 'આત્મવત્ સર્વભૂતેષુ'ની ભાવના.
લોભને જીતનાર શાન્ત આત્મા જ સાચો તપસ્વી છે.
કામને જીતનાર દાન્ત આત્મા જ સાચો સંયમી છે.
ક્રોધને જીતનાર ક્ષાન્ત આત્મા જ સાચો અહિંસક છે.

મંત્રસિદ્ધિની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે
શાન્ત, દાન્ત અને ક્ષાન્ત
તે ત્રણે ય ગુણો મેળવવા જોઈએ.

<u>આત્મા એ જ નમસ્કાર</u>

મંત્રસાધનાનું મહત્ત્વ અર્થની દૃષ્ટિએ નહિ,
પણ ભાવની દૃષ્ટિએ છે.
'નમો' એ શ્રદ્ધાસૂચક છે,
'અરિહં' એ સર્વજ્ઞતાનું ભાન હોવાથી જ્ઞાનસૂચક છે,
'તાણં' એ મનનક્રિયારૂપ હોવાથી ચારિત્રસૂચક છે.

'નમો અરિહંતાણં' એ મંત્રનાં ત્રણ પદો એ રીતે રત્નત્રયી સૂચક છે. તે અનુક્રમે તત્ત્વરુચિ, તત્ત્વબોધ અને તત્ત્વરમણતારૂપ અર્થને જણાવે છે. એ અર્થભેદ રત્નત્રયીની દૃષ્ટિએ છે. અભેદ-રત્નત્રયીની દૃષ્ટિએ પણ તેનો અર્થ ઘટાવી શકાય છે.

'અર્હં' પદની વ્યાખ્યા કરતાં

'શ્રી સિદ્ધહેમબૃહદ્વૃત્તિ'માં કહ્યું છે કે: 'प्रणिधानं चाऽनेन सह आत्मनः सर्वतः संभेदः तदभिधेयेन चाऽभेदः। अयमेव हि तात्त्विको नमस्कार इति।'

'અર્હં' પદનું પ્રણિધાન 'સંભેદપ્રણિધાન' છે.

'અર્હં' વાચ્ય પરમાત્મસ્વરૂપનું પ્રણિધાન તે 'અભેદ-પ્રણિધાન' છે. આ અભેદપ્રણિધાન એ જ તાત્ત્વિક નમસ્કાર છે. અહીં 'एव'કાર વડે નમસ્કાર અને અરિહંતનો અભેદ સૂચિત કર્યો છે.

જેમ 'અર્હં'નું અભેદપ્રણિધાન તાત્ત્વિક નમસ્કાર છે, તેમ ત્રાણ પણ 'અરિહંત' પરમાત્મા જ છે.

એ રીતે 'નમો', 'અરિહં' અને 'તાણં' એ ત્રણે પદ એક જ અર્થને સૂચવનારાં બની જાય છે.

'અર્હં' વાચ્ય શ્રી અરિહંત પરમાત્માનો નમસ્કાર

અને તેથી ફલિત થયું ત્રાણ-શરણ એક જ આત્મામાં રહેલું છે. આત્મા સ્વયં જ 'અર્હં', આત્મા સ્વયં જ 'ત્રાણ' અને આત્મા સ્વયં જ 'નમો' - નમસ્કારરૂપ છે. બીજા શબ્દોમાં આત્મા સ્વયં જ જ્ઞાન, આત્મા સ્વયં જ દર્શન અને આત્મા સ્વયં જ ચારિત્ર - એમ અભેદ રત્નત્રયી પણ નમસ્કારના પ્રથમ પદમાં રહેલી છે.

## નમસ્કાર વડે વિશ્વનું પ્રભુત્વ

વિશ્વ ઉપર પ્રભુત્વ પાંચ સમવાયનું છે. પાંચ સમવાય એટલે પાંચ કારણોનો સમુદાય. પાંચ કારણોનાં નામ અનુક્રમે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષકાર. ચિત્તને સમત્વભાવની તાલીમ એ કારણવાદના તત્ત્વજ્ઞાનથી મળે છે. પાંચ કારણોનો સમવાય માનવાથી અહંકાર અને દીનતાદિ દોષોનો વિલોપ થઈ જાય છે.

એકલો દૈવવાદ માનવાથી દીનતા આવે છે.

એકલો પુરુષકારવાદ માનવાથી અહંકાર ઉત્પન્ન થાય છે.

એકલા નિયતિ, એકલો કાળ કે એકલો સ્વભાવવાદ માનવાથી સ્વચ્છંદતા પોષાય છે.

પાંચે ય કારણો મળીને કાર્ય બને છે, એમ માનવાથી એકેક વાદથી પોષાતા સ્વચ્છંદાદિ દોષોનો નિગ્રહ થાય

છે અને સારા-નરસા બનાવ વખતે ચિત્તનું સમત્વ ટકી રહે છે. જેમ જેમ સમત્વભાવ વિકસે છે, તેમ તેમ કર્મક્ષય વધતો જાય છે.

સમ્યક્ત્વ સમત્વભાવ રૂપ છે, માટે તેને 'સમકિત સામાયિક' કહેવાય છે. વિરતિ અધિક સમત્વસૂચક છે, તેથી તેને 'દેશવિરતિ' અને 'સર્વવિરતિ સામાયિક' કહે છે. અપ્રમાદ એથી પણ અધિક સમત્વસૂચક છે, એથી આગળ અકષાયતા, અયોગતાદિ ઉત્તરોત્તર અધિક સમત્વ રૂપ હોવાથી અધિક અધિક નિર્જરાના હેતુ છે.

વિશ્વ ઉપર પાંચ સમવાયનું પ્રભુત્વ છે, એટલે સમત્વભાવનું પ્રભુત્વ છે અને સમત્વભાવ ઉપર શ્રી અરિહંતાદિ ચારનું પ્રભુત્વ છે. કહ્યું છે કે:

કાળ સ્વભાવ ભવિતવ્યતા,
એ સઘળાં તુજ દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો,
એ મુજ સબળ વિશ્વાસો રે.

-પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ

શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રરૂપિત ધર્મ એ ચારના આલંબનથી શુભ ભાવ પ્રગટે છે. એ શુભ

લાભ પાંચ સમવાય ઉપર પ્રભુત્વ ધરાવે છે. તેથી વિશ્વના સાચા સ્વામી શ્રી અરિહંતાદિ ચાર છે. તેઓનો નમસ્કાર, નમસ્કાર કરનારને સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ અપાવે છે.

## પાંચે ય કારણો ઉપર શુભ ભાવનું પ્રભુત્વ

દુષ્કૃતગર્હા વડે સહજમલનો હ્રાસ થાય છે. સુકૃતાનુમોદના વડે તથાભવ્યત્વનો વિકાસ થાય છે. શરણાગમન વડે ઉભય સધાય છે, કેમકે જેનું શરણ ગ્રહણ થાય છે, તેઓનો સહજમલ સર્વથા નાશ પામ્યો છે અને તેઓનું તથાભવ્યત્વ પૂર્ણપણે વિકાસ પામ્યું છે. સહજમલ તે પરપુદ્ગલના સંબંધમાં આવવાની શક્તિ છે. દુષ્કૃત માત્ર તે શક્તિનું પરિણામ છે. તે શક્તિનું જોર જ્યારે ગળી જાય છે, ત્યારે પરના સંબંધમાં આવવાની ઇચ્છા માત્રનો વિલય થાય છે.

પરને આધીન એવા સુખને પામવાની ઇચ્છા નષ્ટ પામવાથી સ્વાધીન સુખ પામવાની જે ઇચ્છા વિકાસ પામે છે, તે જ તથાભવ્યત્વનો વિકાસ છે. સ્વાધીન સુખને પામેલાનું શરણ અચિંત્ય શક્તિશાળી છે. તે પરાધીન સુખની ઇચ્છાનો નાશ કરાવી, સ્વાધીન સુખની ઇચ્છાનો વિકાસ કરાવી, અંતે સ્વાધીન સુખને સંપૂર્ણપણે

પમાડીને જ જંપે છે.

અનાદિ નિગોદમાંથી જીવને બહાર કાઢનાર શ્રી સિદ્ધ ભગવંત છે. તેઓનું ઋણ પોતાને માથે ધારણ કરનાર તેઓના સુકૃતનું નિરંતર અનુમોદન કરે છે. તે ઋણ જ્યાં સુધી પોતે ચૂકવી શકતો નથી, ત્યાં સુધી પોતાના તે દુષ્કૃતની ગર્હા કરે છે.

શ્રી સિદ્ધ ભગવંતના ઉપકારરૂપી સુકૃતને અને સંસારમાં રહીને પોતે અનેકને અપકાર કરે છે, તે રૂપ દુષ્કૃતને જે નિરંતર યાદ કરે છે, તે સાચું સુકૃતાનુમોદન અને સાચું દુષ્કૃતગર્હા થાય છે.

ગર્હા સહજમલનો નાશ કરે છે અને અનુમોદન ભવ્યત્વનો પરિપાક કરે છે. તેના પ્રભાવે મુક્તિનાં પાંચે કારણો આવી મળે છે. તેથી પાંચે કારણો ઉપર પ્રભુત્વ શુભ ભાવનું છે.

## દ્વૈત અને અદ્વૈત નમસ્કાર

પરમેષ્ઠિ = પરમ ઉત્કૃષ્ટ સ્વરૂપમાં અવસ્થિત.
આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમભાવમાં છે.
તેમાં જ જેઓ સ્થિત છે - અવસ્થિત છે,
તેઓ 'પરમેષ્ઠિ' કહેવાય છે.

આ અરિહંત અને સિદ્ધ કેવળ પૂજ્ય છે, તેથી દેવતત્ત્વ છે.
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પૂજ્ય પણ છે
અને પૂજક પણ છે, તેથી ગુરુતત્ત્વ છે.

ધર્મનો આત્મા દેવ અને ગુરુતત્ત્વ છે. એ બન્ને તત્ત્વોની ભક્તિ તે ધર્મનો પ્રાણ છે. એ પ્રાણની રક્ષા કરનાર મંદિર, મૂર્તિ, પૂજાદિ ધર્મના દેહ અને વસ્ત્રાલંકાર છે.

મોટાઓની પાસે આપણી લઘુતા અને તેઓની ગુરુતા પ્રગટ થાય એવું વર્તન કરવું એનું નામ 'નમસ્કાર' છે.

તેના બે ભેદ છે: એક દ્વૈત અને બીજો અદ્વૈત.

જ્યાં સુધી વિશિષ્ટ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થઈ ન હોય, ત્યાં સુધી હું ઉપાસક અને તે ઉપાસ્ય, એવો દ્વૈતભાવ હોય છે, તે 'દ્વૈત નમસ્કાર' છે.

રાગ-દ્વેષના વિકલ્પોનો નાશ થઈ જવાથી, ચિત્તની એટલી બધી સ્થિરતા થઈ જાય છે, કે તેમાંથી દ્વૈતભાવ જ ચાલ્યો જાય, તે 'અદ્વૈત નમસ્કાર' છે.

તે સ્થિતિમાં પોતાની જાત જ ઉપાસ્ય બને છે અને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ ધ્યાન થયા કરે છે. દ્વૈત નમસ્કાર અદ્વૈત નમસ્કારનું સાધન માત્ર છે. સિદ્ધોનું સ્વરૂપ પરોક્ષ છે. તે સ્વરૂપને બતાવનાર અરિહંત છે,

તેમ જ વ્યવહારદ્રષ્ટિએ તેઓ પ્રથમ છે. એ રીતે પંચ-પરમેષ્ઠિઓનો ક્રમ પૂર્વાનુપૂર્વીથી છે, એમ સાબિત થાય છે.

## જપની ક્રિયા ઈષ્ટફલા છે

જપની ક્રિયા ઈષ્ટફલા-પ્રત્યક્ષ ફળ આપનારી છે. મંત્રશક્તિ કોઈ દિવસ પણ ખોટી પડતી નથી. જેમ વિજળીના પ્રવાહ (Current)માં વિજળીનું સામર્થ્ય ગુપ્ત રીતે રહેલું છે, તેમ મંત્રમાં તેના દેવતાનું દિવ્ય સામર્થ્યનું તેજ ગુપ્ત રીતે રહેલું છે. અનુકૂળ દ્યોતન દ્વારા તેને પ્રકટાવી શકાય છે. સાધકના આત્માને દિવ્યતા આપાવે તે દેવ. દેવતા, ઋષિ, છંદ તથા વિનિયોગ, મંત્રની આ ચાર વસ્તુઓ અગત્યની છે.

જપને 'યજ્ઞ' પણ કહે છે. જપયજ્ઞમાં હોમવાનો પદાર્થ અહંકારભાવ છે. અહંકારભાવના કારણે જ જીવનું શિવ સ્વરૂપ વિસારે પડ્યું છે. આત્મા રૂપી દેવની આગળ જીવનો અહંકારભાવ ધરી દેવાનો છે. આ ક્રિયા જ ચિત્ત-પ્રસાદને પ્રગટાવે છે. મંત્રજાપ સાથે મંત્રદેવતાનું અને તે મંત્ર આપનાર સદ્ગુરુનું ધ્યાન સ્મરણમાં રહેવું જોઈએ.

'નમઃ' શબ્દનું ઉચ્ચારણ થતાંની સાથે જ મન, વચન અને શરીર ઈષ્ટને સોંપાઈ જવાં જોઈએ. તે અહીં ય

ઉપરથી મારાપણાનું અભિમાન છૂટી જવું જોઈએ. આ અભિમાન જેમ જેમ છૂટે છે, તેમ તેમ મંત્રદેવતા સાથે એકતા સધાય છે. જેટલા અક્ષરનો મંત્ર હોય, તેટલા લાખ જાપ કરવાથી એક પુરશ્ચરણ થાય છે. ઉપાસ્ય દેવતાના સાક્ષાત્કાર માટે આવા પુરશ્ચરણોની ખાસ જરૂર હોય છે.

પુરશ્ચરણ વખતે ઉપાસકની અનેક પ્રકારની કસોટી થાય છે. તે વખતે ક્ષોભ ન પામતાં ધૈર્ય ધારણ કરનારને મંત્ર સાક્ષાત્કાર થાય છે.

## જાત ઉપર કાબૂ મેળવવાનો મહામંત્ર

વિશ્વ ઉપર કાબૂ મેળવવા માટે પોતાની જાત ઉપર કાબૂ મેળવવો જોઈએ. પોતાની જાત ઉપર કાબૂ મેળવવા માટે પોતાની પાંચેય ઈંદ્રિયો અને છઠ્ઠું મન. તેના ઉપર કાબૂ મેળવવો જોઈએ.

ઈંદ્રિયો અને મન ઉપર કાબૂ ત્યારે જ આવે કે જ્યારે તેમાં વિલસી રહેલું ચૈતન્ય તેથી જુદું છે અને પોતાની શક્તિ વડે તે બધાનું સંચાલન કરી રહેલું છે, એવો બોધ સ્પષ્ટ થાય. 'જે ખાતો નથી અને ખવડાવે છે, જે પીતો નથી અને પીવડાવે છે, જે સૂતો નથી અને સુવડાવે છે, જે પહેરતો નથી અને પહેરાવે છે,

જે ઓઢતો નથી અને ઓઢાડે છે, જે બેસતો નથી અને બેસાડે છે, જે ઉડતો નથી અને ઉડાડે છે, જે ચાલતો નથી અને ચલાવે છે, જે જોતો નથી અને દેખાડે છે, જે સાંભળતો નથી અને સાંભળાવે છે, જે આપણે ભૂલી જઈએ છીએ છતાં જે કદી આપણને ભૂલતો નથી, જે બધા ઇંદ્રિયોમાં અને મનમાં ચૈતન્ય પુરું પાડે છે અને છતાં તે બધાથી પર છે, તે જ ધ્યેય છે, તે જ ઉપાસ્ય છે અને તે જ આરાધ્ય છે, તે જ જીવનમાં મંગલ, ઉત્તમ અને શરણ છે, તે જ સ્મરણ, સ્તુતિ અને ધ્યાન કરવા યોગ્ય છે' એવો નિશ્ચય જ્યારે દૃઢ થાય છે, ત્યારે પાંચે ય ઇંદ્રિયો અને મન ઉપર તથા પોતાની સમગ્ર જાત-જાત ઉપર કાબૂ મેળવે છે.

મહામંત્રની ઉપાસનામાં પરમ ધ્યેય તરીકે તે પરમતત્ત્વની જ એક ઉપાસના વિવિધ રીતે થાય છે. તેથી તેનો જાપ અને સ્મરણ સતત કરવા યોગ્ય છે.

'નમો' પદ વડે પરમાત્માની નજીક જવાય છે.

'अरिहं' પદ વડે પરમાત્મા પકડમાં આવે છે.

'તાણં' પદ વડે પરમાત્મામાં એકરૂપતાની બુદ્ધિ થાય છે.

આ સમગ્ર ત્રણે ય પદ વડે અને તેના અર્થભાવના વડે

પરમાત્માની સાથે એકત્વ-અભેદનો અનુભવ થાય છે. તેથી 'નમો અરિહંતાણં' એ મહામંત્ર છે. મંત્રનો જાપ સ્થિર ચિત્તથી, સ્વસ્થ ગતિથી અને મંત્રાર્થચિંતનપૂર્વક થવો જોઈએ. મંત્ર, મંત્રદેવતા અને મંત્રદાતા ગુરુમાં દૃઢ શ્રદ્ધા, એ સાધનાનાં ત્રણ ચરણો છે. જો એક પણ ચરણનો ભંગ થાય, તો સાધના પંગુ બને છે અને અસફળ થાય છે.

'નમો' પદ વડે ઔદયિક ભાવનો નિષેધ
ત્યાં સુધી કરવો, કે
એક પણ નિષેધ કરવા યોગ્ય પરભાવ બાકી ન રહે.
પછી જે રહે તે જ આત્મા છે,
અરિહંત છે અને શુદ્ધ સ્વરૂપવાળા પરમાત્મા છે.

## સમતા સામાયિકની સિદ્ધિ

સમ્યગ્દૃષ્ટિ જીવોને વિશ્વની વિવિધતા અને વિચિત્રતા સંવેગ અને વૈરાગ્યની વૃદ્ધિ માટે થાય છે, તથા અહિંસા, સંયમ, તપ સ્વરૂપી ધર્મના પાલનમાં ઉપકારક થાય છે. જીવોની કર્મકૃત વિચિત્રતાઓને મૈત્ર્યાદિભાવો વડે સહવા તે અહિંસાનું પાલન છે અને પોતાને પ્રાપ્ત થતી સુખ-દુઃખ આદિ વિવિધ અવસ્થાઓને સમભાવે વેઠવા, તે અનુક્રમે સંયમ અને તપનું પાલન છે.

તપધર્મને વિકસાવવા માટે દુઃખની પણ ઉપયોગીતા છે. સંયમધર્મને વિકસાવવા માટે સુખની પણ ઉપયોગીતા છે. અહિંસાને આરાધવા માટે જીવોની વિવિધતાની પણ ઉપયોગીતા છે. જીવોને સહવા તે અહિંસા છે, સુખોને સહવા તે સંયમ છે અને દુઃખોને સહવા તે તપ છે.

જીવોને સહવા શત્રુ, મિત્ર કે ઉદાસીન પ્રત્યે ક્ષમાભાવ.

સુખોને સહવા એટલે સુખ પ્રતિ વિરક્ત રહેવું.

દુઃખોને સહવા એટલે દુઃખ પ્રતિ અદીન રહેવું.

જીવોની વિવિધતામાં એકતાનું ભાન અહિંસાને વિકસાવે છે.

સુખોમાં દુઃખજનકતાનું ભાન સંયમને વિકસાવે છે.

દુઃખોમાં સુખજનકતાનું ભાન તપગુણને વિકસાવે છે.

દુઃખ માત્ર જો સમજપૂર્વક વેદવામાં આવે, તો સુખનું જનક છે. સુખ માત્ર જો સમજ વિના વેદવામાં આવે, તો દુઃખનું જનક છે.

જીવમાત્ર સત્તાએ શિવ છે. ચૈતન્ય સામાન્યથી જીવોમાં એકતાનું ભાન સમત્વ વિકસાવે છે. દ્રવ્ય સામાન્યથી સુખ-દુઃખમાં અભિન્ન એક આત્માનું ભાન સમતાભાવનું કારણ બને છે. સમાનભાવને અભ્યાસ કરવાથી સમતા સામાયિકની સિદ્ધિ થાય છે.

ધર્મ ચિંતાની સમાન વૃત્તિમાં છે. અહિંસા, સંયમ, તપ વગેરેની ક્રિયા ચિત્તવૃત્તિને એક જ આલંબનમાં ટકાવી રાખવાનું સાધન છે. મંત્રજાપની ક્રિયા પણ મનોગુપ્તિનું - મનના રક્ષણનું સાધન છે. મનોગુપ્તિ એ મોક્ષનું સાધન છે. મંત્રથી બંધાયેલું મન મનોગુપ્તિનું સાધન બનીને મોક્ષનું સાધન બને છે. જપ વડે ભગવાનનું પ્રણિધાન થાય છે.

## સર્વશ્રેષ્ઠ જપયજ્ઞ

જપ વડે ભગવાનનું પ્રણિધાન થાય છે. ભગવાનના નામનો જાપ કરવાથી બાહ્ય વ્યાપારોનો નિરોધ થાય છે. શબ્દાદિ બાહ્ય વ્યાપારો રોકાઈ જવાથી આંતરજ્યોતિ પ્રગટ થાય, તેને 'પ્રત્યક્-ચૈતન્ય' કહે છે. રાગાદિદુર્ગુણોની વિશુદ્ધિ થાય, તેથી ભક્તિ-શ્રદ્ધામાં ઉત્તરોત્તર વધારો થાય છે.

શાસ્ત્રોમાં વિશિષ્ટ ગુણવાન પુરુષોના પ્રણિધાનથી મહાફળ થવાનું કહ્યું છે, તે વાત ભગવાનના નામનો જાપ કરવાથી પ્રત્યક્ષ અનુભવાય છે. તે જાપ વડે પાપનાશનું સ્વાભાવિક કાર્ય થવું જ હોય છે. પછી તે જાપ યોગ્ય ચિત્તે હોય કે અયોગ્ય ચિત્તે, કિન્તુ અતીન્દ્રિય શાન્તિ અને અલૌકિક આનંદનો અનુભવ તો યોગ્ય ચિત્તે થતાં જાપ વડે જ અનુભવાય છે. ઉપર્યુક્ત અર્થને જ નીચેના શ્લોકો કહે છે કે:

एवं च प्रणवेनैतत्, जपात् प्रत्यूहसंक्षयः।
प्रत्यक्चैतन्यलाभश्च, इत्युक्तं केवलं पतञ्जलेः ॥१॥
रजस्तमोमयादोषा - द्विक्षेपाच्चेतसो क्षणी।
सोपक्रमा जपान्नाशं, यान्ति शक्तिहति परे ॥२॥
प्रत्यक्चैतन्यमप्यस्मा - दन्तर्ज्योतिःप्रकाशनम्।
बहिर्व्यापाररोधेन, जायमानं मतं हि नः ॥३॥

-द्वात्रिंशद् द्वात्रिंशिका

અન્યત્ર પણ કહ્યું છે કે 'સરળતાથી જપી શકાય એવું ભગવાનનું નામ અને પોતાને વશવર્તી એવી જિહ્વા હોવા છતાં ઉપયોગ નહિ કરનાર લોકો ઘોર નરકમાં જાય છે. એ જોઈને જ્ઞાની પુરુષોને સખેદ આશ્ચર્ય થાય છે.'

योगातिशयतश्चायं, स्तोत्रकोटिगुणः स्मृतः।
योगदृष्ट्या बुधैर्दृष्टो, ध्यानविश्रामभूमिका ॥१॥

-द्वात्रिंशद् द्वात्रिंशिका

અર્થ: યોગાચાર્યોએ પ્રભુના જાપને સ્તોત્ર કરતાં પણ કોટિગુણા ફળવાળો કહ્યો છે, એટલું જ નહિ, પરન્તુ જાપને ધ્યાનની વિશ્રાન્તિરૂપ ભૂમિકા પણ કહી છે.

બહારની પ્રસરી રહેલી વૃત્તિઓને ખેંચીને અંતરમાં સમાવવા સારુ જાપ જરૂરી છે. જપથી પ્રાણ અને શરીર

સમતોલ અવસ્થાને પામે છે. મન સ્થિર-શાન્ત થાય છે.
જપ બહિર્વૃત્તિઓનો નાશ કરે છે. તેથી કામનાવાળા જીવોની
કામનાની પૂર્તિ કરાવી અંતે તે નિષ્કામ બનાવે છે.

'નમો' મંત્ર મનને કલ્પનાજાળથી છોડાવી,
આત્મામાં પ્રતિષ્ઠિત કરી, અંતે આત્મનિષ્ઠ બનાવે છે.

જાપ કરનારે પ્રથમ આસન સિદ્ધ કરવું જોઈએ.

આસનથી દેહનું ચાંચલ્ય નાશ પામે છે.

ચાંચલ્ય રજોગુણ અને તમોગુણથી થાય છે.
તે નાશ પામતાં મન-પ્રાણનો નિગ્રહ સરળ બને છે.

'અરિહં' એ આત્માનો સંકેત અને 'નમો' એ
પ્રાણનો સંકેત છે. 'તાણં' પદ ઉભયની એકતાને જણાવનારું
ચિહ્ન છે. 'નમો' વડે પ્રાણ 'અરિહં'રૂપી આત્મામાં
જોડાય છે અને તેથી ત્રાણશક્તિ ઉત્પન્ન થાય છે.
ઇંદ્રિયોને વિષયોથી ઉપરામ(વિરામ) કરાવી આત્માને વિષે
રોકવાનું કાર્ય 'નમો' મંત્ર વડે સધાય છે. તેથી તેને સર્વ
પ્રકારના મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર તરીકેનું પણ સ્થાન મળે છે.

## નમસ્કાર વડે બોધિ અને નિરુપસર્ગ

'નમો' એટલે વંદન, પૂજન, સત્કાર અને સન્માન. તેના
પરિણામે બોધિ અને નિરુપસર્ગ અવસ્થા પ્રાપ્ત થાય છે.

'નમઈ' પદ નિરૂપસર્ગ પર્યંતના ભાવનો હેતુ છે, જે
નિર્વિઘ્ન શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાથી થાય છે.
શ્રદ્ધાદિ સાધનો ઉત્કટ ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય, સિદ્ધિનાં
સાધન બની નમસ્કાર દ્વારા નિરૂપસર્ગપદને એટલે કે
જન્મ-મરણાદિ ઉપસર્ગો નહિ એવું મોક્ષસ્થાન અપાવે છે.

વંદન એટલે અભિવાદન અને
મન, વચન તથા કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ.
પૂજન એટલે પુષ્પાદિ વડે સમ્યગ્ અભ્યર્ચન.
સત્કાર એટલે શ્રેષ્ઠ વસ્ત્રાલંકારાદિ વડે પૂજન.
સન્માન એટલે સ્તુતિ-સ્તોત્રાદિ વડે ગુણગાન.
તેના પરિણામે બોધિ એટલે જિનધર્મની પ્રાપ્તિ.
વંદન, પૂજન, સત્કાર, સન્માન આદિ જ્યારે
શ્રદ્ધા વડે થાય પણ બલાત્કારાદિ વડે નહિ,
મેધા વડે થાય પણ જડ ચિત્તથી નહિ,
ધૃતિથી થાય પણ આકુળવ્યાકુળતાથી નહિ,
ધારણાથી થાય પણ શૂન્યચિત્તે નહિ
તથા અનુપ્રેક્ષાપૂર્વક થાય પણ માત્ર ક્રિયારૂપે નહિ,
ત્યારે તે લાભરૂપ બને છે અને
બોધિ તથા નિરૂપસર્ગ અવસ્થાનું કારણ બને છે.

## નમસ્કારના પ્રથમ પદનો અર્થ

'अरिहं','अरहं','अरुहं'ને નમસ્કાર એ ત્રાણ-સ્વરૂપ છે.

'अरिहं' એ પ્રભુની ધર્મકાય અવસ્થાને કહે છે.
'अरहं' એ પ્રભુની કર્મકાય અવસ્થાને કહે છે.
'अरुहं' એ પ્રભુની તત્ત્વકાય અવસ્થાને કહે છે.

ધર્મકાય અવસ્થા જન્મને મિટાવનારી છે.
કર્મકાય અવસ્થા જીવનને મિટાવનારી છે.
તત્ત્વકાય અવસ્થા મરણને મિટાવનારી છે.

જન્મ, જીવન અને મરણ એ ત્રણેય અવસ્થાઓ ઉપર જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે તે 'अरिहं' છે.

સંસ્કૃતમાં 'अर्हं' શબ્દ ઉપરથી પ્રાકૃતમાં ત્રણ રૂપ બને છે. તે જ અનુક્રમે 'अरिहं', 'अरहं' અને 'अरुहं' છે. 'अर्हं' શબ્દબ્રહ્મ છે, તેથી પરબ્રહ્મનો વાચક છે. પરબ્રહ્મ ચૈતન્ય પર સામાન્યથી એકરૂપ છે. તેને નમસ્કાર એટલે તદ્રૂપ પરિણમન. તે પરિણમન નિર્વિકલ્પ-ચિન્માત્ર-સમાધિ રૂપ છે, તેથી તેમાં ભવનો બાધ થઈ જાય છે.

'अरिहं', 'अरहं' કે 'अरुहं' એ શબ્દો શુદ્ધ આત્મ-સ્વરૂપમાં બોધક હોવાથી શ્રુતસામાયિકની પ્રાપ્તિ કરાવે છે. જે સમ્યક્ત્વ સામાયિકની પ્રાપ્તિનું મુખ્ય કારણ છે.

આ અરિહંતોને ભાવથી થતો નમસ્કાર એ સમ્યક્ત્વ સામાયિક રૂપ છે, કેમકે તેમાં આત્મતત્ત્વની અભેદભાવે પ્રતીતિ છે. એ પ્રતીતિનું ફળ સર્વવિરતિ સામાયિક, અપ્રમત્ત ભાવ અને અકષાય ભાવની પ્રાપ્તિ કરાવી, પરંપરાએ સયોગી અને અયોગી કેવળ અવસ્થાને અપાવે છે. તેથી તેમાં સાધુનમસ્કાર અને સિદ્ધનમસ્કાર આવી જાય છે.

ભાવનમસ્કાર એ એક અપેક્ષાએ સંગ્રહનયનું સામાયિક છે. તેમાં સ્વરૂપાસ્તિત્વ અને સાદૃશ્યાસ્તિત્વ રૂપે આત્મતત્ત્વની એકતાનું ભાન થાય છે. એ ભાન અનાદિ અજ્ઞાન ગ્રંથિનો છેદ કરે છે. અનાદિ અજ્ઞાન ગ્રંથિનો છેદ થવાથી કુદેવ, કુગુરુ અને કુધર્મમાં સુદેવ, સુગુરુ અને સુધર્મની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી અને અનંતાનુબંધી કષાયજન્ય હિંસાદિ પાપસ્થાનોનું સેવન થતું નથી. વળી સુદેવ, સુગુરુ અને સુધર્મ તથા આ ત્રણ તત્ત્વોને માનનાર ચતુર્વિધ સંઘ અને સાધર્મિકોની ભક્તિમાં પ્રમાદ થતો નથી.

ચૈતન્ય પર સામાન્ય વડે આત્મતત્ત્વની એકતાનો બોધ થતો લૌકિક વૈર-વિરોધનો નાશ થાય છે, સમગ્ર જીવરાશિ ઉપર સ્નેહ-પરિણામની વૃદ્ધિ થાય છે,

ૐ

દાન, દયા, પરોપકારાદિ ગુણોનો વિકાસ સહજ બને છે, અલ્પકાળમાં મુક્તિનાં અનંત સુખનો લાભ થાય છે. આ બધો લાભ શ્રી નવકારમંત્રના પ્રથમ પદનો અર્થભાવના સાથે જપ કરતાં મેળવી શકાય છે. તેથી તેનો જેમ બને તેમ વિશેષ આદર કરવો જોઈએ.

## ધાતુ ગુણોની શુદ્ધિ

મન-વચન-કાયાના યોગો તથા જ્ઞાન-દર્શન-ચારિત્ર-સ્વરૂપ આત્માના ગુણો વગેરે નવકારના પ્રથમ પદના સ્મરણથી શુદ્ધ થાય છે; ધાતુ યોગોની શુદ્ધિથી વાત-પિત્ત-કફ રૂપી દેહની ધાતુઓના વૈષમ્યની શુદ્ધિ થાય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી આત્માની ધાતુ[1] ધાતુઓ અર્થાત્ ધાતુ ગુણો પણ શુદ્ધ થાય છે. કહ્યું છે કે:

'વાતં વિજયતે જ્ઞાનં, દર્શનં પિત્તવારણમ્ ।
કફનાશાય ચરણં, ધર્મસ્તેનામૃતાયતે ॥૧॥'

પૂ. ઉપા. શ્રી મેઘવિ. મ. કૃત અર્હદ્ ગીતા ॥૬/૧૫॥

અર્થાત્: જ્ઞાનથી વાતદોષ, દર્શનથી પિત્તદોષ, ચારિત્રથી કફદોષ મિટાય છે. તેથી ધર્મ અમૃત જેવું કાર્ય કરે છે.

(૧ = દધતિ ધારયન્તિ જીવસ્વરૂપમિતિ ધાતવઃ સમ્યગ્જ્ઞાનાદયઃ। -ધર્મબિન્દુ, અ. ૮, સૂ. ૧૧ ટીકા)

## રાગ-દ્વેષ-મોહ ૨૯

આત્માની જ્ઞાનાદિ ધાતુઓના
વૈષમ્યથી ઉત્પન્ન થનારા દોષો છે.

તે અનુક્રમે જ્ઞાન-દર્શન-ચારિત્રગુણ વડે જિતાય છે. સાથે સાથે ક્રમશઃ મન, વચન અને કાયાના યોગો પણ શુદ્ધ થાય છે, કેમકે જ્ઞાનમાં મનોયોગની પ્રધાનતા છે, દર્શનમાં સ્તુતિ-સ્તોત્રાદિ પૂજાની મુખ્યતા હોવાથી વચનયોગની પ્રધાનતા છે અને ચારિત્રમાં કાયિક ક્રિયાઓની મુખ્યતા હોવાથી કાયયોગની પ્રધાનતા છે. આ રીતે વિચારતાં, દેહના વાતાદિજન્ય ત્રણે ય દોષોને અને આત્માના રાગાદિજન્ય ત્રણે ય દોષોને-વિકારોને શુદ્ધ કરવાની શક્તિ નવકારના પ્રથમ પદના સાત અક્ષરોરૂપી એક આલાવામાં અર્થાત્ તેના ત્રણ પદોમાં પણ રહેલી છે.

'નમો' પદ વડે મનોયોગ અને જ્ઞાનગુણની શુદ્ધિ થાય છે, તેથી રાગદોષ જિતાય છે. 'अरिहं' પદ વડે વચનયોગની અને દર્શનગુણની શુદ્ધિ થાય છે, તેથી દ્વેષદોષ જિતાય છે. 'ताणं' પદ વડે કાયયોગની અને ચારિત્રગુણની શુદ્ધિ થાય છે, તેથી મોહદોષ જિતાય છે.

આઠ યોગો અને તે વડે અભિવ્યક્ત થતા લબ્ધ્યાદિ આઠ ગુણો વડે વાત-પિત્ત-કફના દોષો અને રાગ-દ્વેષ-મોહના દોષો પણ નાશ પામે છે, એટલે કે શરીર અને આત્મા એ બંનેની એકી સાથે શુદ્ધિ કરવાનો ગુણ નવકારના પ્રથમ પદના જાપમાં રહેલો છે, તેમ જ ઉપલક્ષણથી ધર્મના પ્રત્યેક અંગના સમ્યગ્આરાધનમાં તે શક્તિ રહેલી છે.

## 'નમો' પદની ગંભીરતા

'નમો' મંત્રમાં નવધા ભક્તિ રહેલી છે. 'નમો' મંત્ર વડે નામનું શ્રવણ, કીર્તન અને સ્મરણ થાય છે, તેમ જ આકૃતિનું પૂજન, વંદન અને અર્ચન થાય છે. દ્રવ્યનિક્ષેપે પરમાત્માની સેવા અને ભક્તિ થાય છે તથા ભાવનિક્ષેપે પરમાત્મા પ્રત્યે આત્મનિવેદન અથવા સર્વસમર્પણ થાય છે.

નવકાર એ સર્વ મંગલોમાં પહેલું મંગલ છે.

પાપ, અશુભ કર્મ અને સર્વ મળને ગાળે તે મંગલ;
તેમાં ઉત્કૃષ્ટ પંચમંગલસ્વરૂપ નવકાર છે.

નવકાર વડે બાહ્ય-અભ્યંતર જે દ્રવ્ય-ભાવમળ જાય છે. ભાવમળ એ અજ્ઞાન અને અશ્રદ્ધા છે. નવકાર વડે આત્માનું અજ્ઞાન ટળે છે-પરમતત્ત્વનું જ્ઞાન થાય છે.

નવકાર વડે ધર્મફળની આશંકા ટળે છે અને શ્રદ્ધા જાગે છે. નવકાર મિથ્યાત્વના અને અજ્ઞાનના પરિણામોને ગાળે છે, વિનાશ કરે છે, દહે છે, શુદ્ધ કરે છે અને વિધ્વંસ કરે છે. સમ્યક્ત્વનાં અને જ્ઞાનનાં પરિણામોને લાવે છે, ઉત્પન્ન કરે છે, સર્જે છે, પુષ્ટ કરે છે અને વૃદ્ધિ પમાડે છે. અપ્રતીતની પ્રતીતિ કરાવે છે. અનિર્ણિતનો નિર્ણય કરાવે છે. આત્મતત્ત્વ અપ્રતીત છે, તેની પ્રતીતિ કરાવે છે. તેમ જ ધર્મતત્ત્વ અનિર્ણિત છે તેનો નિર્ણય કરાવે છે.

ઓછામાં ઓછા પ્રયત્ને વધુમાં વધુ ફળ લાવવાની શક્તિ 'નમો' મંત્રમાં છે. 'નમો' પદમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાઓની સાથે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વાદિ ભાવનાઓ સમાવિષ્ટ થઈ જાય છે, તેથી પ્રથમ પદ અતિ ગંભીર છે.

## નવકારમાં યોગનાં આઠે ય અંગ

નમસ્કાર એ [illegible] મોક્ષનું બીજ છે,

તેમ અનમસ્કાર એ સંસારનું બીજ છે.

નમનીયને અનમન અને અનમનીયને નમન, એ સંસારવૃદ્ધિનું બીજ છે. અનમનીયને અનમન અને

નમનીયને નમન, એ ધર્મવૃક્ષનું મૂળ છે. નમનીયને નમસ્કાર, એ સર્વ દુઃખોનો અને પાપોનો નાશક છે. નમનીયને અનમસ્કાર, એ સર્વ દુઃખોનો અને પાપોનો ઉત્પાદક છે. એક અંગ્રેજ લેખકે ઠીક જ કહ્યું છે કે:

prayer changes things but the lack of prayer also changes things.

અર્થાત્ પ્રાર્થના સંયોગોને સુધારે છે, અપ્રાર્થના સંયોગોને બગાડે છે. બંનેમાંથી નિષ્ક્રિય કોઈ નથી.

નવકારમાં તપ છે, સ્વાધ્યાય છે અને ઈશ્વરનું પ્રણિધાન છે. તપથી શરીર સુધરે છે, સ્વાધ્યાયથી મન અને ઈશ્વરપ્રણિધાનથી આત્મા સુધરે છે.

પરમાત્માની નજીક વસવા માટે
પ્રથમ અનાત્માના સંગથી છૂટવું જોઈએ.

આસનો શરીરનો સંગ છોડાવે છે. પ્રાણાયામ પ્રાણ ઉપર નિયમન લાવે છે. પ્રત્યાહાર ઈંદ્રિયોનો સંગ છોડાવે છે. ધારણા, ધ્યાન અને સમાધિ અનુક્રમે મન, બુદ્ધિ અને અહંકારનો સંગ છોડાવે છે. નવકારમાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિની સાધના છે. તેના સાથે યમ-નિયમ પણ સધાય છે.

આંતર શાન્તિ માટે નિયમ છે અને બાહ્ય શાન્તિ માટે યમ છે. નવકારથી બાહ્ય-આંતર સંબંધો સુધરે છે.

## ઇષ્ટદેવતાનો નમસ્કાર અને પરંપર ફળ

ઇષ્ટદેવતાને નમસ્કાર કર્યા વિના શ્રુતજ્ઞાનના
પારને કોઈ પણ આત્મા પામી શકતો નથી.
પંચમંગલ એ ઇષ્ટદેવતાના નમસ્કારસ્વરૂપ છે,
તેથી 'શ્રુતજ્ઞાનનો પાર પામવાના અર્થીએ
નિરંતર તેનું આલંબન લેવું જોઈએ'
એમ 'શ્રી મહાનિશીથસૂત્ર'માં પ્રતિપાદન કરેલું છે.

શ્રુતજ્ઞાનથી જીવાદિતત્ત્વોનો બોધ થાય છે અને દયાની લાગણી ઉત્પન્ન થાય છે. 'સર્વ જીવો મારા જ આત્માની સમાન છે' એવી સ્થિર બુદ્ધિ ઉત્પન્ન થવાથી જીવોની સંઘટ્ટના, પરિતાપનાદિ પીડાનો પરિહાર થાય છે. એથી આશ્રવ દ્વારનું વિસર્જન થાય છે, સંવરલાભની પ્રાપ્તિ થાય છે અને અત્યંત વિષયતૃષ્ણાના ત્યાગરૂપી દમ તથા તીવ્ર ક્રોધકંડૂતિના ત્યાગરૂપ શમગુણનો લાભ થાય છે.

અકષાયતાથી સમ્યક્ત્વગુણનો લાભ થાય છે અને તેથી જીવાદિ પદાર્થોનું સંદેહ-વિપર્યાસરહિત સંવેદનાત્મક વિશિષ્ટ અનુભવજ્ઞાન થાય છે. તેવું જ્ઞાન થવાથી અહિતકારી

આસ્રવોનો ત્યાગ કરીને સમ્યગ્દર્શન આદિ જિનાજ્ઞાના આસ્રવોમાં ઉદ્યમ થાય છે તથા સર્વોત્તમ ક્ષમાદિ દશવિધ યતિધર્મોમાં આસક્તિ થાય છે. તેથી સર્વોત્તમ ક્ષમા અને સર્વોત્તમ મૃદુતાદિ ગુણોનું પાલન થાય છે.

સ્વાધ્યાય-ધ્યાન સહિત સર્વોત્કૃષ્ટ સંયમધર્મનું પાલન પરંપરાએ મુક્તિનાં સુખ આપાવે છે. એ બધાનું મૂળ ઈષ્ટદેવતાનો નમસ્કાર છે તથા તે ઈષ્ટદેવતાના નમસ્કારપૂર્વક ધર્મ સામાયિકથી માંડી બિંદુસાર પર્યંતનું શ્રુતજ્ઞાનનું આરાધન છે.

## પંચનમસ્કારરૂપી પરમ ધર્મ

‘પંચ-નમુક્કારો खलु, विहिदाणं सत्तिओ अहिंसा य।
इंदिय-कसायविजओ, एसो धम्मो सुहपओगो ॥१॥

– ઉપદેશપદ, ગા. ૧૯૮

અર્થ: નર-નારકાદિ પરિભ્રમણરૂપ સંસાર એ પારમાર્થિક વ્યાધિ છે. સર્વ દેહધારી પ્રાણીઓને એ વ્યાધિ સાધારણ છે. શુદ્ધ ધર્મ તેનું ઔષધ છે.

૦ ગુરુકુલવાસમાં વસવાથી અને ગુરુઆજ્ઞા મુજબ જીવન જીવવાથી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. શુદ્ધ ધર્મનાં ૪ લક્ષણો છે:

(૧) વિધિયુક્ત દાન (૨) શક્તિ મુજબ સદાચાર

(3) ઇંદ્રિયકષાયનો વિજય (4) પંચપરમેષ્ઠિ નમસ્કાર.
અન્યત્ર ધર્મના ચાર પ્રકારો દાન શીલ, તપ અને ભાવ કહ્યા છે, તેને જ આ ગાથામાં જુદી રીતે કહ્યા છે.

વિધિયુક્ત દાન તે <u>દાનધર્મ</u> છે,
શાસ્ત્ર મુજબ સદાચાર તે <u>શીલધર્મ</u> છે,
ઇંદ્રિયકષાયનો વિજય તે <u>તપધર્મ</u> છે
અને પરમેષ્ઠિ નમસ્કાર તે <u>ભાવધર્મ</u> છે.

ભાવ વિનાના દાનાદિ જેમ નિષ્ફળ જ કહ્યાં છે, તેમ પંચનમસ્કાર વિનાના દાનાદિ પણ નિષ્ફળ છે. તેથી બધા ધર્મોને સફળ બનાવનાર પંચનમસ્કાર એ પરમધર્મ છે.

## મંગલ, ઉત્તમ અને શરણની સિદ્ધિ

નમસ્કારભાવ આત્માને મનની બધી આધીનતામાંથી છોડાવે છે. મનને આત્માધીન બનાવવાની પ્રક્રિયા નમસ્કાર ભાવમાં છુપાયેલી છે. ધર્મને અનુમોદનારૂપ નમસ્કાર એ ભાવધર્મ છે. <u>અન્યનો આભાર ન માનવામાં કૃપણતા દોષ કારણભૂત છે.</u> નમસ્કારભાવ એ સમ્યગ્દૃષ્ટિને મન સદ્દેવ છે, સમ્યગ્જ્ઞાનીને મન સદ્ગુરુ છે અને સમ્યક્ચારિત્રીને મન સદ્ધર્મ છે. નમસ્કાર વિરુદ્ધ માનસિક ભેદભાવ ટકતો નથી અને તે જ્યાં સુધી ન

ટળે ત્યાં સુધી અહંકારભાવ ગળતો નથી. અહંકારનું ગળવું એ જ ભેદભાવનું ટળવું છે. ભેદભાવ ટળ્યા વિના અને અભેદભાવ આવ્યા વિના જીવ જીવને જીવરૂપે કદી ય ઓળખી શકતો નથી, આવકારી શકતો નથી અને ચાહી શકતો નથી. ભેદભાવને ટાળવાનું અને અભેદભાવને સાધવાના 'નમો' પદરૂપી અદ્વિતીય, સનાતન સાધન વડે જ જીવ યોગ્યતાને વિકસાવે છે અને અયોગ્યતાને ટાળે છે. યોગ્યતાના વિકાસ વડે રક્ષણ થાય છે, અયોગ્યતા ટળવાથી વિનાશ અટકે છે.

અરિહંતોનો નમસ્કાર ભાવશત્રુઓને હણે છે, યોગ્યતાને લાવે છે તથા વિનાશને અટકાવે છે. ભાવ-શત્રુઓના નાશથી મંગલ થાય છે, યોગ્યતાના વિકાસથી ઉત્તમતા મળે છે અને વિનાશનાં અટકાવથી શરણની પ્રાપ્તિ થાય છે. નમસ્કારથી મંગલ, ઉત્તમ અને શરણ એ ત્રણે ય અર્થોની સિદ્ધિ થાય છે.

## મંત્રચૈતન્ય પ્રકટાવનાર મંત્ર

દેવતા, ગુરુ અને આત્માનું જે મનન કરાવે અને મનન દ્વારા જીવનું રક્ષણ કરે, તે મંત્ર છે. મંત્ર એક બાજુ મન અને પ્રાણનું આત્મા સાથે જોડાણ કરાવે છે અને

[illegible] તેના મનન દ્વારા દેવતા અને ગુરુ સાથે આત્માનું ઐક્ય સધાવે છે. મંત્રના અક્ષરોનો સંબંધ મન અને પ્રાણની સાથે છે. મંત્રના અર્થનો સંબંધ દેવતા અને ગુરુ સાથે છે. ગુરુ, મંત્ર અને દેવતા તથા આત્મા, મન અને પ્રાણ એ બધાનું ઐક્ય થવાથી મંત્રચૈતન્ય પ્રકટે છે તથા મંત્રચૈતન્ય પ્રકટવાથી યથેષ્ટ ફળની સિદ્ધિ થાય છે. દેવતા અને ગુરુનો સંબંધ સકલ જીવસૃષ્ટિ સાથે છે, તેથી મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બની જાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ રીતે સમત્વભાવ વિકસાવે છે. સમત્વભાવનો વિકાસ મમત્વભાવને દૂર કરી આપે છે. મમત્વભાવના નાશથી અહંત્વ જાય છે. સમત્વભાવના વિકાસથી અર્હંત્વ પ્રગટે છે. પરમેષ્ઠિનો નમસ્કાર એ સર્વ મંગલોમાં પ્રધાન-શ્રેષ્ઠ મંગલ છે, તેમ જ નિત્ય વૃદ્ધિ પામનારું અને શાશ્વત મંગલ છે, કેમકે તે જીવને અહં-મમભાવથી છોડાવે છે અને જીવમાં અર્હંભાવને વિકસાવે છે, સ્વાર્થવૃત્તિ દૂર કરી આપે છે તથા પરમાર્થ વૃત્તિ વિકસાવી આપે છે. પુનઃપુનઃ પરમેષ્ઠિ નમસ્કાર વડે દેવ, ગુરુ, આત્મા, મન અને પ્રાણનું ઐક્ય સધાય છે તથા મંત્રચૈતન્ય પ્રગટે છે.

## અનંતર-પરંપર ફળ

પંચનમસ્કારનું અનંતર ફળ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ છે, મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ આદિનો નાશ છે તથા પરંપર ફળ સ્વર્ગાપવર્ગ રૂપ મંગલનો લાભ છે.

પાપનો નાશ = પુદ્ગલ પ્રત્યેના મોહનો નાશ.

મંગલનું આગમન = જીવોના જીવત્વ પ્રત્યે સ્નેહનું આકર્ષણ.

પુદ્ગલ પ્રત્યે વિગત-રતિ અને જીવો પ્રત્યે વિશિષ્ટ-રતિ એ નમસ્કાર પ્રત્યેની અભિરતિનું ફળ છે.

નમસ્કાર એ પુદ્ગલ પ્રત્યે નમનશીલ અને ચૈતન્ય પ્રત્યે અનમનશીલ જીવને ચૈતન્ય પ્રત્યે નમનશીલ અને પુદ્ગલ પ્રત્યે અનમનશીલ બનાવે છે.

પંચપરમેષ્ઠિઓ પુદ્ગલ પ્રત્યે વિરક્ત અને ચૈતન્ય પ્રત્યે અનુરક્ત છે, તેથી તેઓને નમન કરનારો પણ ક્રમશઃ જડ પ્રત્યે વિરક્તિવાળો અને ચૈતન્ય પ્રત્યે અનુરક્તિવાળો બને છે.

પુદ્ગલનો વિરાગ જીવને કામ, ક્રોધ અને લોભથી મુક્ત કરે છે તથા ચૈતન્યનો અનુરાગ જીવને શમ, દમ અને સંતોષથી યુક્ત કરે છે.

ચૈતન્ય એ ભિતર હોવાથી નમનીય છે અને જડ

એ અહિતકર હોવાથી ઉપેક્ષણીય છે. ચૈતન્ય લાગણીયુક્ત છે અને જડ લાગણીશૂન્ય છે. લાગણીશૂન્ય પ્રત્યે ગમે તેટલા નમ્ર રહેવામાં આવે તો પણ વ્યર્થ છે. લાગણીયુક્ત પ્રત્યે નમ્ર રહેવાથી લાગણી મળે છે. લાગણી એટલે સ્નેહ અને સ્નેહ એટલે દયા, કરુણા, પ્રમોદ તથા સન્માન-સત્કારાદિ. જેનાથી ઉપકાર થવો ત્રણે ય કાળમાં શક્ય નથી, તેવાં જડ તત્ત્વો પ્રત્યે નમતાં રહેવું, એ મોહ, અજ્ઞાન અને અવિવેક છે. જેનાથી ઉપકાર થવો શક્ય છે, તેને જ નમવાનો અભ્યાસ પાડવો અને તેને સ્મરણ-પથમાં કાયમ રાખવા નમ્ર રહેવું એમાં વિવેક છે, ડહાપણ છે અને બુદ્ધિમત્તા છે. નમસ્કારથી જડ પ્રત્યે ઉદાસીનતા અને ચૈતન્ય પ્રત્યે નમનશીલતા કેળવાય છે.

## લાયક બનો અને લાયકાત મેળવો

લાગણીયુક્ત પ્રત્યે લાગણી ધારણ કરવાથી લાયકાત પ્રગટે છે. લાગણીશૂન્ય જડ પદાર્થ પ્રત્યે લાગણી રાખવાથી લાયકાત નાશ પામે છે અને નાલાયકતા પ્રગટ થાય છે.

જીવ જડને અનંતકાળ નમ્યો છે, પણ એ નમસ્કાર નિષ્ફળ ગયો છે. ચૈતન્યને એકવાર પણ સાચા ભાવથી નમે તો તે સફળ થાય. ચૈતન્યને નમવું એટલે પિંડ કે

દેહ પ્રત્યે આદર છોડી આત્મા પ્રત્યે આદર રાખવો અને બ્રહ્માંડમાં એટલે પુદ્ગલમાત્ર પ્રત્યે રાગ છોડી જીવમાત્ર પ્રત્યે રાગ વિકસિત કરવો. રાગ વિકસિત કરવો એટલે લાગણીવાળા બનવું. જેઓ લાગણીવાળા છે, તેઓ પ્રત્યે લાગણી બતાવવાથી સર્વપ્રકારની માંગણી વિના માંગ્યે પૂર્ણ થાય છે. સર્વપ્રકારના પાપની ઉત્પત્તિ પુદ્ગલના રાગથી છે અને સર્વપ્રકારના પુણ્યની ઉત્પત્તિ ચૈતન્યના બહુમાનથી છે.

નમસ્કારથી ચૈતન્યનું બહુમાન થાય છે, તેથી તે સર્વ પ્રકારના મંગલની ઉત્પત્તિનો હેતુ છે. નવકાર એ પાપનો નાશક અને મંગલનો ઉત્પાદક બને છે, કારણકે તેમાં ચૈતન્યનું બહુમાન છે અને જડનું અબહુમાન છે. કર્મ અને કર્મકૃત સૃષ્ટિ એ જડ છે. તેનો અંત કરનાર પરમેષ્ઠિઓ છે, તેથી તેઓનો નમસ્કાર જડસૃષ્ટિના રાગને શમાવે છે અને ચૈતન્યસૃષ્ટિના પ્રેમને વિકસાવે છે.

નવકાર વડે પાપનું મૂળ, જે પુદ્ગલનો રાગ છે, તે નાશ પામે છે અને ધર્મનું મૂળ, જે ચૈતન્યનો પ્રેમ છે, તે પ્રગટે છે, તેથી તે ઉપાદેય છે. ચૈતન્ય એ વિશ્વમાં રહેલ સર્વશ્રેષ્ઠ સત્તા છે. નવકારમાં એ જ સર્વશ્રેષ્ઠ સત્તાને નમસ્કાર છે અને એ સર્વશ્રેષ્ઠ સત્તાને નમાને જેઓએ

શુદ્ધ ચૈતન્ય પ્રગટાવ્યું છે, તેઓને નમસ્કાર છે. એટલું જ નહિ પણ તેઓને નમસ્કાર કરનાર એવા સર્વ વિવેકી જીવોની સર્વસિદ્ધ ક્રિયાનું અનુમોદન છે તથા એ ક્રિયાજન્ય પાપનાશ અને મંગલલાભ રૂપી સર્વસિદ્ધ ફળનું પણ સ્મરણ અને અનુમોદન છે.

એ સ્મરણ જેટલી વધુ વખત કરવામાં આવે,
તેટલો લાભ અધિક છે, એ વાત નિશ્ચિત છે.

દ્રવ્યમંગલો સંદિગ્ધ ફળવાળાં છે. ભાવમંગલો અસંદિગ્ધ ફળવાળાં છે. નવકાર એ બધા ભાવમંગલોનો પણ નાયક છે. નાયક એટલે તેની હયાતિમાં જ બધા મંગલો ભાવ-મંગલ બને છે. મંગલને મંગલ બની રહેવામાં કારણ ચૈતન્યની ભક્તિ અને જડની વિરક્તિ છે. નવકારની મંગલમયતા ચૈતન્યના આદરમાં અને જડના અનાદરમાં છે.

જડતત્ત્વનો પ્રેમ જીવને દુઃખદાયક બને છે.
ચૈતન્યતત્ત્વનો પ્રેમ જીવને સુખદાયક થાય છે.

નમસ્કારરૂપી રસાયણનું પુનઃ પુનઃ સેવન
જડની આસક્તિ ટાળે છે અને ચૈતન્યતત્ત્વની
ભક્તિ વિકસાવે છે, તેથી તે સર્વમંગલોનું માંગલ્ય
અને સર્વકલ્યાણોનું કારણ છે.

## હિતૈષિતા અર્હત્ વિશિષ્ટ પૂજા

આપણને નમનાર અને પોતાને ન નમનારને અનિચ્છાએ પણ સદા નમવું પડે તેવા ભવ મળે છે. વૃક્ષના અને તિર્યંચના ભવો એનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે. નમસ્કારથી ધર્મવૃક્ષનું મૂળ સિંચાય છે. સાધુધર્મ અને ગૃહસ્થધર્મ- એ બંને પ્રકારનાં ધર્મનાં મૂળમાં સમ્યક્ત્વ છે અને તે દેવ-ગુરુને નમસ્કારરૂપ છે.

માતા-પિતાને નમન તે સતતાભ્યાસ છે, દેવ-ગુરુને નમન તે (દેવ-ગુરુ વગેરે પ્રશસ્ત વિષયોનો અભ્યાસ) વિષયાભ્યાસ છે અને રત્નત્રયીને નમન તે ભાવાભ્યાસ છે. ત્રણે ય પ્રકારની નમનક્રિયા એ ઉત્તરોત્તર આત્મોન્નતિ માટેની પ્રક્રિયા છે.

નાનો મોટાને નમે એ દુનિયાનો ક્રમ છે. એ રીતે મોટો નાનાને (નાનો જે રીતે હાથ જોડીને મોટાને નમે એ રીતે) ભલે ન નમે, પણ પોતાના હૃદયમાં નાનાને અવશ્ય સ્થાન આપે, તેમનું હિત ચિન્તવે, તેમને સન્માર્ગમાં જોડે અને તેમનું કલ્યાણ થાય તેમ વિચારે, એ પણ એક પ્રકારનો નમસ્કારભાવ છે. 'અર્હં' એ ત્રિભુવનપૂજ્ય છે, કેમકે તેઓ ત્રિભુવનહિતૈષી છે. પોતાના ઉપકારીને

ભૂલી જવા તે અહંકાર અને પોતાના ઉપકારીને ચિરકાળ યાદ રાખવા તે નમસ્કાર. અહંકાર એ પાપનું મૂળ છે અને નમસ્કાર એ મોક્ષનું મૂળ છે. જેમ દવા લાગુ પડે એટલે દર્દ ઓછું થાય, તેમ નમસ્કાર લાગુ પડે એટલે અહંકાર ઓછો થાય. અહંકાર એટલે સ્વાર્થનો ભાર. જ્યાં સુધી તે ન ઘટે, ત્યાં સુધી નમસ્કાર લાગુ પડ્યો ન કહેવાય.

પોતાના સુખોનો વિચાર એ સ્વાર્થ છે. સ્વાર્થનું બીજું નામ તિરસ્કારભાવ છે. સર્વના સુખનો વિચાર એ પરમાર્થ છે. એનું બીજું નામ નમસ્કારભાવ છે. શરીરના અણુએ અણુમાંથી તિરસ્કારભાવરૂપી ચોરીને ભગાડી મૂકવા માટે નમસ્કારભાવને અસ્થિમજ્જારૂપ બનાવવો જોઈએ.

નમસ્કારનું પ્રધાન ફળ પાપનાશ-સ્વાર્થવૃત્તિનો નાશ છે. બીજું ફળ પુણ્યબંધ-શુભનો અનુબંધ છે. નમસ્કારથી પાપનો નાશ ઈચ્છવો અને પુણ્યનો બંધ નહિ, પણ શુભ અનુબંધ ઈચ્છવો. તેથી જે પુણ્ય બંધાય તે સર્વકલ્યાણની ભાવનામાં પલટાય છે. તિરસ્કારના પાપમાંથી બચવા માટે નમસ્કાર એ એક અમોઘ સાધન છે.

## નમસ્કારધર્મની વ્યાખ્યાઓ

નમસ્કાર એ ક્ષમાનું બીજું નામ છે. ભૂલ થયા પછી તેને

સુધારી લેવા માટે નમ્રતા બતાવવી તેનું નામ 'ક્ષમાપના.'

પોતાથી થયેલ ભૂલની ક્ષમા માગવી અને બીજાથી થયેલ ભૂલની ક્ષમા આપવી, એ નમસ્કારધર્મની જ આરાધના છે. જેમ અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી, તેમ પોતાના અપરાધને સ્વીકારવા પણ દેતો નથી. જેમ નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી, તેમ પોતાના અપરાધોને પણ ભૂલવા દેતો નથી.

ઉપકારના સ્વીકારની જેમ અપરાધનો સ્વીકાર પણ નમસ્કાર છે. વિષયો પ્રત્યેની નમનશીલતાનો ત્યાગ કરીને પરમેષ્ઠિઓ પ્રત્યે નમનશીલતા કેળવવી, એ પણ નમસ્કારધર્મ છે. બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણાવાળા ન બનવું અને આત્મતૃપ્ત રહેવાનો અભ્યાસ કરવો, તે પણ એક પ્રકારે નમસ્કારધર્મ છે.

જીવ, પોતાને પ્રાપ્ત થયેલ જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વૈભવ, યશ અને શ્રુતાદિ પ્રત્યે નમ્ર છે જ, નમ્રપણે તેઓ પ્રત્યે આદર, રુચિ અને બહુમાન બતાવે છે જ, પણ તે નમનશીલતા ધર્મરૂપ નથી.

પૂજ્ય તત્ત્વો પ્રત્યે નમ્ર રહેવું, તે સાચી નમ્રતા છે.

તુચ્છ પદાર્થો પ્રત્યે નમસ્કારભાવ અનાદિ કુવાસનાના

યોગે રહેલ છે જ, તેનો સ્વભાવ પલટો કરી મૈત્ર્યાદિના વિષયભૂત બાળ જીવો પ્રત્યે, શ્રી પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે અને આત્મતત્ત્વ પ્રત્યે નમ્ર બનવું એ જ ધર્મ છે અને એ જ વિવેક છે. એથી વિનયયોગ્ય સ્થાને વિનય થાય છે. એ વિનય જ નમસ્કારધર્મરૂપ બનીને કર્મનો ક્ષય કરે છે.

ઉપકારીઓને નમસ્કાર કરવાથી તેઓનાં આપણા ઉપરના ઋણથી મુક્ત થવાય છે અને તેઓનાં પ્રશસ્ત આલંબનથી પ્રશસ્ત ધ્યાનના બળે કર્મક્ષય થાય છે.

બુદ્ધિબળને ખીલવવા માટે જેમ શિક્ષણ અને તેનાં સાધનોની આવશ્યકતા છે, તેમ ભાવનાબળને વિકસાવવા માટે નમસ્કારધર્મ અને તેનાં સર્વ સાધનોની આવશ્યકતા છે. ન્યાય, નીતિ, ક્ષમા, સદાચાર અને પરમેશ્વરભક્તિ તેનાં સાધનો છે. તે બધાં સાધનો નમસ્કારભાવને વિકસાવે છે અને નમસ્કારભાવ અહંકારભાવનો નાશ કરીને પરમાત્મતત્ત્વ પ્રત્યે પ્રેમ પેદા કરે છે.

શ્રી પંચપરમેષ્ઠિઓમાં પ્રગટ થયેલું પરમાત્મતત્ત્વ જ્યારે આપણા નમસ્કારભાવનો વિષય બને છે, ત્યારે અંતરમાં રહેલું પરમાત્મતત્ત્વ જાગૃત થાય છે અને સકલ

ક્લેશનો નાશ કરી પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે.

નમસ્કારનો પર્યાય અહિંસા, સંયમ અને તપ

અંતરમાં કરૂણા અને વર્તનમાં અહિંસા એ શ્રેષ્ઠમંગલ છે. અહિંસામાં સકળ જીવો પ્રત્યે તાત્ત્વિક નમનભાવ છે. સંયમ અને તપ અહિંસાની સિદ્ધિ માટે અનિવાર્ય છે.

પાંચે ય ઈંદ્રિયોને કાબૂમાં રાખવા તે સંયમ છે અને મનને કાબૂમાં રાખવું તે તપ છે. ઈંદ્રિયો અને મનને અંકુશમાં રાખ્યા સિવાય અહિંસા પળાતી નથી અને અહિંસાને પાળ્યા વિના તો નમસ્કારધર્મની આરાધના પ્રારંભિક થતી જ નથી. અહિંસાના પાલનમાં પ્રભુઆજ્ઞાની આરાધના છે. પ્રભુઆજ્ઞાનું રહસ્ય જીવમાત્રને આત્મસમ સ્વીકારવામાં છે.

વર્તન વગરની ઉચ્ચ વિચારસરણી પણ વંધ્ય છે. વિચારનું ફળ વર્તન છે. તે જ્યાં દેખાતું નથી, ત્યાં વિચાર એ માત્ર વાણી અને બુદ્ધિનો વિલાસ છે.

અહિંસા, સંયમ અને તપને એ જ કારણે

ઉત્કૃષ્ટ મંગલ તરીકે ગણાવ્યાં છે.

મૈત્રી વિનાની અહિંસા જેમ શુષ્ક છે, તેમ અહિંસા વિનાની મૈત્રી પણ માયા છે. વૈરાગ્ય વિનાનો સંયમ

એમ શુષ્ક છે, તેમ સંયમ વિનાનો વૈરાગ્ય પણ છેતરપિંડી છે. અનાસક્તિ વિનાનો તપ એમ શુષ્ક છે, તેમ તપ વિનાની અનાસક્તિ પણ આડંબર માત્ર છે.

અહિંસાપૂર્વકની મૈત્રી, સંયમપૂર્વકનો વૈરાગ્ય અને તપ સહિતની અનાસક્તિ એ જ તાત્ત્વિક છે.

## કરુણાભાવનો ધોતક

પ્રભુનાં નામ, રૂપ, દ્રવ્ય અને ભાવ એ ચારેયમાં કરુણા ભરેલી છે. તેનો સાક્ષાત્કાર કરવો તે આત્માર્થી જીવોનું કર્તવ્ય છે, અન્યથા કૃતઘ્નતા અને અભક્તિ પોષાય છે.

દુઃખી પ્રાણીઓનાં દુઃખનો નાશ કરવાની શક્તિ જેમાં હોય, તે તત્ત્વ કરુણામય કહેવાય. પ્રભુના નામથી પાપ જાય છે અને પાપ જવાથી દુઃખ જાય છે. પ્રભુનાં બિંબથી પણ પાપ અને દુઃખ જાય છે. પ્રભુનું આત્મદ્રવ્ય તો કરુણાથી સમવેત-સમેત છે જ અને ભાવનિક્ષેપે તો પ્રભુ સાક્ષાત કરુણામૂર્તિ છે. એ રીતે પ્રભુની કરુણાનું ધ્યાન એ ભક્તિભાવની વૃદ્ધિનું સાક્ષાત કારણ છે.

કરુણાભાવ એ શુદ્ધ જીવનો સ્વભાવ છે
અને તે નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવ વડે
અભિવ્યક્ત થાય છે - બહાર પ્રકટપણે દેખાય છે.

ॐ

નામાદિ ચાર નિક્ષેપા વડે શ્રી અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓને થતો નમસ્કાર, એ સર્વ પાપનો અને દુઃખનો નાશક હોઈ કરૂણાભાવના પ્રભાવનો દ્યોતક છે અને તેથી ભક્તિભાવનો વર્ધક છે.

## 'નમો' પદનું રહસ્ય

'નમો'માં નમ્રતા છે, વિનય છે, વિવેક છે અને વૈરાગ્ય પણ છે; તપ, સ્વાધ્યાય અને ઈશ્વરભક્તિ પણ છે; તેમ જ દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના અને શ્રી અરિહંતાદિનું શરણ પણ છે.

નમવું એટલે માત્ર મસ્તકને નમાવવું એમ નહિ, પણ મનને, મનના વિચારોને, મનની ઇચ્છાઓને અને મનની તૃષ્ણાઓને પણ નમાવવા અર્થાત્ તેઓને તુચ્છ લેખવાં. માત્ર હાથ જોડવા એમ નહિ, પણ અંતઃકરણમાં એકતાની-અભેદની ભાવના કરવી તે નમન.

નમ્રતાનો અર્થ અહંભાવનો સંપૂર્ણ નાશ અને બાહ્ય વિષયોમાં પોતાપણાની બુદ્ધિનો સર્વથા વિલય.

કાંઈ ન થવાથી સર્વ કાંઈ થવાય છે.

કાંઈ થવું એટલે સર્વથી વિખૂટું પડવું.

કાંઈ પણ ન રહેવું એટલે પરમાત્મતત્ત્વમાં ભળી જવું.

સમુદ્રમાં રહેવાવાળું બિન્દુ સમુદ્રની મહત્તા ભોગવે છે. સમુદ્રથી અલગ થઈને જ્યારે તે પોતાપણાનો દાવો કરવા જાય છે, ત્યારે તે તરત સુકાઈ જાય છે - તેનું અસ્તિત્વ ગુમાવે છે. 'નમો' પદમાં છુપાયેલું રહસ્ય શું છે, તે આથી પ્રગટ થાય છે.

નમસ્કારથી દર્શનની શુદ્ધિ થાય છે અર્થાત્ ભક્તને પોતાની હીનતા, લઘુતા યા તુચ્છતાનું દર્શન થાય છે અને પરમાત્મતત્ત્વની ઉચ્ચતા, મહત્તા તથા ભવ્યતાનું ભાન થાય છે. તેથી અહંભાવનો ફુગ્ગો ફૂટી જાય છે અને મમતાભાવનું પડ નીકળી જાય છે. પરિણામે જીવને પરમ શાન્તિનો અનુભવ થાય છે. અર્થજ્ઞાનથી, અર્થવિચાર સહિત જાપ કરનારના સમસ્ત કષ્ટ દૂર થાય છે.

'मननात् त्रायते यस्मात्, तस्मान्मन्त्रः प्रकीर्तितः।'

જેના મનનથી રક્ષા થાય છે, તે મંત્ર છે. મનન અર્થાત્ ચિન્તવન. તે મનનો ધર્મ છે. મનનો લય થવાથી ચિન્તા-રાશિનો ત્યાગ થાય છે. ચિન્તારાશિના ત્યાગથી નિશ્ચિંતતા રૂપી સમાધિ પ્રાપ્ત થાય છે. મન જ્યારે સર્વ વિષયોની ચિન્તાથી રહિત થાય છે અને આત્મતત્ત્વમાં વિલય થાય છે, ત્યારે તે સમાધિ પ્રાપ્ત કરે છે.

ॐ

નવકારના પ્રથમ બે પદોમાં મુખ્યત્વે સામર્થ્યયોગનો નમસ્કાર છે, કેમકે શ્રી અરિહંત અને સિદ્ધમાં અનંતુ સામર્થ્ય-વીર્ય પ્રગટેલું છે. પછીનાં ત્રણ પદોમાં પ્રધાનપણે શાસ્ત્રયોગનો નમસ્કાર છે, કેમકે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમાં વચનાનુષ્ઠાન રહેલું છે. છેલ્લા ચાર પદોમાં ઈચ્છાયોગનો નમસ્કાર છે, કેમકે તેમાં નમસ્કારનું ફળ વર્ણવેલું છે. ફલશ્રવણથી નમસ્કારમાં પ્રવૃત્ત થવાની ઈચ્છા થાય છે.

શ્રી નવ પદોમાં રહેલ ભિન્ન ભિન્ન પ્રકારનો નમસ્કાર જો ધ્યાનમાં રાખીને કરવામાં આવે, તો તે શીઘ્રપણે સબળ અને પ્રાણવાન બને છે.

જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, વિનયપૂર્વક અને પ્રમાદભાવને છોડીને જો નમસ્કારમહામંત્રનું આરાધન કરવામાં આવે તો તે અચિંત્ય ચિંતામણિ અને અપૂર્વ કલ્પવૃક્ષ સમ અચૂક અને શીઘ્ર ફલપ્રદ બને છે.

<u>ચિરકાળનો તપ, ઘણું પણ શ્રુત અને ઉત્કૃષ્ટ પણ ચારિત્ર જો ભક્તિશૂન્ય હોય, તો તે અહંકારનું પોષણ બની અધોગતિને સર્જે છે. ભક્તિનો ઉદય થતાં તે બધા કૃતકૃત્ય બને છે.</u>

મંત્રના ઉચ્ચારણથી અને જાપથી, વારંવાર પ્રભુનાં નામનો અને મંત્રનો પાઠ કરવાથી ચિત્તમાં ભક્તિ સ્ફુરાયમાન થાય છે. બહારના પદાર્થો બહારની ક્રિયાની અપેક્ષા રાખે છે, પરંતુ પરમાત્મા જે સૂક્ષ્મતમ અને આત્મમાત્રમાં સત્તારૂપે બિરાજમાન છે, તેની પ્રાપ્તિ વિવેક અને વિચાર તથા જ્ઞાન અને ભક્તિરૂપી અંતરંગ સાધનોથી થાય છે.

સ્નેહરૂપી ઘૃતથી ભરેલ જ્ઞાનરૂપી દીપક મનોમંદિરમાં પ્રગટવાથી દેહમંદિરમાં બિરાજમાન અંતર્યામી પરમાત્માનાં દર્શન થાય છે. તે માટે દીર્ઘકાળ પર્યંત આદર સહિત સતત અભ્યાસની જરૂર છે.

તે અભ્યાસ મંત્રના જાપ વડે અને તેના અર્થની ભાવના વડે કરી શકાય છે. આ રીતે શ્રી નવકારમંત્ર પણ તેના અર્થની ભાવના સહિત જ્યારે આરાધવામાં આવે છે ત્યારે તે અવશ્ય ભક્તિવર્ધક બને છે અને એ રીતે વધેલી ભક્તિ મુક્તિને નિકટ લાવી આપે છે.

|| શિવમસ્તુ સર્વ જગતઃ ||

## અનુપ્રેક્ષા કિરણ-૩ સમાપ્ત

## ૨૧ દિવસ સુધી ત્રણ સંધ્યાએ ૧૦૮ નવકાર

ત્રણ સંધ્યાએ ૧૦૮ નવકાર નિયમિત ૨૧ દિવસ
સુધી ગણવાનો પ્રયત્ન કરવા છતાં ૨૧ દિવસ પુરા થઈ
શકતાં નહિ. જો થઈ શકે તો અપૂર્વ સિદ્ધિ મળે છે.
ત્રિકાળ સંધ્યા સમયે કદાચ ભૂલી જવાય,
તે ખાતર સવારની સંધ્યાએ ત્રણ માળા ગણી લેવી
અને પછી બંને સંધ્યાએ પણ ગણવી.
કોઈ વખત રહી જાય તો,
રાત્રિના ૧૨ વાગ્યાની સંધ્યાએ પણ માળા ગણવી.

ત્રણ સંધ્યાનું મહત્ત્વ કાળની દૃષ્ટિએ ઘણું છે.

તે વખતે કાળતત્ત્વની પણ સહાય મળે છે.
નવકારમંત્રની શક્તિ અચિન્ત્ય છે.
અન્ય મંત્રો કરતાં તેનામાં force વધારે છે.
નાના મંત્રો ફળે છે તુરંત, પણ તેમાં શક્તિ પરિમિત છે.
નવકાર મંત્રનાં અક્ષરો અધિક છે,
તેથી તેનાં જાપની સંખ્યા ઓછી થાય છે,
એટલે ફળ મળતાં વિલંબ થાય છે
પણ પરિપૂર્ણ ફળને આપે છે,
તેથી તેને જ અપનાવવો જોઈએ.

રાજનગર, સં-૨૦૧૪, આષાઢ સુદી ૧૪

૦ નવકારના જાપને શીઘ્ર ફળદાયી બનાવવા માટેની અનિવાર્ય શરત અરિહંતદેવ પ્રત્યેની અવિહડ ભક્તિ છે. નવકાર પ્રકાશક તેઓ છે. તેમના પ્રત્યે જેટલી ભક્તિ, જેટલી શ્રદ્ધા અને જેટલો વિશ્વાસ અધિક, તેટલું ફળ અધિક.

મોક્ષમાર્ગની સાધનામાં અરિહંતદેવ મુખ્ય છે.

જાપની વિધિમાં એકાગ્રતા મુખ્ય છે.

બીજા કોઈ વિચારને જાપ વખતે આવવા દેવો જોઈએ નહિ. પાણીમાં ડુબકી મારતી વખતે જેમ પાણી સિવાય કોઈપણ વસ્તુની ખ્યાતિ હોતી નથી, દુનિયા જલમય બની જાય છે, તેમ જાપ વખતે મનને પંચપરમેષ્ઠિના ધ્યાન રૂપી સાગરમાં ડુબકી મરાવવાની છે. તે વખતે આપણી આંતરદુનિયા પરમેષ્ઠિમય થઈ જવી જોઈએ.

શરૂઆતમાં બીજા વિચારો આવ્યા વિના નહિ રહે, પણ તેને જાગૃતિપૂર્વક દૂર હટાવવાનાં હોય છે. બીજો વિચાર આવતાંની સાથે તેને હડસેલી દેવો જોઈએ. એ રીતે અભ્યાસ વધારતાં પછી બહારના બધા વિચારો આપોઆપ અટકી જાય છે.

સો-પોણોસો વર્ષના ટૂંકા આયુષ્યમાં અનંતા જિનેશ્વરો, સિદ્ધ ભગવંતો, આચાર્યો, ઉપાધ્યાયો અને ત્રણે કાળના સાધુ ભગવંતોનું સ્મરણ જો લયબદ્ધ થઈ જાય તો થોડા કાળમાં કેટલો મોટો લાભ મળ્યો ગણાય! બીજું કાંઈ ન બની શકે તો પણ આ સ્મરણને જીવનનું એક મહાન કાર્ય માનીને નવકાર મહામંત્રના જાપ કરવામાં આવે તો ઘણું ઘણું મળ્યું ગણાય.

નવકાર મંત્ર જેવા મહાન મંત્રની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે સિદ્ધચક્રનું આરાધન ઘણું સહાયક નિવડે છે. બીજાક્ષર સહિત જાપ તેમાં બતાવેલો છે, તેથી તે તુરંત લાગુ પડે છે. અક્ષરો હંમેશા શ્વેત જ કલ્પવા. અન્ય વર્ણ અન્ય કાર્યો માટે છે. શાંતિ, પુષ્ટિ અને સિદ્ધિ માટે સફેદ સ્ફટિક જેવા અક્ષરોનું ધ્યાન શ્રેષ્ઠ છે. અક્ષરો ઉડવા જોઈએ. બ્રહ્મરંધ્ર ઉપર ખુલેલા પત્રોવાળું શ્વેત કમળ કલ્પીને તેની કર્ણિકાને વજ્રતુલ્ય આધારવાળું બનાવી તેના ઉપર અષ્ટદલ કમલમાં નવકારના નવે પદોને સ્થાપન કરવા અને તેના જાપમાં તન્મય થવું.

પદસ્થ અને રૂપસ્થ બે સાથે ન કરવા. પદસ્થ જાપ સિદ્ધ થયા પછી રૂપસ્થમાં જવું અને પદસ્થની પહેલાં

પિંડસ્થ સિદ્ધ કરવું. પિંડસ્થ પછી પદસ્થનો અધિકાર મળે છે. જેઓ <u>પિંડસ્થ</u>માં જ એકાગ્ર થઈ શકતા નથી, તેઓ <u>પદસ્થ</u>માં કઈ રીતે થઈ શકે? અને પદસ્થ સધાયા વિના <u>રૂપસ્થ</u> કેવી રીતે સધાય? રૂપસ્થ પછી જ રૂપાતીત છે.

<u>રૂપાતીત</u>માં માત્ર ગુણો ચિંતવવાના છે.

પિંડસ્થ એટલે પોતાના પિંડમાં રહેલાં ચક્રો-તેના સ્થાનો.

જુના પટોમાં ત્રિકોણાકાર, ષટ્કોણાકાર વગેરે ચિત્રો જોવામાં આવે છે, તે અંદર રહેલાં આપણાં જ સાત ચક્રોની આકૃતિઓનું બહાર આલેખન છે.

o <u>રક્ષાપોટલીનું પ્રયોજન સિદ્ધચક્રપૂજન પુરતું હતું.</u> પોતે વિધિ કરતા બાંધે છે અને પછી છોડી દે છે, તેથી વધારે મહત્વ તેને આપવાનું નથી. ખરું મહત્વ સિદ્ધચક્રના ધ્યાનને છે. આખો યંત્ર આપણા નજર સમક્ષ રોજ એકવાર આવી જવો જોઈએ, કારણકે એમાં શ્રી જૈનશાસનનું સર્વસ્વ છે. તેના બહાર કાંઈ રહી જતું નથી. ત્રણે ભુવનની સારભૂત વસ્તુઓનો સંગ્રહ શ્રી જૈનશાસનમાં છે અને જૈનશાસનના સર્વસ્વનો સંગ્રહ શ્રી સિદ્ધચક્રમાં રહેલો છે, તેથી તેનું ધ્યાન એ સમગ્ર વિશ્વની સારભૂત વસ્તુઓનું ધ્યાન છે.

o લાકડીના આધારે માણસ કે માણસના આધારે લાકડી? પાત્રના આધારે ઘી કે ઘીના આધારે પાત્ર? આવો તર્ક વ્યવહારમાં કોઈ કરતું નથી, કેમકે કાર્યસિદ્ધિ તર્કથી નથી, પણ અનુભવથી છે. અનુભવ તો એમ કહે છે કે લાકડીના ટેકાથી જ અશક્ત માણસ ચાલી શકે છે.

સંયોગ ભિન્ન છે, એટલામાત્રથી પાત્રના આધારે ઘીની અને ઘીના આધારે પાત્ર ટકવું જોઈએ એમ સિદ્ધ થતું નથી, તેમ રીતે ભગવાનના આધારે ભક્ત કે ભક્તના આધારે ભગવાન એ વાત તર્કનો વિષય નથી, અનુભવનો વિષય છે. અનુભવ એમ કહે છે કે ભગવાનના આલંબન-રૂપી લાકડીના ટેકાથી જ આપણું નિર્બળ મન દૃઢ બને છે, ચંચળ મન સ્થિર થાય છે.

મન સ્થિર અને દૃઢ થયા પછી આલંબનની જરૂર નથી. એનો અર્થ એ નથી કે પછી ભગવાનની જરૂર નથી, પણ આલંબનના આધાર વિના પણ ભગવાન મનમાંથી ખસતા નથી. ભક્તિ એ તર્કનો વિષય નથી, પણ અનુભવનો વિષય છે. અનુભવ એમ કહે છે કે ભગવાનના નામ, સ્થાપના, દ્રવ્ય કે ભાવનું આલંબન જે કોઈ લે છે, તેનું મન મજબૂત બને જ છે. તેના મનની મલિનતાઓ

દૂર થાય જ છે. તેથી ઈશ્વરી તત્ત્વની સિદ્ધિ અનુભવના આધારે છે, જ્ઞાનના આધારે નહિ. જ્ઞાન તો એમ કહે છે કે ભગવાન અગમ્ય છે, અગોચર છે, અતીન્દ્રિય અને અચિન્ત્ય છે. તે બાબતે માત્ર ભક્તિ જ એક શરણ છે.

O અલ્પજ્ઞાન બાબતે 'હું ઘણું જાણું છું' એવો અનુભવ થાય છે અથવા 'હું ઘણું જાણું છું' એમ અલ્પજ્ઞાનીને જ લાગે છે. જ્યારે ઘણું જ્ઞાન થાય છે ત્યારે 'પોતે અલ્પજ્ઞ છે' એમ લાગે છે.

જ્ઞાનની પરાકાષ્ઠા તો અજ્ઞાનમાં આવીને ઊભી રહે છે. બોધ બુદ્ધિની પરિપક્વ દશામાં જ બુદ્ધિની નિષ્ફળતા સમજાય છે, તેથી બોધ જ ભક્તિનો પ્રારંભ પણ બુદ્ધિની પરિપક્વાવસ્થાનું જ પરિણામ છે. 'ભગવાન બુદ્ધિનો અવિષય છે' એમ જાણ્યા પછી જ ભક્તિની શરૂઆત થાય છે, તેથી જ્ઞાન અને ભક્તિને વિરોધ ન આવે તે રીતે બંનેનો સમન્વય કરવો જોઈએ. જ્ઞાનની વૃદ્ધિ જ્યારે જ્ઞાનની અલ્પતા જણાવે છે, ત્યારે શ્રદ્ધા શરૂ થાય છે. શ્રદ્ધા તો અગમ્ય પ્રદેશોમાં પણ આત્માને પહોંચાડે છે, તેથી જ્ઞાન કરતાં પણ શ્રદ્ધા તો મૂલ્યવાન છે. શ્રદ્ધા ભક્તિમાં પ્રેરે છે. ભક્તિના જ પરિણામે મુક્તિ મળે છે.

જ્ઞાનની સાધના વખતે ભક્તિ આડે આવવી ન જોઈએ અને ભક્તિની સાધના વખતે જ્ઞાન આડે આવવું જોઈએ નહિ. બંનેનું પોતપોતાના સ્થાને ઉજ્જ્વળ છે, પરસ્થાને નિર્બળ છે. ક્રિયા મૂલ્યવાન છે, કેમ કે ક્રિયા વિના શ્રદ્ધા પણ ઈષ્ટ સ્થાને પહોંચાડી શકતી નથી. તેથી ક્રિયાનાં સ્થાને ક્રિયા ઉભયથી પણ બનતી છે. એ જ રીતે ત્રણેનો સમન્વય છે. પ્રારંભનો અવ્યવસ્થિત નમસ્કાર જ ઉપાડેલા પ્રથમ પગલાની જેમ ઈષ્ટ સ્થાને પહોંચાડવામાં અસાધારણ કારણરૂપ બને છે.

## તીર્થ વડે ત્રણ કાર્ય થાય

(૧) દાહ ટળે (૨) તૃષા ટળે (૩) મળ ગાળે.

કષાયનો દાહ વિષયની તૃષા કર્મનો મળ

એ ત્રણેનો નાશ કરવાની તાકાત ભાવતીર્થમાં છે.

સર્વ જીવોને આત્મસમાન જાણવાથી રાગ ટળે.

સર્વ જીવોને આત્મસમાન જોવાથી દ્વેષ ટળે.

સર્વ જીવોને આત્મસમાન વર્તવાથી મોહ ટળે.

o મોહ એટલે

પરની સાથે આત્મસમાન ન વર્તવાથી

પણ સુખ મળે એવી ભ્રાંતિ.

0 વવગય-કલીકલુસાણં
વવગયનિદ્ધંત-રાગદોસાણં |
વવગય-પુણબ્ભવાણં
નમોઽત્થુ દેવાહિદેવાણં ||

0 (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

અન્નાણ-કોહ-મય-માણ-
લોભ-માયા રઈ ય અરઈ ય |
નિદ્દા-સોગ-અલિય વયણ
ચોરિય-મચ્છર-ભયો ય ||૧||
પાણિવહ-પેમકીલા
પસંગ-હાસાઇ જસ્સ ઇ દોસા |
અટ્ઠારસ વિપ્પણટ્ઠા
નમામિ દેવાહિદેવં તં ||૨|| (પરિશિષ્ટ-૨)

અસરીરા જીવ ઘણા ઉવઉત્તા દંસણે ય નાણે ય |
સાગારમણાગારં લક્ખણમેયં તુ સિદ્ધાણં ||
-તિત્થોગાલી પયન્ના ૧૨૨૭

સંમત્ત નાણ દંસણ વીરિયં સુહુમં તહેવ અવગહણં |
અગુરુલહુમવ્વાબાહં અટ્ઠગુણા હુંતિ સિદ્ધાણં ||
(પરિશિષ્ટ-૩)

ન વિ અત્થિ માણુસાણં તં સોક્ખં ન વિ ય સવ્વદેવાણં ।
જં સિદ્ધાણં સોક્ખં અવ્વાબાહં ઉવગયાણં ॥
(પરિશિષ્ટ-૪) - તિત્થોગાલી પઇન્ના ૧૨૪૬

પડિરૂવો તેયસ્સી જુગપ્પહાણાગમો મહુરવક્કો ।
ગંભીરો ધિઇમંતો ઉવએસપરો ય આયરિઓ ॥
અપરિસ્સાવી સોમો સંગહસીલો અભિગ્ગહમઈ ય ।
અવિકત્થણો અચવલો પસંતહિયઓ ગુરૂ હોઇ ॥
(પરિશિષ્ટ-૫) - ઉપદેશમાલા ૧૦-૧૧

પડિરૂવાઇ ચઉદસ ખંતિમાઇ ય દસવિહો ધમ્મો ।
બારસ ય ભાવણાઓ સૂરિગુણા હુંતિ છત્તીસં ॥
(પરિશિષ્ટ-૬) - સંબોધ સિત્તરી ૨૭

સસરીરેવિ નિરીહા બજ્ઝબ્ભિંતર પરિગ્ગહવિમુક્કા ।
ધમ્મોવગરણમિત્તં ધરંતિ ચારિત્તરક્ખટ્ઠા ॥
પંચિંદિયદમણપરા જિણુત્તસિદ્ધંતગહિયપરમત્થા ।
પંચસમિયા તિગુત્તા સરણં મહ એરિસો ગુરુણો ॥
(પરિશિષ્ટ-૭) - સંબોધ સિત્તરી ૭,૮

મેઢી આલંબણં ખંભં દિટ્ઠી જાણં સુઉત્તમં ।
સૂરી જં હોઇ ગચ્છસ્સ તમ્હા તં તુ પરિક્ખએ ॥
(પરિશિષ્ટ-૮) - ગચ્છાચાર પઇન્ના ૮

ડીસા, કારતક સુદ ત્રીજ, સં. ૨૦૧૯

ॐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठ कम्मट्ठ नट्ठ संसारे
परमट्ठनिट्ठिअट्ठे अट्ठगुणाधीसरं वंदे ।

- બૃહદ્ ઉવસગ્ગહરં સ્તોત્રના મંત્રાક્ષરો

मेधा प्रज्ञा तथा श्रद्धा धारणा कान्तिरेव च ।
शान्तिः पुष्टिस्तथा लक्ष्मीरेतत् सर्वं प्रयच्छति ॥

મેધા - ગ્રહણ, પ્રજ્ઞા - નિશ્ચયાત્મક બુદ્ધિ,
શ્રદ્ધા - આસ્તિક્ય મતિ, ધારણા - સ્મરણ શક્તિ,
કાંતિ - કમનીયતા, શાંતિ - ચિત્ત પ્રશમ,
પુષ્ટિ - સર્વ પ્રકારનું પોષણ, લક્ષ્મી - સંપત્તિ.

पार्श्वः साक्षात् परब्रह्म आत्म पार्श्वे हृदि स्थितः ।
पार्श्व एव महामन्त्रः परमो विश्वतारकः ॥१॥

(પરિશિષ્ટ-૯) - ઉપસર્ગ ટીકાયામ્ ।

चइत्ता भारहं वासं चक्कवट्टी महिड्ढिओ ।
संती संतीकरो लोए पत्तो गइमणुत्तरं ॥२॥

(પરિશિષ્ટ-૧૦) - શ્રી ઉત્ત૦અ-૧૮, ગાથા-૩૮

'रागादिभिरनाक्रान्तो योगक्षेम-विधायकः ।
नित्यं प्रसत्तिपात्रं यस्तं देवं मुनयो विदुः ॥'

(પરિશિષ્ટ-૧૧) - श्रीहैम बृहन्न्यासे

ૐ

0 અતિ ઘણું ન તાણીએ, તાણ્યે તૂટી જાય,
તૂટ્યા પછી જો સાંધીએ, વચ્ચે ગાંઠ રહી જાય.

0 વીતરાગતા

વીતરાગતા વિશ્વપ્રેમની સૂચક છે. પ્રેમ એ જીવનો સહજ ધર્મ છે. તેનું ક્ષેત્ર સમગ્ર વિશ્વ બને છે, ત્યારે વીતરાગતા સિદ્ધ થાય છે અથવા વીતરાગતા એ જ સમગ્ર પ્રત્યે પ્રેમનું લક્ષણ છે. સર્વને સમાન માનવા, સમાનભાવે જોવા અને ઉપકારના બદલાની આકાંક્ષા ન રાખવી એ જ વિશ્વપ્રેમની સાચી વ્યાખ્યા છે અને તે જ વીતરાગ ભગવંતનું આરાધિવાર્ણું ચિહ્ન છે.

'સવિ જીવ કરું શાસનરસી' એ ભાવના
'વિશ્વપ્રેમની દૃષ્ટિ બધા પામો.'
એવી ઉદાત્ત ભાવનાને સૂચવે છે.

બધા પ્રત્યે સમત્વભાવવાળા બનો, કારણકે સમત્વ એ જ સાચી દૃષ્ટિ છે. વૈષમ્ય વચ્ચે પણ સમત્વ સ્થિર -ધ્રુવ છે. વૈષમ્ય આગંતુક છે. સમત્વ વસ્તુસ્વભાવ છે. વસ્તુનો મૂળ ધર્મ સમાન છે. સ્વમાં હોવું, પરમાં ન હોવું, દ્રવ્યથી નિત્ય હોવું, પર્યાયથી અનિત્ય હોવું, શબ્દ દ્વારા કથંચિત વાચ્ય થવું, કથંચિત અવાચ્ય રહેવું, સ્વગુણ

પર્યાયથી કથંચિત ભિન્ન હોવું, કથંચિત અભિન્ન હોવું,
પ્રદેશથી અભિન્ન, કાર્ય દૃષ્ટિએ ભિન્ન-ભિન્ન છે.
વસ્તુ એક સામાન્યથી એક અને વિશેષથી અનેક છે.

० નપુંસકવેદનો બંધ પહેલે, સ્ત્રીવેદનો બંધ બીજે,
પુરુષવેદનો બંધ નવમાના પહેલાં ભાગ સુધી,
શોક-અરતિનો બંધ પાંચમે સુધી,
હાસ્ય-રતિ-ભય-જુગુપ્સાનો બંધ નવમે ૬ઠ્ઠા ભાગા સુધી,
ઉદયવેદ ત્રણે નવમા સુધી, હાસ્યષટ્ક નવમા સુધી,
૩ વેદની અને હાસ્યાદિષટ્કની સત્તા નવમા સુધી રહે છે.

Univarsalisation of the individul and individulisation of the universal - ટૂંક વાતે પહેલું અને દૂરગ વાતે બીજું સૂત્ર ઉપકારી છે.

પ્રત્યેક શુભભાવમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતા રહેલી છે. જ્ઞાનની પીળાશ, દર્શનની ચીકાશ અને ચારિત્રની ભારાશ. સુવર્ણની જેમ ધર્મ સુવર્ણની કસોટી છે. ધર્મ એટલે શુભભાવ. શુભભાવ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા. દાન-શીલ-તપ વાતે તેને આચરનારમાં જે ભાવ

જાગે છે તે શુભ હોય છે. તેમાં અજ્ઞાન, અશ્રદ્ધા, અનાચરણનો દોષ હોતો નથી. હિંસા, કુશીલ કે ગૃદ્ધિ ન હોવાથી અને અંશે પણ વિવેક, શ્રદ્ધા અને ત્યાગ હોવાથી, આસ્રવનો પરિહાર હોવાથી, તે રત્નત્રય સ્વરૂપ છે. તે મુક્તિહેતુક બને તે ખાતર તેનું જ્ઞાન - દર્શન નિર્મળ કરવું જોઈએ, વિકસાવવું જોઈએ.

## સત્ક્રિયાથી શુભભાવ જાગે છે.

શુભભાવ રત્નત્રયમય છે, તેથી શુદ્ધ ધર્મ છે. શુદ્ધ ધર્મનો એક અંશ પણ ભવભયથી મુક્ત કરે છે. અંશમાં પૂર્ણ થવાની તાકાત છે, તેથી અંશને એમ પૂર્ણ મનાય નહિ, તેમ અંશમાં પૂર્ણ થવાની તાકાત છે, તેથી તેની ઉપેક્ષા કરાય નહિ. આ રીતે ધર્મનું મૂલ્યાંકન હૃદયમાં વસવાથી, થતો પ્રત્યેક ધર્મ, ધર્મની વૃદ્ધિનો હેતુ થાય છે, સાનુબંધ બને છે. આચારને ધર્મ કહેવાય, પરન્તુ તે શૂન્ય બરાબર છે. વિચારને ધર્મ કહેવાય તે ૧ બરાબર છે.

શૂન્ય નકામું છે, પણ ૧ ઉપરનું શૂન્ય એકડા કરતાં દશ ગુણા મહત્ત્વવાળું છે. વિચાર પણ આચારવાનને માટે બળદાયી છે. તે આચારવાનને પરિણામ પામે છે. ધર્મ આચારમાં છે, માત્ર વિચારમાં નહિ. તે તો આચારપૂર્વકના

વિચારમાં છે અથવા આશ્રવ માટેના વિચારમાં છે.

o ૨૨ પરિષહોમાં એક અજ્ઞાન અને બીજું અદર્શન.

સૂત્ર - સિદ્ધાંતમાં એ બે પરિષહ જીતવા દુષ્કર કહ્યાં છે.

અજ્ઞાનને ભણવાથી ક્ષયોપશમ થાય છે.

અદર્શનને જીતવાથી બધા પરિષહો જીતાય છે.

એનો અર્થ કે જ્ઞાન ન વધે તો પણ શ્રદ્ધાને છોડે નહિ.

શ્રદ્ધા ભલે બુદ્ધિગ્રાહ્ય ન હોય, પણ અનુભવગ્રાહ્ય છે.

અનુભવપ્રમાણ બુદ્ધિપ્રમાણ કરતાં ચઢીયાતું છે.

એક પરોક્ષ - અસ્પષ્ટ છે, બીજું પ્રત્યક્ષ સ્પષ્ટ છે.

o સરાગીનું મન પ્રસન્ન રાખવાથી જેવું ફળ મળે છે, તેવું જ વીતરાગને સ્તુત્યાદિ વડે પ્રસન્ન કરવાની ચેષ્ટાથી પણ ફળ મળે છે. તેમાં કારણ સરાગી કે વીતરાગ નહિ, પણ બીજાને પ્રસન્ન કરવા માટેનો પોતાનો પ્રયત્ન છે. પ્રસન્ન કરવા માટે થતો પ્રયત્ન શુભધ્યાનનો જનક છે. પ્રશસ્ત વિષયમાં એકાગ્રતા એ જ ફળ ઉત્પત્તિમાં મુખ્ય હેતુ છે. એકાગ્રતા તો જ આવે કે 'જેની સ્તુતિ કરીએ છીએ તેની સ્તુતિ અવશ્ય ફળનારી છે' એવો વિશ્વાસ હોય.

માટે વિશ્વાસ અને શ્રદ્ધા એ જ

ફળપ્રાપ્તિમાં અસાધારણ કારણ તરીકે મનાય છે.

## સ્તવના ૨૦ પ્રકારો

(૧) પ્રસ્તાવનાસ્તવ

(૨) સહજાતિશય વર્ણનસ્તવ

(૩) કર્મક્ષયજાતિશય વર્ણનસ્તવ

(૪) દેવકૃતાતિશય વર્ણનસ્તવ

(૫) પ્રાતિહાર્ય સ્તવનસ્તવ

(૬) પ્રતિપક્ષખંડન - વિપક્ષ નિરાસસ્તવ

(૭) જગત્કર્તૃત્વ નિરાસસ્તવ

(૮) એકાંતપક્ષ નિરાસસ્તવ

(૯) કલિકાલોપબૃંહણસ્તવ

(૧૦) અદ્ભુતસ્તવ (૧૧) મહિમસ્તવ

(૧૨) વૈરાગ્યસ્તવ (૧૩) ભક્તિસ્તવ

(૧૪) વીતરાગ દૃઢીકરણાર્થ - વિરોધ હેતુ નિરાસસ્તવ

(૧૫) વીતરાગ ઉપરાંત યોગશુદ્ધિસ્તવ

(૧૬) ઉપભક્તિ - આત્મગર્હાસ્તવ

(૧૭) ભક્તિની છેલ્લી હદ - શરણસ્તવ

(૧૮) ભક્તિવૃદ્ધિ માટે કુઠારરૂપ કઠોરોક્તિસ્તવ

(૧૯) ભાવભક્તિ આજ્ઞારાધનરૂપ આજ્ઞાસ્તવ

(૨૦) સમાપ્તિમાં આશીર્વાદરૂપ આશીષસ્તવ.

० <u>હિન્દુ તંત્રશાસ્ત્ર</u> પ્રમાણે શિવ અને શક્તિના સંયોગમાંથી આખા વિશ્વનો પ્રાદુર્ભાવ થયો છે. તેમાં શિવ એ દ્રષ્ટા છે, અકર્તા છે. શક્તિ સમગ્ર પ્રક્રિયાનું મૂળ છે, કર્તા છે, ક્રિયાધાર છે. પુરુષરૂપે શિવ એ વિશ્વનો passive male principle - અક્રિયાત્મક પુરુષતત્વ છે. સ્ત્રી છે તે વિશ્વનો Active female principle - ક્રિયાત્મક સ્ત્રીતત્વ છે. સાંખ્યમાં પુરુષ અને પ્રકૃતિનું સાયુજ્ય એ શિવશક્તિના સાયુજ્યનો જ કલ્પના પર્યાય છે.

० <u>બૌદ્ધ તંત્રશાસ્ત્ર</u> પ્રમાણે પ્રજ્ઞા અને ઉપાયનો સંગમ છે. <u>પ્રજ્ઞા</u> એટલે જ્ઞાનની અંતિમ કોટિ, જેમાંથી આ વિશ્વ પ્રાદુર્ભાવ પામ્યું છે અને જે આ વિશ્વથી પર છે. બૌદ્ધ પરિભાષામાં જેને શૂન્યતાથી ઓળખવામાં આવે છે, તે શૂન્યતાની પ્રતિપત્તિ - સાક્ષાત્કારની સ્થિતિને 'પ્રજ્ઞા-પારમિતા' એટલે કે પારને પામેલી પ્રજ્ઞા - ઉત્કૃષ્ટતાની કોટિએ પહોંચેલી પ્રજ્ઞા ઇત્યાદિ છે.

બીજું તત્વ <u>ઉપાય</u> એટલે પ્રેમ અને કરુણારૂપી સાધન. તે વડે જ પ્રજ્ઞાની સિદ્ધિ શક્ય બને છે. જે નારી છે તે પ્રજ્ઞાનું પ્રતીક - passive female principle - અક્રિયાત્મક સ્ત્રીતત્વ છે. અક્રિયાત્મક એટલા માટે કે

જ્ઞાન પ્રાપ્તિમાં કશું કરવાપણું હોતું નથી, માત્ર પ્રત્યક્ષનું જાણવાપણું જ હોય છે. જે પુરુષ છે, તે ઓમકારનું પ્રતીક છે. Active dynamic male principle - ક્રિયાત્મક પુરુષતત્ત્વ છે. પ્રેમ કરુણારૂપ ઓમકારમાં હંમેશા ક્રિયા-કારિત્વ રહેલું છે.

પ્રેમ વિનાનું જ્ઞાન, કરુણા વિનાની ક્રિયાશીલતાનું પરિણામ આધ્યાત્મિક અવસાનમાં આવે. જ્ઞાન વિનાના પ્રેમ-તર્કશીલતા વિનાની કરુણાનું પરિણામ વ્યામોહમાં, બુદ્ધિનાશમાં આવે. જ્યારે મસ્તિષ્ક અને હૃદયનો, કરુણા અને બુદ્ધિનો, ઉત્કૃષ્ટ પ્રેમ અને ગહનતમ જ્ઞાનનો સંગમ-સમન્વય થાય છે, ત્યારે જ ઈશ્વરની અને પ્રકૃતિની પરમકોટિએ પહોંચાય છે, અપૂર્વ તેજ વડે ઝળહળતા જ્ઞાનસૂર્યનો અને ન કલ્પી-ન વર્ણવી શકાય તેવા આનંદ ચંદ્રનો અંતરતમ પ્રદેશમાં ઉદય થાય છે.

યુગલ પ્રતિમા સ્ત્રી-પુરુષના સ્થૂલમિલનને રજુ કરતી નથી, પણ માનવજીવનની પૂર્ણાવસ્થાને - બુદ્ધત્વને પ્રાપ્ત કરવા માટેની દ્વિમુખી આધ્યાત્મિક પ્રક્રિયાને રજુ કરે છે.

o ચંદનના લાકડાને જેમ જેમ ઘસવામાં આવે, તેમ તેમ તે સુગંધ આપે છે. શેરડીના સાંઠાને જેમ જેમ

પીગળવામાં આવે, તેમ તેમ તે વધુ મીઠો રસ આપે છે.
સોનાને જેમ જેમ અગ્નિમાં તપાવવામાં આવે છે,
તેમ તેમ તે વિશેષ ચોક્ખું બનતું જાય છે,
એમ સત્પુરુષોનો સાધક સ્વભાવ જેમ પ્રતિકૂળ સંયોગો આવે, તેમ તેમ શુદ્ધ થતો જાય છે. જેમ આરીસામાં પવનનું પ્રતિબિંબ પડે તો તે કાંઈ તૂટી જતો નથી અને સમુદ્રનું પ્રતિબિંબ પડે તો તે કાંઈ ભીંજાઈ જતો નથી, તેમ સાધકો અનુકૂળ સંયોગોથી સુખ અને પ્રતિકૂળ સંયોગોથી કદી પણ દુઃખ પામતા નથી. બન્ને પ્રકારના સંયોગો તેમની સાધક અવસ્થામાં ફક્ત બોધ રૂપે જણાઈ જાય છે.

સંયોગો ક્ષણિક છે. કોઈ જીવને એના એ સંયોગો રહે નહિ. સંયોગી ભાવ (વિભાવભાવ) ક્ષણિક છે, એનો એ વિભાવભાવ કોઈ જીવને રહે નહિ. જીવનો સાધકભાવ ત્રિકાળ એકરૂપ - અખંડ સદા ને સદા રહે. માટે જ સાધકો બુદ્ધિથી સંયોગો અને સંયોગી ભાવો, કે જે ક્ષણિક છે, તેના ઉપરની દૃષ્ટિને છોડી, ત્રિકાળ એકરૂપ સાધક સ્વભાવ ઉપર જ દૃષ્ટિ રાખે છે. એ જ સુખ - શાંતિનો સાચો ઉપાય છે. આત્મા સત્ (ત્રિકાળાબાધિત) છે, શુભાશુભ-ભાવો (ક્ષણિક) અસત્ છે. જે સત્ - સાધકભાવને સમજે,

તેને અસત્-શુભાશુભભાવો ન ટળે એમ બને જ નહિ. તે શુભાશુભભાવોથી લાભ પણ માને નહિ. સત્ સમજનારને અસત્‌ની સાથે એકત્વ બુદ્ધિ ટળ્યા વિના રહેતી નથી, કેમકે સત્‌ને સમજવાનું એ જ ફળ છે.

'પ્રેત્યેહ દુર્લભા બુદ્ધિ દુર્લભા સાઽન્યજન્મને ।
તાં પ્રાપ્ય યે પ્રમાદ્યન્તિ તે શોચ્યાઃ ખલુ ધીમતામ્ ॥

(પરિશિષ્ટ-૧૨)

સંસારમાં પરલોક અર્થે બુદ્ધિ પ્રાપ્ત થવી અતિદુર્લભ છે. આવી બુદ્ધિ પ્રાપ્ત થવા છતાં જેઓ પ્રમાદ કરે છે, તે ખરેખર બુદ્ધિમાનો માટે શોચનીય છે.

૦ સંસારમાં એક એવું વિચિત્ર સ્થળ છે, કે જ્યાં રણ છે પણ રેતી નથી, નદી-સમુદ્રો છે પણ પાણી નથી, જંગલો છે પણ ઝાડ નથી, પર્વતો છે પણ પથ્થર નથી, નગરો છે પણ ઘર નથી, તેનું નામ નકશો.

સુખ નામનો એક એવો જ વિશિષ્ટ પ્રદેશ છે,
જ્યાં સાચું સુખ નથી, તે છે વિષયો.

૦ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન, તેનું મૂળ તત્ત્વનિર્ણય, તેનું મૂળ સત્‌ની રુચિપૂર્વક સત્સમાગમ અને સત્શાસ્ત્રનો અભ્યાસ અવશ્ય કરવા યોગ્ય છે. તત્ત્વનિર્ણય રૂપ ધર્મ એ

બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, નિર્ધન, ધનવાન, સુક્ષેત્રી, કુક્ષેત્રી સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે. આત્મહિતૈષીએ સર્વ પ્રથમ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય કરવું જોઈએ.

o આત્માની અંદર સ્વભાવ સન્મુખ દશા થાય છે, તે 'ભાવ શ્રુતજ્ઞાન' છે. પરિપૂર્ણ આત્મદ્રવ્યને લક્ષગત કરવા જે વિચારશ્રેણિ ચાલે છે, તે 'દ્રવ્યશ્રુત' છે. વિચારની જે શ્રેણિ અખંડ આત્માને પકડવા તરફ જાય છે,

તેને શ્રી આચાર્યોએ 'પૂર્ણ શ્રુતજ્ઞાન' કહ્યું છે.

'આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન તે જ આત્મા છે.' અંતરમાં આવો વિચાર ચાલે તેને 'વ્યવહાર શ્રુતકેવલી' કહે છે. ગુણગુણીનો આવો ભેદ અભેદને જ સૂચવે છે. અંતર અનુભવ થતાં પહેલાં આવો ભેદ આવે છે, પણ તે ભેદ ઉપાદેય નહિ. માત્ર તે ભેદને જ પકડી રાખે તો અભેદનો અનુભવ થાય નહિ. સંસારનો અભાવ ભેદથી નહિ, પણ અભેદ સ્વભાવના અવલંબને જ થાય છે.

સ્વભાવ સન્મુખ અંતર તરફ વળવાનો ભાવ એ છે 'વ્યવહાર શ્રુતકેવલી'. વિચારનો ઝુકાવ ચૈતન્ય ઉપર છે. સર્વ સ્વભાવના આધાર (અભેદ દ્રવ્ય)ને પકડવામાં તે વિચારશ્રેણિ નિમિત્ત છે. આ પ્રકારનો વ્યવહાર છૂટીને

આત્માનો અનુભવ થાય, ત્યારે તે 'નિમિત્ત' ગણાય છે.

'નન્તા હન્ત ! ભવત્યેકો ભવત્યેકસ્ય શંસિતઃ ।
શંસિતા લભતે કામાન્ નન્તા લભતિ વા ન વા ॥'

-માતૃકાપ્રકરણે રત્નચંદ્ર ગણિ

(પરિશિષ્ટ-૧૩)

૦ જગતમાં એક એવા સ્થળ છે જેનું પ્રમાણ એક ફૂટ કે એક ઇંચ જેટલું છે, છતાં તેમાં આખું જગત સમાઈ જાય છે. તેનું નામ દર્પણ અથવા આંખ છે.

૦ રસના ગુણ ગુરુ સંસ્તવે, દૃષ્ટિ ગુણ દર્શને...
નવ સાંગો પૂજા સમે, કાયા ગુણ ફરસને.
ગુણ ગુરુ અવલંબે, ઈશ અવલંબ મસ્તક પ્રણિપાતે,
શુદ્ધ નિમિત્ત સવે પુષ્ટા, શુભ પરિણામ થાતે.
વિવિધ નિમિત્ત વિલાસથી, એ પણ વિલસે અનંત,
ભવતરિયો ભવાંતરે, નિશ્ચલ ધ્યેય મહંત.

Spiritual development is rather an inward realisation of right which transmutes the whole nature of સાધક into the likeness of Truth.

ॐ

## સાચો ધર્મ

o સાચો ધર્મ વાયુની જેમ સુગંધિત હોય છે.
o સાચો ધર્મ પૃથ્વીની જેમ સ્થિર હોય છે.
o સાચો ધર્મ આકાશની જેમ સર્વવ્યાપી હોય છે.

ક્રન્દન્તિ પંડિતાઃ કુર્યુરશ્રુપાતં ચ મધ્યમાઃ ।
અધમાશ્ચ શિરોઘાતં શોકે ધર્મવિવેકિનઃ ॥

(પરિશિષ્ટ-૧૪)

o (શુભ)આસ્રવ રૂપી ઘરતીની સહાય વિના દુર્ગતિમાં પડતા આત્માને બચાવનાર બીજું કોઈ નથી, તેથી આસ્રવ જ પાડે છે અને એ જ તારે છે, એ જરૂરી છે.

o 'કહે કબીર કમાલકું, દો બાતાં શીખ લે...
કર સાહેબકી બંદગી ઔર ભૂખ્યાકું કુછ દે.'

o પરમેશ્વરની જે શક્તિ માનવમાં પ્રગટ થઈ છે,
તેનું નામ 'શબ્દ' છે.

માનવને માટે વાણી એ વિશેષતા છે.
જેવા સ્પષ્ટ વર્ણો માનવમાં દેખાય છે, તેવા માનવેતર પ્રાણીમાં નથી. શબ્દશક્તિની હંમેશા કદર કરો.

o સાહિત્ય-સંગીત-ચિત્રાદિકળાની ખૂબી સમજવા માટે આંખ, કાન, મન કેળવાયેલા હોવા જોઈએ એવું નથી.

ઉદાહુઃ- પુવ્વિં દુચ્ચિણ્ણાણં દુપ્પડિકંતાણં કડાણં કમ્માણં વેઅઇત્તા મોક્ખો, નત્થિ અવેઇત્તા, તવસા વા ઝોસઇત્તા ।

કૃતકર્મક્ષયો નાસ્તિ, કલ્પકોટિશતૈરપિ ।

'જં અન્નાણીકમ્મં ખવેઇ બહુઆહિં વાસકોડીહિં
તં નાણી તિહિં ગુત્તો ખવેઇ ઊસાસમેત્તેણ ।'

(પરિશિષ્ટ-૧૫)

o ધ્રૌવ્ય થતા મોહનું નિવારણ વ્યય અને ઉત્પાદથી છે.
વ્યય થતાં શોકનું નિવારણ ધ્રૌવ્ય અને ઉત્પાદથી છે.
ઉત્પાદથી થતાં હર્ષનું નિવારણ વ્યય અને ધ્રૌવ્યથી છે.
આમ રતિ-અરતિના નિવારણ માટે ધ્રૌવ્ય,
હર્ષ-શોકના નિવારણ માટે ઉત્પાદ અને
ભય-જુગુપ્સા-મોહના નિવારણ માટે વ્યય છે.

o એક પર્યાયનો નાશ, એ બીજા પર્યાયની ઉત્પત્તિ છે.
મૂળ સ્વરૂપે કાયમ વસ્તુ કાયમ છે,
માટે શોક, ભય કે ચિંતાની જરૂર નથી.

o વસ્તુ નાશવંત છે, માટે હર્ષ-રાગ-મદની જરૂર નથી.
વસ્તુ ઉત્પત્તિશીલ છે, માટે
ગ્લાની-વિષાદ-અધૃતિની જરૂર નથી.

0 વસ્તુ જુની-નવી થનારી છે, એનું જ્ઞાન અનિવાર્ય છે.
વસ્તુ નાશવંત છે, માટે અરતિ અને શોક થાય છે.
વસ્તુ ઉત્પાદધર્મવાળી છે, માટે રતિ અને હર્ષ થાય છે.
વસ્તુ ધ્રૌવ્યસ્વરૂપ છે, માટે મોહ અને મૂર્છા થાય છે.

0 ચિત્તવૃત્તિઓ ઉપર વસ્તુના સ્વભાવની વિપરીત અસરો નિવારવા માટે વસ્તુનું મૂળ સ્વરૂપ કેવળ ઉત્પાદ, કેવળ વ્યય કે કેવળ ધ્રૌવ્ય સ્વરૂપ નહિ, પણ કોઈ અંશે કાયમ રહેવાવાળી, કોઈ અંશે અન્ય પરિવર્તન પામનારી છે એમ વિચારવું.

0 નવતત્ત્વનું જ્ઞાન, નવપદનું આરાધન,
નવ પુણ્યનું સેવન, નવ બ્રહ્મગુપ્તિનું પાલન
એ અનુક્રમે
જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના છે.

0 પરમાત્માની વાણીમાં ઝુકાવશે તો જીવ - અજીવનું સ્વરૂપ આવે. જીવને ઓળખવા અને અજીવ સાથેના અનાદિ સંબંધથી પોતાનું સુખ વિસરીને સુખના નામે દુઃખી થતા જીવને એ સંબંધથી છુટો કરવા પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ તત્ત્વ સમજાવવામાં આવ્યા છે. જીવને સીધી રીતે કે પરંપરાએ મોક્ષની

તરફ લઈ જનાર પછી, મન અથવા વર્તનનો વ્યાપાર તે ધર્મ. મોક્ષથી દૂર લઈ જનાર કે દૂર રાખનાર પ્રવૃત્તિ અને વિચાર તે અધર્મ કહેવાય. ધર્મને આદરવા અને અધર્મથી બચવા શું છોડવા લાયક છે? શું જાણવા લાયક છે? અને શું આદરવા લાયક છે? એનો વિચાર હેય, જ્ઞેય અને ઉપાદેયના ભાગથી આવે છે.

o અંતરદૃષ્ટિમાં આશયની શુદ્ધિ તે નિશ્ચય અને એ નિશ્ચયને પુષ્ટ કરે એવી શ્રી અરિહંતની આજ્ઞાનુસારે જીવનની શુદ્ધ પ્રવૃત્તિ તે વ્યવહાર. તે વ્યવહારમાં મુખ્યપણે પાલન કરવા માટે આદર્શરૂપે માર્ગ બતાવ્યો તે ઉત્સર્ગ. એ આદર્શ માર્ગમાં પહોંચવા માટે અને એમાં પોતાની શક્તિને અનુસારે સ્થિર થવા માટે અલ્પાંશરૂપ અપવાદ.

ઉત્સર્ગ અને અપવાદને સમજીને, ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગ, અપવાદના સ્થાને અપવાદને યોજનારા આત્માને અનુકૂળ અને પ્રતિકૂળ પોતપોતાના ગુણઠાણાની યોગ્યતા પ્રમાણે હોય. એની સમજણપૂર્વક આરાધના કરતાં ય અનાદિ અભ્યાસથી જીવોને અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચાર રૂપે સ્ખલના થવાની સંભાવના હોય છે. એનાથી બચવાના ઉપાય કેમ યોજવા, વગેરે

ઘણા દ્રષ્ટાંતો શ્રી અરિહંતની વાણીમાં બતાવવામાં આવ્યા છે.

ગીતાર્થ, સામાચારી પ્રાપ્ત, ક્રિયાકારક, સુવિહિત, સંવિગ્ન ગીતાર્થ ગુરૂ ભગવંતના મુખથી સાંભળતા જિનવાણીના મર્મ સમજાય. એ વાણીને સાંભળવાનો અવસર પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવને મળે, જેમ કે સારા ક્ષેત્ર, દેશ, ગામ, શુદ્ધ વંશ - જાતિ, ઉત્તમ માતા - પિતા, ધર્મી ભાઈઓ, સુંદર બળ, ધર્માનુકુળ ધર્મપત્ની, વિનયી પુત્ર, દરેક અને ધર્મરંગી પરિવાર મળ્યા, પછી સુદેવ - ગુરૂ - ધર્મનો સંયોગ, એના પરિચયે સુવિધા, એનાથી વાસિત થતાં સદ્બુદ્ધિ, આ બધી અનુકુળતા અધિક અધિક પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય.

આવા જીવો શ્રી અરિહંત દેવની વાણીના
શ્રવણનો લાભ મેળવી શકે.

એટલું પુણ્ય સત્સંગના સેવન - કુસંગના ત્યાગથી પમાય.

આ કારણે સારી બુદ્ધિવાળા, સદાચારમાં લીન, સંતોષ વૃત્તિને ધારણ કરનારા, સાચી ભાવના ધરાવનારા, કૂડકપટથી અતિ દૂર વસનારા, હિતમિત, સત્યવાદી, સુલક્ષણા, ગંભીર, ગુણધારક, ગુણ જાણ, ગુણાનુરાગી એવા પુરૂષોની સંગતિ કરવી, પરંતુ નિંદક, ચોરી કરનારા, વ્યસની, અધમ અને અધર્મી, અવિનીત, બહુબોલા, અનાચાર પ્રિય, અન્યાયી,

તુચ્છ, અધીર, સત્વહીન, અતિશય ક્રોધી, અતિ મમત્વવાન, આદિ જીવોની કુસંગતિથી દૂર રહેવું. સુસંગતિને સેવે તેને જિનવાણીનું શ્રવણ સહેલાઈથી મળે, એ પરિણમન પણ સારી રીતે થાય. પરમાત્માની વાણીના સુશ્રવણ તથા અભ્યાસને સફળ કરવા સદાચારની મુખ્ય આવશ્યકતા છે.

૦ બે પ્રકારના સદાચાર: લૌકિક અને લોકોત્તર.

લૌકિક સદાચાર આલોક-પરલોકનાં બાહ્યસુખો આપે છે.

લોકોત્તર સદાચાર એ બન્ને જાતિનાં સુખો ઉપરાંત આત્મિક સુખ પણ પ્રાપ્ત કરાવે છે.

૦ પ્રતિષ્ઠા કરનાર આચાર્યમાં આવશ્યક મુખ્ય ગુણો:

(૧) પ્રતિષ્ઠાકાર આચાર્યનું મન દૃઢ સંકલ્પવાળું

(૨) પ્રતિષ્ઠાકાર આચાર્યનો આત્મા શુભપરિણામી

(૩) પ્રતિષ્ઠાકાર આચાર્યની આચારશુદ્ધિ જરૂરી છે.

પ્રતિષ્ઠાકારના મુખ્ય ચાર દોષ:

પ્રતિષ્ઠાકાર આચાર્ય આત્મવિશુદ્ધિહીન, લઘુ હૃદયી, રોગગ્રસ્ત અને મનોબળહીન ન હોવા જોઈએ.

૦ આચાર્યએ પ્રતિષ્ઠાદિને ઉપવાસ કરવો જોઈએ.

૦ ઈંદ્ર, શિલ્પી અને આચાર્ય ત્રણે ઉત્તમ હોવા જોઈએ.

'તુમંસિ નામ સચ્ચેવ જં હંતવ્વં તિ મન્નસિ
તુમંસિ નામ સચ્ચેવ જં અજ્જાવેયવ્વં તિ મન્નસિ,
તુમંસિ નામ સચ્ચેવ જં પરિયાવેયવ્વં તિ મન્નસિ,
એવં જં પરિઘેત્તવ્વંતિ મન્નસિ,
જં ઉદ્દવેયવ્વં તિ મન્નસિ,
અંજુ ચેય પડિબુદ્ધજીવી, તમ્હા ન હંતા ન વિ ઘાયએ,
અણુસંવેયણમપ્પાણેણં જં હંતવ્વં નાભિપત્થએ ।'

-શ્રી આચારાંગ સૂત્ર, અ-૫ ઉ૦૫. સૂ-૧૬૫

(પરિશિષ્ટ-૧૬)

0 અજ્જાવેયં - આજ્ઞાપયિતવ્યમ્
પરિયાવેયં - પરિતાપયિતવ્યમ્
પરિગૃહીતવ્યમ્
અપદ્રાવયિતવ્યમ્
પ્રાણવિયોજીકરણમ્

0 'અહં મમ' એ મોહરાજાનો મંત્ર છે.
'નાહં ન મમ' એ ધર્મરાજાનો મંત્ર છે.

નમઃ = 'નહિ તદ્રૂપં'
અર્હં = 'સએવાઽહં'
ૐ = 'પરમાત્મ વાચકં'

જગતમાં હું એકલો નથી.
બધી વસ્તુ મારી નથી. મારા જેવા અનંત આત્માઓ છે.
બધાની બધી વસ્તુઓ બધા માટે છે.
સર્વ જીવોનો ઉપકાર લીધો છે, માટે
પ્રત્યુપકાર કરવો જોઈએ.
'સર્વ સુખ પામો'
એ ભાવના વડે પ્રત્યુપકાર થાય છે.
સર્વ જીવો પર અપકાર કર્યો છે, તેના પ્રાયશ્ચિત માટે
'સર્વનું દુઃખ ટળો'
એ ભાવના વડે શુદ્ધિ થાય છે.

શુદ્ધ આત્મદ્રવ્ય એ જ હું છું. શુદ્ધ જ્ઞાનગુણ મારા છે, તે સિવાય બીજો હું નથી અને બીજા મારા નથી. લાગેલા ઔદયિકાદિ ભાવોમાં જે મુંઝાતો નથી, તે તો આકાશની જેમ પાપપંક વડે લેપાતો નથી. પ્રતિ પાટકમાં પરદ્રવ્યનું નાટક જોતો રહ્યો અમૂઢ જીવ ભવચક્રરૂપી નગરમાં રહેવા છતાં ખેદ પામતો નથી. વિકલ્પરૂપી પ્યાલાઓ વડે મોહરૂપી આસવને પીધેલો રહ્યો જીવ ભવની અંદર ઉંચેથી તાળીઓ પાડીને નાચે છે. આત્માનું સહજસ્વરૂપ સ્ફટિક સમું નિર્મળ છે. ઉપાધિના સંબંધમાં અધ્યસ્ત

જ્ઞાની જડ તે ઉપાધિમાં મોહ પામે છે. મોહના ત્યાગથી આનારોપિત સુખનો અનુભવ કરતો જીવ આરોપ પ્રિય લોકોને સુખનું સ્વરૂપ કહેતી વખતે આશ્ચર્યચકિત થાય છે. જ્ઞાન રૂપી દર્પણમાં સમસ્ત આત્મવની મનોહર બુદ્ધિ જેમણે સ્થાપન કરી છે, તે નિરુપયોગી પરદ્રવ્યમાં કદી પણ મોહ પામતા નથી.

0 અત્રિ એટલે ત્રિગુણાતીત અવસ્થા.
અનસૂયા એટલે પતિવ્રતાનો નમૂનો.
દત્તાત્રય એટલે ગુરુ એટલે મોટા.

0 ગુરુતા તેમાં આવે કે જે સર્વને પોતામાં સમાવે. સર્વમાંથી બોધ લઈ શકવાની શક્તિવાળા જ બાળકોને બોધ આપવાની શક્તિવાળા બને છે.

ત્રિગુણાતીત અવસ્થાને આદર્શ રાખીને, તેના બાળક બનીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા સરસ્વતી, લક્ષ્મી અને કાલી બાળ કરનારા થાય છે.

0 પરહિત સરિસ
ધરમ નહી ભાઈ,
પરપીડા સમ
નહિ અધમાઈ. – તુલસીદાસ

જે સત્કર્મ કરે તેને ફળની દરકાર હોતી નથી, કારણકે તેને ખાત્રી છે કે તેનું સાચું ફળ આજે નહિ તો કાલે મળવાનું જ છે. તેમ છતાં ફળ ન મળે તો નિરાશ થતો નથી, કારણકે એના હૃદયમાં સત્કર્મ કર્યાનો સંપૂર્ણ સંતોષ કાયમ રહેલ છે.

પ્રશ્ન: મનુષ્ય શ્રીમંત થાય, વિદ્વાન થાય કે કીર્તિમાન થાય, પરંતુ એના જીવન સાફલ્યની ખરી કસોટી કઈ?

ઉત્તર: એની કસોટી એ છે કે મારા હૃદયમાં કોનું સ્થાન છે અને કોના હૃદયમાં મારું સ્થાન છે? મારા હૃદયમાં બિરાજેલા અને બીજાના હૃદયમાં હું સ્થાન પામ્યો હોઉં, તે જેટલા સારા, તેટલું મારું જીવનસાફલ્ય.

આપણે સૌ મયૂરાસને સ્થાન મેળવવા કરતાં
સત્પુરુષોના હૃદયસિંહાસન ઉપર સ્થાન મેળવશો,
તો તેમાં જ જીવનનું સાચું સાફલ્ય છે.

o

ધર્મસ્થાનો અને સમૂહક્રિયા
શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવને પોષે છે.
તેનાથી 'સર્વે સુખી થાઓ'
એવું વાતાવરણ સર્જાય છે.

1-5-1959

## <u>પહેલાં વિશ્વયુદ્ધનું</u> ખર્ચ

જે દેશોના ૨ કરોડ મનુષ્ય માર્યા ગયા અને ૧ કરોડ ઘાયલ થયા, તે બધા દેશોમાં આ ખર્ચમાંથી એક-એક નાગરીકને ઘર બંધાવી, ઉપરાંત પાંચ એકરની જમીન આપી શકાત. ૨૦ હજાર ઉપરની વસ્તીવાળા ગામમાં ૨૫ લાખની લાયબ્રેરી અને દરેક મોટા શહેરમાં એક ક્રોડની યુનીવર્સિટી બાંધી શકાત. આટલું કર્યા પછી પણ એટલી રકમ બચત કે ફ્રાંસ અને બેલ્જીયમ, કે જેને માટે ઝઘડો થયો હતો, તેની બધી જમીન ઉપરની મિલ્કત સમેત ખરીદી શકાત.

<u>બીજા વિશ્વયુદ્ધમાં</u> તો આનાથી ય પાંચ-પચીસગણું અધિક ખર્ચ થયું હશે. તેના ચોક્કસ આંકડા બહાર પડે તો સમજાય. <u>ત્રીજા વિશ્વયુદ્ધનું</u> ખર્ચ તો કોઈ આંકડાથી ગણાવી ન શકાય, તેટલું બધું સંભવે.

The wise man does not lay up the treasure. The more he gives to others, the more he has for his own. – <u>Lao Tsze</u>

ॐ

અરસિક શિરોમણિને પણ રસ પમાડે તે કવિ.
કોકિલા ગાય કે સરોવરમાં સુંદર કમળો ઉગેલાં હોય
તેની કદર કરવા કાન-આંખને કેળવણીની જરૂર નહિ.
'ऋतस्य श्लोको बधिरांततार्द्दिः।'
સત્યનો શ્લોક બહેરાના કાનમાં પણ પ્રવેશ કરી જાય છે.
ચંદ્રમા સૌના મનને ખેંચે છે. સૂર્યોદય પક્ષીઓને પણ
આકર્ષે છે. જે વસ્તુ માટે સ્વાભાવિક આકર્ષણ થાય,
તે વસ્તુમાં સર્વશ્રેષ્ઠ કળા પ્રગટ થઈ છે, તેમ સમજવું.
'अनन्यचेताः सततं यो मां, स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थः नित्ययुक्तस्य योगिनः ॥१॥
(પરિશિષ્ટ-૧૭)

0 બુદ્ધિનો વિષય પરોક્ષ છે.- શ્રદ્ધાનો વિષય પ્રત્યક્ષ છે.
બુદ્ધિ સામાન્યગ્રાહી છે. - શ્રદ્ધા વિશેષગ્રાહી છે.
બુદ્ધિ વિચાર માંગે છે. - શ્રદ્ધા અનુભવ માંગે છે.

"शास्त्रोक्त-निश्चितमपि यन्नासेवितं पूर्वपुरुषैः केन-
चित् कारणेन तदन्यथा न क्रियते तदाचरणा-भंगात्, तत्कृतं
तु क्रियते, यथा बहुगुणं भवति तथा त एव जानते यत
शास्त्रे सिद्धांते तस्य शास्त्रोक्तार्थस्य श्रद्धानमेतदिति।
- जीवानुशासन टीका उत्तराध्ययन टीकाकृत्
(પરિશિષ્ટ-૧૮) श्री नेमिचंद्रसूरिणा संशोधितम्।"

Truth is not of this life of self, but of the larger life of soul.

Break open this prison. I do not want this self. Break all the sins, selfish desires, cravings of self and own me as your child. your child and not the child of this world of death. The greatest obstacle is the selfish life. Therefore the prayer of man to God is not for worldly goods, but for the establishment of complete relationship with the Father. What is good, give us.

Life pure, free from shackles of evil can fearlessly ask God to fulfill his work.

I have cleansed my mind and

got rid of impulses of selfish desire and the fear and sorrow of the narrow life of self and then I can claim with fullest hope.

Give me what is good, in whatever form. I shall be glad to receive it, for I know it comes from Thee.

Feel love first and then get freedom eternal.

Love with Father and mother.

૦ જ્ઞાન માર્ગ: 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' એ વાક્યમાં રહેલ યથાર્થતાનું સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરીને તે જ્ઞાનમાં નિષ્ઠા બાંધીને અને તદનુસાર જીવન થઈ શકે, ત્યારે તે જ્ઞાન મોક્ષ અપાવનારું સાધન બને.

કર્મ માર્ગ: 'નાનાં-મોટાં કર્મ બધાં જ કરે છે, હું એકલો કરતો નથી' એવા તટસ્થભાવથી ગમતાં કાર્યો ઉપર રાગ અને અણગમતાં કાર્યો ઉપર દ્વેષ કર્યા વિના

તથા ફળની આશંસા રાખ્યા વિના સ્વાભાવિક રીતે કરતાં થવું અને છેવટે એ બધાં જ કર્મો ઈશ્વરને અર્પણ કરવા જેટલી સમતા આવવી તે કર્મમાર્ગ છે.

<u>ભક્તિમાર્ગ</u>: જ્ઞાન આંખ છે, કર્મ શરીર છે અને ભક્તિ જલ છે. મેલનો નાશ કરવા માટે આંખ કે સોડા કરતાં પણ પાણી વધુ જરૂરનું છે.

<u>કર્મ એ પત્ર છે, જ્ઞાન એ પુષ્પ છે, ભક્તિ એ ફળ છે.</u>

'ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।
अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥'

(પરિશિષ્ટ-૧૯)

૦ સત્ત્વ કે જીવમાં ધર્મ - અધર્મ, જ્ઞાન - અજ્ઞાન, સુખ-દુઃખ, ઐશ્વર્ય - અનૈશ્વર્ય જેવા ભાવો રહેલ છે. તેને અનુસારે ઉચ્ચાવચ જન્મ ધારણ કરે છે. કલિયુગના જીવ મોટે ભાગે વૈરાગ્ય વર્જિત, શ્રમકાતર, ઐહિક ભોગ પ્રવણ, શિશ્નોદરપરાયણ રહેલ છે.

૦

as much as = because
Bonafide = True, Honest
Quasi = as if, In appearance

ૐ

શ્રુતિ - સ્મૃતિ એ બે નેત્રો છે અને પુરાણ એ હૃદય છે.
ૐ - ઓમમાં અ+ઉ+મ = પંચ પરમેષ્ઠિ છે.
ઐં - એ વાગ્બીજ છે.
હ્રીં - એ ભુવનેશ્વરીબીજ છે.
ક્લીં - એ કામબીજ છે.
ચામુણ્ડાયૈ
વિચ્ચે ।
'ૐ હ્રીં ક્લીં નમો નાણસ્સ ।' એ જ્ઞાનનો મંત્ર છે.
o જે જંગલમાં એક જ જાતનાં વૃક્ષ હતાં હોય તે જંગલની વૃદ્ધિ ન થાય. એ જ જંગલની વૃદ્ધિ થાય છે, જેમાં અનેક પ્રકારના વૃક્ષો હોય છે. હિંદમાં ૧૪ ભાષાઓ અને ૬-૭ ધર્મો છે. એ બધું મળીને દેશની સમગ્ર શક્તિ બને છે. સારેગામપધની - એ સાતે સ્વરોના સંમેલનમાંથી, સંવાદિતામાંથી સુંદર સંગીત નીપજે છે. અનેક નાના નાના વહેળા અને ઝરણાઓ મળીને મોટી નદી બને છે.
o સાચી બહાદુરી આત્માને આધારે કામ કરવામાં છે.
o આત્મબળ જ સાચું બળ છે.
જેના દિલમાં પ્રેમ છે, તે કોઈથી ડરતો નથી.

'આત્મા અવિનાશી છે, દેહ ક્ષણભંગુર છે.'
આટલી વાત જે મનુષ્ય જાણે છે તે ક્રોધ કરતો નથી.

o જેની સત્તા હાથમાં હોય એની ભ્રષ્ટ બુદ્ધિ થાય. બંદૂક હાથમાં આવે છે તો મારવાની ઇચ્છા વધી જાય છે.

o નદીનાં બે કામ છે: એક તો તે સમુદ્ર તરફ જઈ રહી છે, બીજું કિનારાનાં વૃક્ષોને તે પોષણ આપે છે, તરસ્યાની તૃષા છિપાવે છે.

Organic element - સજીવતત્ત્વ
Conflict of interest - સ્વાર્થોનો સંઘર્ષ
Reverence for life and humanity.
સાચો મનુષ્ય સાત્ત્વિક છે, અનાક્રમણશીલ છે, આદરશીલ છે.
Participation in the life of one another is culture.

એકબીજાના જીવનમાં સામેલ થવું એ સંસ્કૃતિ છે.
એકબીજાના જીવનથી વિમુખ થવું એ વિકૃતિ છે.

Impact - પ્રત્યાઘાત - આવેશ.

અગ્નિ ગરમી ઉત્પન્ન કરે છે, પાણી ઠંડક કરે છે, તેમાં કોઈને પોતાના કે પરાયાની આકાંક્ષા નથી. બંને પોતપોતાનાં કામ કરે, તેથી ઝઘડો ઊભો થતો નથી.

નિરાશંસભાવે સ્વધર્મનું પાલન એ જ
સર્વ ક્લેશોના શમનનો ઉપાય છે.
Points of agreement and contact
વધવા જોઈએ.

<u>અવિદ્યા</u> એટલે પરિમિતમાં અહંત્વ બુદ્ધિ અને
તેથી ઉપજતા રાગ-દ્વેષ, અભિનિવેશ.
<u>વિદ્યા</u> એટલે અપરિમિતમાં અહંત્વ બુદ્ધિ,
તેથી બીજું કશું પ્રાપ્તવ્ય રહેતુ નથી,
એટલે રાગ-દ્વેષ અને અભિનિવેશનો અંત આવે છે.
બુદ્ધિ પરિમિત અને અપરિમિત ભાવોમાંનું ભ્રમણ કેન્દ્ર
છોડી મુખ્ય અને મૂળ કેન્દ્રમાં જ્યારે સ્થિર થાય છે,
ત્યારે હવે તેને અન્ય લક્ષ્ય વળવાનો રસ જ રહેતો
નથી, કેમકે તેથી થતાં ક્લેશચક્રનો અનુભવ કરી લીધો છે,
જે મુખ્ય કેન્દ્રમાં ઠરતાં સર્વથા વિલય પામે છે.
યમ, નિયમ, અધ્યાત્મ શાસ્ત્ર, ચિન્તન અને ધ્યાનાભ્યાસ
આદિ ઉપાયોના અનુષ્ઠાનને પરિણામે જડ પ્રકૃતિથી
ભિન્ન એવા ચેતન તત્ત્વનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય
ત્યારે તે પણ વિદ્યાની કોટિમાં આવે.
એને વિવેક, ખ્યાતિ, પ્રજ્ઞા, કૈવલ્યજ્ઞાન કહેવાય છે.

o અપરવૈરાગ્યની ઉત્પત્તિ વસ્તુમાં અને વૃત્તિમાં દોષદર્શનથી થાય છે. પરવૈરાગ્યની ઉત્પત્તિ દોષદર્શનથી નહિ, પણ સ્વરૂપદર્શનથી થાય છે.

o પ્રકૃતિનો કાર્યપ્રસવ = બંધ. દર્શન તેના પ્રતિપ્રસવરૂપે સ્વકારણમાં વિલય - પ્રલય = મોક્ષ.

o કૂટસ્થ = અપરિણામી, વિભુ = સંકોચ કે વિકાસરહિત. વિકાસ એટલે વિસ્તાર. કર્તૃત્વ એટલે બંધ. ભોક્તૃત્વ એટલે મોક્ષ. નામ એટલે અરૂપી સ્કંધ. વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર રૂપી સ્કંધો તેને 'ચિત્ત' અથવા 'મન' પણ કહે છે. કાળક્રમમાં ટકાઉ તે નિત્ય અંદર અને બહાર અપરિવર્તિષ્ણુ તે કૂટસ્થ. સંતતિ એટલે કાળક્રમમાં ભાવોનું સાતત્ય. પરિણામી નિત્યતા અને સંતતિ નિત્યતા તત્ત્વતઃ એક જ તત્ત્વ છે.

o સ્કંધ એટલે કાલ્પનિક ભિન્ન, વસ્તુતઃ પરસ્પર અવિભાજ્ય, સહભૂ, સહભાવી અંશ.

'आरोहणं તુ સોપાનમનારોહં તુ પાતનમ્ ।'

(પરિશિષ્ટ-૨૦)

o સ્મરણ વૃત્તિ અદ્ભુત છે. ચિત્તની યા મનની એક આશ્ચર્યજનક શક્તિ છે.

સમસ્ત વૃત્તિઓ છૂટે તો સ્મૃતિવૃત્તિમાં પરિણમે છે.

o જીવને નિગોદમાંથી કાઢી મોક્ષ સન્મુખ જવાની
સામગ્રી આપનાર સિદ્ધ ભગવંતની
જેના ઉપર કરુણા છે, તે જીવોમાંથી
કોઈપણ જીવને હલકી નજરે જોવો
તે ફક્ત જીવનું નહિ, પણ
તેને નિગોદમાંથી બહાર કાઢનાર
અને મોક્ષે જવાની સામગ્રીમાં મૂકનાર
સિદ્ધ ભગવાનનું અપમાન છે.

ભગવાનની ભક્તિમાં જેમ મોક્ષ આપવાનું સામર્થ્ય છે,
તેમ અભક્તિમાં ભવમાં ભટકાવવાનું પણ સામર્થ્ય છે,
શરણ સ્વીકાર્યા વિના
ભગવાનની ભક્તિમાં જીવ કેવી રીતે લાગશે?

o પરના વિચારથી સત્ત્વ વધે છે,
સ્વના વિચારથી સત્ત્વ ઘટે છે.
સત્ત્વ એટલે પરાક્રમ, ઉત્સાહ અને વીર્યોલ્લાસ.
તેને વધારવા માટે પરના વિચારની આવશ્યકતા છે.
પહેલાં ઉપકારી, પછી સ્વજન, પછી ઈતર, પછી સર્વ
- એ ક્રમથી આગળ વધી શકાય.

## અધ્યવસાયની શક્તિ

સર્વ જીવરાશિ કરતાં અનંતગણો રસ આત્મામાં પેદા કરીને કર્મવર્ગણા ગ્રહણ કરીને, તેને કર્મરૂપ બનાવીને સૃષ્ટિનું અદ્ભુત સર્જન કરવું. અધ્યવસાય કોરા જ્ઞાન-સ્વરૂપ નથી, લાગણીસ્વરૂપ છે. લાગણી રાગ-દ્વેષાત્મક વૃત્તિ છે, તેથી સમગ્ર વિશ્વસર્જન રાગ-દ્વેષાત્મક વૃત્તિને આધીન છે. સૃષ્ટિમાં જે કાંઈ સૌંદર્ય છે, તેની રચનાનો આધાર પ્રશસ્ત કોટિની વૃત્તિઓ છે. સર્વ જીવવિષયક કલ્યાણની ભાવના એ જ સૃષ્ટિના સુખની ઉત્પાદક છે.

આત્માનું આંતરતમ સ્વરૂપ 'ચૈતન્ય' છે. એટલે આપણે જેમ જેમ વિશ્વવ્યાપી દૃષ્ટિએ વિચાર કરીએ છીએ, તેમ તેમ આપણી ઉપયોગ-પરિણતિ-ભાવ-ચૈતન્ય, કે જે વિશ્વની મહાસત્તા અને મહાશક્તિ છે, તેના સંસર્ગમાં આવે છે અને એ રીતે આપણે આપણા જ આંતરતમ પ્રદેશમાં ઊંડા પહોંચીએ છીએ, કે જ્યાં અપાર આનંદ અને સામર્થ્ય સમાયેલાં છે અને સાથે-સાથે બીજાના ચૈતન્યને પણ આંદોલિત કરીને બીજાના પાવિત્ર્યમાં હેતુભૂત થઈએ છીએ, કારણ કે ઠાણાંગના વચન મુજબ 'एगे आया।' ચૈતન્યની દૃષ્ટિએ આત્માનું

એકત્વ પણ છે. બાળ જીવોમાં ચૈતન્ય ઉપર જેટલે અંશે રજસ્-તમસનું આવરણ હોય છે, તેટલા અંશે આપણી એ ભાવના મંદ અથવા પ્રબળ સ્વરૂપ ઉપજાવે છે.

શ્રાવણ સુદ ૮, સંવત ૨૦૧૫

૦ કપડાં, ઘર બધું જુનું થઈ જાય છે,
પરંતુ સુવર્ણ કોઈ દિવસ જુનું થઈ શકતુ નથી.
તેવું જ સંતપુરુષોનું હોય છે.

૦ શુદ્ધ બુદ્ધિ અને વિવેકપૂર્વક
જે ક્રિયા થાય તે કર્મ, બાકી બધા ક્રિયા.

રસનાતૃપ્તે સર્વાણીન્દ્રિયાણ્યતૃપ્તાનિ ।
રસનાતૃપ્તે સર્વાણિતૃપ્તાન્યેવ ભવન્તિ ।
સ્વ સ્વ વિષયેચ્છા(ઔત્સુક્ય) વૃદ્ધિ-હાનિભ્યામ્
- શ્રાદ્ધ ગુણ વિવરણ

ભાવને પરાકાષ્ઠાએ પહોંચાડવામાં જગતના સર્વ જીવોનો હીસ્સો સ્પષ્ટપણે અનુભવાય છે. કોઈપણ કાર્યની મહાનતા, તેના સ્વરૂપ કેટલા અધિક જીવો સુધી ફેલાય છે, તેના ઉપર જ રહેલી છે. સર્વના હિતની સાત્ત્વિક ચિંતા સ્વના સુખ દુઃખની ચિંતાને ગૌણ

બનાવા દે છે, તેથી સંક્લેશનો અંત આવે છે.
0 આપણે એક વેંત નમીએ તો ઈશ્વર એક હાથ નમે
છે, એનું કારણ ઈશ્વરકોટિના પરમ પુરુષોને 'જીવ'
જેવા પરમતત્ત્વનું અનુમાન હૃદયમાં વસ્યું હોય છે, તેથી
સહજ રીતે અંતરથી નમવાના ભાવવાળા જ હોય છે.

'જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ નમ્રતા વધે.'
તે પણ એ પ્રકારનું જ જ્ઞાન કે જે ઈશ્વરતત્ત્વને
પ્રગટ કરનાર હોય. તે જ્ઞાન સહજ રીતે નમ્રતા વધારે.
ઈશ્વરકોટિના પરમ પુરુષોમાં જગતકલ્યાણની ભાવના
ઠાંસી-ઠાંસીને ભરી હોય છે, એટલે તેઓ નમવા ઉપરાંત
સ્થિતિ પોતે ઉચ્ચભૂમિકા ઉપર હોય, છતાં સામાની
સમાન બનીને કલ્યાણનું કાર્ય કરવામાં રક્ત હોય છે.

ભગવાનના નામના સ્મરણાદિના પ્રભાવે
ચિત્ત શરીરાકારે નહિ રહેતું, પણ
છાતી અને પેટના મધ્ય આદિથી એ
અંદરના ભાગમાં વિચારાદિના આકારે રહે છે.

સકલ જીવ કે જડ સૃષ્ટિની વર્તમાન સ્થિતિને જોતાં જ
તેની પાછળ તીર્થંકર દેવોનો ઉપકાર અને
કરુણાભાવ નજરે પડવો જોઈએ.

વૈરાગ્ય કરતાં પણ ભક્તિધર્મ વધુ જરૂરી એટલા માટે છે કે

ઉપકારીઓના ઉપકારના સ્મરણ વિના પાત્રતા નાશ પામે,
માટે ભક્તિ એ ફરજરૂપ છે.

અધ્યાત્મવિદ્યાનો એક અર્થ એમ છે કે આપણે ફક્ત એક જ શરીરમાં નહિ, બલ્કે દુનિયામાં જેટલાં શરીર છે, તેટલામાં છીએ એવી અનુભૂતિ સાથે જેટલો વિશ્વાસ મારી મારી જાત પર રહે છે, એટલો જ વિશ્વાસ સૌ પર રહે. જ્યારે આટલું થશે, ત્યારે અધ્યાત્મવિદ્યા આવશે.

o પ્રેમ એક વાત છે અને વિશ્વાસ બીજી વાત.

માતાને બચ્ચા પર પ્રેમ છે, તેથી કાંઈ
તેના ઉપર વિશ્વાસ પણ હોય એમ બનતું નથી.
પ્રેમ સામાન્ય ચીજ છે, વિશ્વાસ બહુ મોટી શક્તિ છે.
વિશ્વાસ બે-ચાર ઉપર જ હોય, પ્રેમ સૌ માટે હોય.
બધા પ્રેમ-વિશ્વાસ બંને જોઈએ.
પ્રેમની સાથે સર્વ ઉપર વિશ્વાસ જાગે,
ત્યારે બ્રહ્મવિદ્યાનો પૂર્ણ વિકાસ થયો સમજો.
ત્યાર બાદ સ્વાર્થ, પરાર્થ અને પરમાર્થ એક બને છે.

o દયાનું સ્થાન દવાખાનું ન લઈ શકે.

o સંતોના વચન પૂજ્ય, પોતાની ભાવનાઓ પ્રિય અને સત્ય એ પ્રમાણ છે.

creative awareness = સમ્યગ્જ્ઞાન
creative understanding = સમ્યગ્દર્શન
creative movement = સમ્યક્ચારિત્ર

Cosmos હોવા છતાં Chaos ભાસવું, સમજણને પૂર્ણ માનવું, Relationshipના સમન્વયનો અભાવ હોવો એ સઘળું 'મિથ્યાત્વ' છે.

Ignorance is the darkness of chaos and knowledge is the light of Cosmos.

સમ્યગ્દર્શનનું પ્રથમ ચિહ્ન ભવ્યતાની similarity and purposeની sameness દર્શાવે છે.

તે વડે chaosમાં cosmos દેખાય છે.

He knows the reason that governs cosmos, he realizes the laws, which mould his being. He visualizes the Cosmic order and knows how and why of evolution.

His realisation of the fundamental similarity of each with all, guides his daily life in home, business and society. He lives that type of life, the result of which is the purification of his body, speech and mind, so the forces of the higher degrees may express themselves through the finer sensitivity of the receiving pole within himself and then only the great experiment of ऋत becomes possible. ऋत is a state of consciousness in harmony with Cosmic order, man's participation in truth.

સંબલપુર, સંવત ૨૦૧૬, ચૈત્ર વદી-૯, એપ્રિલ ૧૯૬૦

નીચે દર્શાવેલ ૩ રીતે ધર્મને ભવિષ્ય ઉધાર રાખવો એ યોગ્ય નથી. ધર્મનું આચરણ આજે જ થવું જોઈએ અને તેનું ફળ આજે જ અનુભવવું જોઈએ.

(૧) ધર્મ મુક્તિ માટે છે, સમાજ માટે નહિ.
(૨) ધર્મ પરલોક માટે છે, આ લોક માટે નહિ.
(૩) ધર્મનો ઉપયોગ હવે પછીનાં જન્મમાં થશે, આ જન્મમાં નહિ. આ ત્રણેય માન્યતાઓ ખોટી છે.

o જીવોને બચાવવાનાં પ્રશ્નની જેમ જીવોમાં રહેલી કરુણાવૃત્તિને બચાવવાનો પ્રશ્ન મુખ્ય છે.

o વાંક ગ્રહોનો નહિ, પણ આપણામાં રહેલા દોષોનો છે.

o ગુજરાતીઓ સાહસિક છે, વ્યવહાર કુશળ, કરકસરી ટેવા ઉકલતવાળા અને સંપીલા પણ છે. માત્ર નિર્ભયતા નીડરતા, શિસ્ત અને સંગઠનની વૃત્તિ ક્યાંક ઓછી છે.

o મારી આજની પ્રાર્થના છે કે:
પ્રાણીમાત્ર આપણા તરફ મિત્રની દ્રષ્ટિથી જુએ
અને આપણે પ્રાણીમાત્ર તરફ મિત્રની દ્રષ્ટિથી જોઈએ.

o આત્મસંશોધન કરી બીજાનાં ગુણ જોવા
અને આપણાં દોષ જોવા.

o ચાર પુરુષો કરુણાવાન, સીધા અને સરળ હોય છે.

o પ્રભુનું કાર્ય છે સત્યનું, સેવાનું, પ્રેમનું અને કરુણાનું.

o 'સંયતેન સ્વૈરમ્'

જ્યારે ઇંદ્રિયો સંયમમાં રહે છે, ત્યારે મન મુક્ત રહે છે. ઇંદ્રિયો સ્વૈર હોય છે, ત્યારે મન બંધનમાં રહે છે.

o સન્માન વ્યક્તિનું નહિં પણ વિચારનું છે. પરમેષ્ઠિ નમસ્કાર એ પરમેષ્ઠિને નહિં, પણ તેમનાં હૃદયનાં ભાવને નમસ્કાર છે. એ ભાવ સકલ જગતને સુખી કરવાનો - પોતાના આત્માને જડનાં બંધનોથી મુક્ત કરવાનો - જડની કીંમત કરતાં જીવની કીંમત વધુ આંકવાનો - 'જડ પરાધીન છે અને જીવ સ્વાધીન છે' તેવી દૃષ્ટિ કેળવવાનો - 'જડની શક્તિ કરતાં જીવની શક્તિ ઘણી છે' તેવી બુદ્ધિ પેદા કરવાનો એ ભાવ છે.

o પૈસા કરતાં દિલ અને દિમાગની કીંમત અધિક છે.

પ્રેમ વિકસાવવો એટલે આપણામાં સૌને સામેલ કરવા.

'આપણી પાસે જે કાંઈ છે તે પરમેશ્વરનું છે',
એમ માનીને તેનો ઉપયોગ સેવામાં કરવો જોઇએ,
તો જ પ્રેમ વધશે, શાંતિ વધશે.

o પ્રભુનાં દર્શન કરવા હોય તો મંદિરનાં પહેલાં પગથિયે

ના હોય, બધાં પગથિયાં ચઢવા જ પડે. ચાર દિવાલોની વચ્ચે જો પ્રેમને કેદી બનાવવામાં આવે, તો પાછળના વહેણની જેમ બંધિયાર થાય, બગડી જાય, કીડા પડે.

જળની જેમ પ્રેમ પણ બંધિયાર બને તો સડે.

પ્રેમ આસક્ત થશે તો સડશે સમજો.

પ્રેમ વાસનાનું સ્વરૂપ પકડે, પછી થાય ઝગડો.

कामात् क्रोधोऽभिजायते। ઉત્તરોત્તર પતન.

પ્રેમને રોકવો નહિ, વહેવા દેવો એ જ 'બ્રહ્મવિદ્યા.'

આ જ તો બ્રહ્મવિદ્યાની ક્રમશઃ કેળવણી છે. એનો સાર છે.

૦ હું અને મારું, આપ અને આમારું, ગામ ને ગામનું,

મારું-તારું કંઈ નહિ, બધું ઈશ્વરનું.

અંતિમ મંઝિલે પહોંચે તે ભક્ત ભગવાન બની જાય.

૦ માં ને પુછવામાં આવે કે તું કોને માટે જીવે છે? તો કહેશે કે બાળકો માટે. તેમ ભક્તને પુછવામાં આવે, તો કહેશે કે ભગવાનને માટે, અર્થાત્ કે સૌને માટે.

૦ આજનો કાનૂન અહિંસાની નજીક છે. દરેક મનુષ્યને નિર્દોષ, નિરપરાધી, બિનગુનેગાર માને છે. તેના ઉપર કોઈ દોષનો, અપરાધનો યા તો ગુનાનો આરોપ મુકે, તો તેને પુરવાર કરવાની જવાબદારી આરોપ મુકનારની છે.

'પોતે નિર્દોષ છે' એમ પુરવાર કરવાની જવાબદારી આરોપીની નહિ. 'આપ કોઈને ય ગુનેગાર માનવા તૈયાર નહિ, છતાં જો કોઈ ગુનેગાર સાબિત થાય તો ન છૂટકે માનીએ છીએ', આજના કાનૂનનું આ વલણ અહિંસાની નજીક છે. આજનો કાનૂન ન છૂટકે કોઈને ગુનેગાર તરીકે સ્વીકારે છે. અહિંસાનો કાનૂન આગળ વધીને ગુનેગારને શિક્ષા નહિ કરતો. તેના પ્રત્યે પ્રેમ-દયા-કરુણા દાખવે છે. આજનો કાનૂન જેટલો ઉદાર છે, એટલો ઉદાર આજનો માનવી નહિ. આમ હોવું એ સ્વાભાવિક છે. કાનૂન ઘડનારાઓનું સ્તર સાધારણ માનવસમાજ કરતાં થોડું ઊંચું જ હોય છે.

કુદરત કરુણાનું રાજ્ય સ્થાપવા માટે જવાબદારી વધે છે. ઝટ નિર્ણયની જરૂર નહિ, યોગ્ય નિર્ણયની જરૂર છે. જ્યાં કરુણાયુક્ત વિચાર થાય છે, ત્યાં લોકશાહી પરિપૂર્ણતા પામે છે. આજે કાનૂનનું સ્થાન કરુણાએ લેવાની જરૂર છે, તો જ અણુયુગનો ભય દૂર થશે.

o મુખ્ય વાત છે મનની ઉપર ઉડવાની. આ ઘડીયાળ છે... જે મારા શરીરની બહાર છે, એવી જ રીતે જે મન છે, તે પણ પોતાના શરીરની બહાર છે.

એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી મન પર કાબુ ન આવે.
ઘડીયાળ બગાડે તો તેને સુધારીએ છીએ, એવી જ રીતે
મનને ઠીકઠાક કરવાનું છે, તેને આપણા કાબુ હેઠળ
લાવવાનું છે. સાચા વિરાગ્યમાં ભોગના સાધનો ભલે
હોય છે, પણ ભોગવાસના હોતી નથી, કારણકે તેમાં
મનને બાંધવાનું છે. જો મનની ઉપર કાબુ નહિં હોય, તો
વિરાગ્ય શિઘ્ર વિનાશકારી બનશે.

(૧) કોઈપણ દુઃખી ન થાઓ.

(૨) દુઃખીનાં દુઃખ નાશ થાઓ.

(૩) સુખી પ્રત્યે તોષ બતાવો.

(૪) દોષી પ્રત્યે મધ્યસ્થ રહો.

૪ ભાવ વિનાનો ધર્મ એ ધર્મ નથી, પણ આડંબર છે.
ધર્મ આડંબરમાં નથી, પણ આડંબરનાં ત્યાગમાં છે.
આડંબર એ મોહ-સ્વરૂપ, મોહ એ મૂર્છા-સ્વરૂપ,
મૂર્છા આસક્તિ-સ્વરૂપ અને આસક્તિ એ દુઃખ-સ્વરૂપ છે.
આ ચાર ભાવનાવાળું અનુષ્ઠાન એ
દાન, શીલ, દેવપૂજા, ગુરૂભક્તિ વગેરે
ધર્મરૂપ થાય. આ ચાર ભાવ વગર ધર્મ કરે
તો પણ તે ધર્મમાં આવી શકે નહિં.

પ્રભુની મોટામાં મોટી આજ્ઞા શું છે?

સુખ-દુઃખદિ સર્વ જીવોને સમાનપણે જોવા.
અર્થાત્ જે વસ્તુથી મને દુઃખ કે સુખ થાય તે વસ્તુથી
બીજાને પણ તેમ જ થાય એવું અનુભવવું.

ગૌતમગણધરનો પ્રશ્ન: 'હે ભગવન્! એવડો મોટો
લવણસમુદ્ર જંબૂદ્વિપને ડુબાડતો કેમ નથી?'
મહાવીર ભગવાન ઉત્તરમાં કહે છે: 'હે ગૌતમ! આ
જંબૂદ્વિપમાં ભરત, ઐરાવત, મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં
અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, ચારણો, વિદ્યા-
ધરો, શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ અને એક
ધર્મવાળા મનુષ્યો રહે છે. તેઓ સ્વભાવે ભદ્ર, વિનીત,
ઉપશાંત, મંદકષાયી, સરળ, કોમળ, જિતેન્દ્રિય અને નમ્ર
રહે છે. તેવા મનુષ્યોના પ્રભાવથી જંબૂદ્વિપ ડૂબતો નથી
અને જલમય કરી શકતો નથી.' -<u>ભગવતી સૂત્ર</u>

યથાર્થા ભગવત્પૂજા, તદાજ્ઞા-પરિપાલનમ્ ।
સા ચાસ્તિ વિશ્વબન્ધુત્વમ્ સેવાદ્રૂપમનુત્તમમ્ ॥

ભગવાનની આજ્ઞાનું પાલન એ યથાર્થ પૂજા છે.
આજ્ઞાનું રહસ્યભૂત સૂત્ર વિશ્વબંધુત્વ છે.
વિશ્વબંધુત્વનું સ્વરૂપ સેવા-પ્રેમ-કરુણા-દયા છે.

# પ્રાર્થના - માંગણી - યાચના

જે વસ્તુની પ્રાપ્તિ જીવે કોઈ કાળે પણ કરી નથી,
એવા અપૂર્વ વસ્તુની પરમાત્મા પાસે
આર્દ્રચિત્તે યાચના કરવી તે 'પ્રાર્થના.'

નાશવંત પદાર્થોની માગણી એ સાચી માગણી જ નથી.
એવા નાશવંત પદાર્થ જીવે માંગ્યા - યાચ્યા છે અને તે તે
વસ્તુ પામી અનંત જન્મ-મરણનાં ચક્રો અનુભવ્યા છે.
આવા પદાર્થોની માંગણી પ્રાર્થનારૂપ નહિં, પણ
વાસનારૂપ છે. એમાં સમજપૂર્વકનું લક્ષ્ય હોતું નથી.
આંધળુકીયા વૃત્તિથી અથડાવાનું છે. એ રીતે અથડાતો
કુટાતો માનવભૂમિકાએ માંડ-માંડ પહોંચ્યો છે. માનવ
થયો એટલે આસપાસ જુએ છે, વિચારે છે, સમજે છે
અને સાચી જરૂરીયાતનો નિર્ણય કરે છે.

માનવહૃદયને લાગી આવે છે કે પોતાની
ખરી જરૂરીયાત શાશ્વત વસ્તુ છે, નિત્ય સત્ય છે.
જે ઘડીએ જીવાત્મા ક્ષણિક વસ્તુથી વિરમે છે
અને નિત્ય વસ્તુને ઝંખે છે, તે ઘડીએ જ
સાચી પરમાત્મપ્રાર્થના શરૂ થાય છે.
દિવ્ય પ્રાર્થનાનો એ સનાતન સ્રોત વહેતો જ રહ્યો છે.

સાધુ, સંત, ભક્તો નિષ્કામ પ્રાર્થના કરતાં જ રહે છે. એ પ્રાર્થનાનાં સ્વીકારરૂપે જ આજે માનવને પૃથ્વી, પાણી, પવન, વૃક્ષ, સૂર્ય, ચંદ્ર, મેઘ આદિ સમસ્ત કુદરત નિઃસ્વાર્થ સહાય કરી રહી હોય અને માનવછોડને અમૃત સિંચતી અમરવેલને વધુ ઉન્નત કરવા માટે પ્રયત્ન કરી રહી હોય એમ શું અનુભવાતું નથી?

ચિત્ત ચૈતન્યની દિવ્ય એકતા, આત્માનું અમૃત, હૃદયનું રસાયણ, અંતઃકરણની તમામ વૃત્તિઓનું તાલબદ્ધ દિવ્ય સંગીત સત્યની પ્રાર્થના જેનાં હૃદયમાં ઊઠે છે, તેઓ નિઃશંક, નિર્ભીક અને નિશ્ચિંત બની જાય છે.

આવી દિવ્ય પ્રાર્થનાનું તત્કાલ ફળ એકાંત હૃદયશુદ્ધિ છે.

હૃદયને શુદ્ધ કરવું અને એ શુદ્ધિને કાયમ ટકાવી રાખવી એ જ પ્રાર્થનાની ખરી સિદ્ધિ છે.

હૃદય અથવા ચિત્ત શુદ્ધ, સ્વસ્થ અને શાંત હોય તો જ તેમાં પરમાત્માનું યથાર્થ પ્રતિબિંબ પડી શકે.

હૃદય એક પ્રકારનો દિવ્ય અલૌકિક અરીસો છે. ચિત્તમાંથી વિષયવિકાર, માયા-કપટ અને રાગ-દ્વેષનાં કુસંસ્કારો જેટલે અંશે દૂર થાય, તેટલે અંશે હૃદયરૂપી અરીસો શુદ્ધ બને છે અને શુદ્ધ બને તેટલા પ્રમાણમાં જ

આત્માને પરમાત્માના સાંન્નિધ્યનો લાભ મળે એ માટે ભગીરથ પુરૂષાર્થની અપેક્ષા છે. એ માટે નિયમિત તાલીમ જરૂરી છે. હૃદયશુદ્ધિ માટેની એ તાલીમનું નામ જ નિયમિત ઈશ્વર પ્રાર્થના છે. ભક્તો, સંતો, સાધુજનોના જીવનમાંથી એ જ મળી આવે છે. નિત્ય વસ્તુની પ્રાપ્તિ, જે તેમનાં જીવનમાં દેખાય છે, તે પ્રાર્થનામય જીવનને જ આભારી છે.

પરમતત્વ છે અને તે છે તો તેના પ્રત્યે
ભક્તિ ધારણ કરનારા ભક્તો પણ હોય છે જ.
બાહ્યદૃષ્ટિથી ભલે તે ન દેખાય, પણ
આંતરદૃષ્ટિ જાગે ને આપણામાં ભગવદ્‌ભાવ પેદા થાય,
તો તેવા ભક્તો નજરે પડ્યા વિના રહે નહિ.

વિજળીની બત્તી કરવા માટે જેમ બે છેડા જોડવા પડે છે, તેમ ભગવાનનું તેજ પણ પોઝીટીવ-નેગેટીવ ભેળા એક થાય ત્યારે જ મળે છે. ભગવાન પોઝીટીવ છે, જગત હંમેશા નેગેટીવ છે. જીવનમાં બંને છેડા છે. જેટલે અંશે જગત સાથે જોડાયેલાં છે, તેટલે અંશે નેગેટીવ અને જેટલે અંશે પ્રભુનો વિચાર છે, તેટલે અંશે પોઝીટીવ છે.

પરમાત્મા પ્રત્યે પોતાનો નેગેટીવ છેડો અને જગત
પ્રત્યે પોતાનો પોઝીટીવ છેડો રહેવો જોઈએ.

આ પ્રમાણે ભાવ રાખવાથી અંદર અને બહાર બન્ને
તરફ તેજ ઉત્પન્ન થશે અને તે તેજ વડે અલૌકિક
ભગવદ્‌ભાવ પ્રગટશે, લૌકિક દ્રષ્ટિ ઘટતી જશે.

માનવભવ પ્રાપ્ત કર્યો પણ હૃદય માનવ જેવું
ન બને ત્યાં સુધી ભગવત્પ્રાપ્તિ થતી નથી.

સત્ય, અહિંસા, દયા, બ્રહ્મચર્ય, પ્રેમ, ક્ષમા, ઉદારતા,
નીડરતા વગેરે આત્મિક ગુણોત્કર્ષ પ્રાર્થના વડે થાય છે.
એ અપૂર્વ રસાયણની અચૂક જરૂર પડે છે.

પરમાત્મા તો પોતાના અનંત જીવનમાંથી એ મહારસાયણ
નિરંતર વરસાવી રહ્યાં છે. આપણે સન્મુખ થવા એટલે
તે જ ક્ષણે તેમની અનુપમ દયાથી છલકાઈ જવાના.
માત્ર સન્મુખ થવા જેટલી જ મહેનત કરવાની રહે છે.

હૃદય હતાશ થાય અને બુદ્ધિ થાકી જાય
ત્યારે દીનભાવે પ્રભુને શરણે જવાથી
શાંતિ મળે છે,
કારણ કે પ્રભુની નિષ્કામ કરૂણાના પૂર
નિરંતર વહ્યા કરે છે એવું મન, બુદ્ધિ અને પ્રાણને
શરણાગતિ વડે પ્રત્યક્ષ દર્શન થાય છે.
પ્રભુની શક્તિ અપરાજિત છે. પ્રભુનો પ્રેમ વિશુદ્ધ છે.

પ્રભુના મંગલ આદેશથી સમસ્ત જગત મારા આત્મ-વિકાસમાં અનુકૂળ બની રહો. હું સર્વના હિતને માટે જે મારા દેહ, પ્રાણ અને મનને અર્પણ કરતો પ્રભુનાં શરણે રહું, તો અવશ્ય નિર્ભય બનું.

'પ્રભુનું પ્રગટ થવું' એટલે આ નાની આંખે પ્રભુના જ દર્શન થવા અને મોહના આવરણથી ઢંકાયેલ પ્રભુની પ્રેમાળ જ્યોતનું પ્રત્યક્ષ થવું, પ્રભુના પ્રેમથી સદા ય પ્રફુલ્લિત રહેવું, પ્રભુના આદેશરૂપી અચળ અવલંબનપૂર્વક સમસ્ત કર્તવ્યોનું પાલન કરવું, એ બધા વિઘ્નો ઉપર વિજય મેળવવાનો અવિચળ ઉપાય છે.

હૃદયનો ગુપ્તમાં ગુપ્ત પ્રદેશ પ્રભુને અર્પણ કરીએ, તો કામવાસનાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ બંધનને પણ બાળી શકીએ, પ્રભુનાં સ્વરૂપમાં ગાળી શકીએ.

પ્રભુની કૃપા એ જ મારા સર્વ પાપોને ટાળનારી મહૌષધિ છે, સમસ્ત તાપ શમાવવાનું શાંતિજળ છે, અજરામર બનાવનાર પ્રેમામૃતનું અદ્વિતીય ઝરણું છે.

હે પ્રભો, મારા આત્માને તારા દિવ્યાલય રૂપ ઘડીને તૈયાર કર, જેથી તારા દર્શનનો લાભ લઈ શકું, તારી પૂજા કરીને મારા જીવનનું સાર્થક્ય કરી શકું, તારા પ્રેમામૃતનાં

ચિંતન વડે મારું શુષ્ક હૃદય વિકસિત થાય, મારું મુખ ઉજ્જ્વળ થાય. મારા સકળ પાપો અને દુઃખોનો અંત આવે. તારી કરુણા એ જ મારા સ્તનનું દૂધ છે.

તારી કરુણા જગહૃદયનું શાંતિસલિલ છે.

હે પરમદેવ! હું જો કે દિશા તો ભૂલી ગયો છું, તો પણ મારા જીવનનો તું જ એક ધ્રુવ તારો છે. તારા સ્વરૂપને હું ઓળખી શક્યો નહિ, પણ મારા અંતરમાં ઊંડે-ઊંડે તારું જ દિવ્ય સ્વરૂપ બિરાજિત છે. તે સ્વરૂપ તરફ નજર માંડીને જોઉં છું, ત્યારે જો કે મારી આવરણવાળી અપૂર્ણ દ્રષ્ટિ તારા આ તેજને સહી શકતી નહિ, તેના અલ્પાંશને પણ પચાવી શકતો નહિ, પરંતુ હૃદય કોઈ અવર્ણનીય શાંતિ - શીતળતા અનુભવે છે.

દીન, હીન, મલિન તો ય હું તારો અંશ છું,
તારું જ સંતાન છું. તું મારો કદી ય ત્યાગ કરીશ નહિ.
હું પણ તારો ત્યાગ ન કરું એવી વૃત્તિ સદા પ્રેરજે.

હે પ્રભો! મારા અંતરચક્ષુ ખોલી મારા અંતરમાં પ્રકાશમાન થા. તને જોઈને મારા નયન-મન સફળ બનો. તું એકવાર આવીને મારા અંતરમાં વાસ કર, જેથી હું તારા વિશ્વવિજયી પ્રેમ અને સત્યનાં ગાણાં ગાનાર બનું.

જ્ઞી

તારા જ્ઞાનના બિન્દુમાત્રનો મારામાં સંચાર કર કે જેથી મારા સમસ્ત સંશયો નાશ પામે. તારા અનંત, અપાર અને ગંભીર જ્ઞાન-પ્રેમના દ્વારો મારા હૃદયમાં ખુલ્લા પાડો.

તારા આકર્ષણથી ખેંચાઈને સંસારના સમસ્ત
પ્રતિબંધનથી હું મુક્ત થાઉં. તારી સત્ય-જ્ઞાનમય
મૂર્તિ મારી નિરંતર સતત પ્રકાશિત રહો.

હું સંસારના અંધકારમાં અસત્ય બની ભટકી રહ્યો છું. એ અંધકારમાંથી મને પ્રકાશ તરફ દોરી જા. અસત્યની પ્રતિબળમાં જકડાયો છું, તેમાંથી મને છોડાવ સત્યનાં વિરાટ માર્ગે લઈ જા. ક્ષણે ક્ષણે મૃત્યુનાં મુખમાં બેઠો છું, તેમાંથી મુક્ત કરી, તું મને અમરધામ તરફ લઈ જા. અંધકારથી પ્રકાશમાં, અસત્યથી સત્યમાં અને મૃત્યુથી અમરતામાં દોરી જા. તુજ વિનાનું મારું જીવન પ્રભુ વિનાનું મડદું છે.

તારું પ્રેમમય મિલન એ જ મારું સાચું જીવન છે.

મારી ક્ષુદ્ર આત્મા તારી પ્રકૃતિ ધારણા કરવા અસમર્થ છે, છતાં પ્રભુ તારા અવલંબન વિના મારી અન્ય ગતિ નથી. તું મને આશ્રય નહિં આપે તો બીજો કોણ આપી શકશે?

મારા આત્માની ત્રુટીઓ
તારા વિના બીજો કોણ દૂર કરી શકે તેમ છે?

તારી પ્રેમળ જ્યોતિનું એકાદ કિરણ
પણ મારા રોગ, શોક, જરા, વ્યાધિ,
ભય અને વિપત્તિને હરી શકે એમ છે.
મારા દલિત-પીડિત આત્માને તારા આશ્રયનું ભાજન કર.
તું સમસ્ત જગતનો પિતા, માતા, બંધુ અને મિત્ર છે.
તારું વિરાટ હૃદય સર્વની તરફ એકસરખું આકર્ષિત છે.
કોણ તને અતિપ્રિય નથી? મારું આ ક્ષુદ્ર હૃદય તારી
કૃપારૂપી અગ્નિની અસર તળે આવ્યું નથી,
ત્યાં સુધી જ હું દુઃખી, દીન અને અસહાય છું.
મારું આ હૃદય તારી સન્મુખ થાય એવા કરૂણા
વરસાવ, જેથી સંસારના બધા ય કર્તવ્યોની વચ્ચે પણ
સંસારદશાની પેલે પાર રહેલા એવા તારી સમીપમાં જ
મારો આત્મા કાયમ સહવાસવાળો બની રહે.
તારાથી વિમુખ રહેવાના કડવા પરિણામોનો હવે તું
અંત લાવ. દયા ભાવને મારા મોહરૂપી અંધકારમાં તારી
જ્ઞાનની એકાદ ચિનગારી મૂક. મારા વ્યાકુળ હૃદયમાં
તારા પ્રેમની અમીધારા છોડ. મારા આત્મામાં તારી
અપરાજિત શક્તિનો સતત સંચાર કર.
એક માત્ર તું જ મારા જ્ઞાનનું ધ્રુવ સત્ય છે.

ૐ

મારા જીવનનું અવલંબન તું જ છે. મારા જીવનનો અંત આવશે ત્યારે પણ તું જ માત્ર મારા જીવનનું અવલંબન રહીશ. બાળક જેમ પિતાની પાસે અભય બની, વિશ્વાસ અને આનંદ મેળવે છે, તે જ પ્રકારે હું તારા સાંનિધ્યમાં સર્વ પ્રકારનાં શોક-સંતાપ અને પરાધીનતામાંથી મુક્ત થવા ઈચ્છું છું. એ જ આશાએ તારે બારણે ઊભો છું.

દર્શનનાં દાન આપી મારી વાંછના પૂર્ણ કર.

હે પ્રભો! મારા સેંકડો અપરાધોની ક્ષમા આપીને મારા પ્રત્યે પ્રસન્ન થા. બાળકની લાચાર અને અસહાય દશાનો જરાપણ ખ્યાલ ન કરી, એક માતા જેમ અસીમ વાત્સલ્યભાવથી તેનું પાલન-પોષણ કરે છે, તે જ પ્રકારે નિષ્કામ પ્રેમની અપૂર્વ સામગ્રીથી મારા અંતઃકરણને તારા સામીપ્યનું મધુર દર્શન આપ.

પ્રભુ! તારા પ્રેમમય સહવાસથી મારો અનાથ આત્મા સનાતન થશે. મારાથી જ ઉત્પન્ન થયેલ મોહની દિવાલ વડે તું મારાથી જુદો પડી ગયો છે, તે અંતરાય તોડી નાંખી તું મારી સમક્ષ પ્રગટ થા. તારા પ્રગટીકરણથી મારા સર્વ દુઃખો મટી જશે, સર્વ ખેદો દૂર થશે. બધા આશાઓ ચરિતાર્થ થશે. તું મારા આત્મામાં પ્રગટ થા.

એકવાર તારા સ્વરૂપની ઝાંખી થવાથી મારા આકુળ નયનો જરૂર તૃપ્ત થશે. મારા હૃદયનો પ્રેમ ઉછળીને તારા માધુર્યમાં લીન બને તેમ કર.

આ દીન હૃદય તને પૂછીને જાણે ક્યાં શાંતિ મળી શકે તેમ છે? સંસારની માયાજાળ પાછળ હું ક્યાં સુધી પરિભ્રમણ કર્યા કરીશ? તારી કૃપાનાં અમૃતબિંદુથી મારી જીવનલતા મંજરીત થશે, સુવાસિત થશે. એ અમૃતબિંદુ પ્રાપ્ત કરીને હું સમસ્ત વેદનાને દૂર કરી શકીશ. પળેપળે તારા મુખ દર્શનની પ્રતીક્ષા કરતો, વાટ જોતો હું તારે બારણે ઊભો છું. પરમદેવ! શાંતિદાન, દર્શનદાન આપી કૃતાર્થ કર, કૃતાર્થ કર, કૃતાર્થ કર.

## શ્રી નમસ્કાર મહામંત્ર

નવકારના પ્રથમ પદમાં

સર્વ જીવો પ્રત્યે

નિષ્કામ અને નિષ્કારણ કરુણા રાખનારા

સર્વ જિનેશ્વર ભગવંતોને નમસ્કાર છે.

તેમણે સર્વ જીવોના હિત માટેનું શાસન સ્થાપ્યું છે.

તેમનો સર્વ જીવો ઉપર ઉપકાર તો છે જ,

સર્વ ઉપકારીઓ ઉપર પણ ઉપકાર છે.

બીજા પદમાં સર્વ જીવો પ્રત્યે સંપૂર્ણ સમત્વ પ્રકટાવીને સર્વ કર્મોથી મુક્ત થનાર સિદ્ધ ભગવંતોને નમસ્કાર છે.

ત્રીજા પદમાં સર્વ જીવોનું હિત કરનારા, આચારોનું પાલન સ્વયં કરનારા અને ઉપદેશથી અન્ય દરેક ભવિજનોને પાલન કરાવનારાને નમન છે.

ચોથા પદમાં સર્વ જીવોના હિતનો માર્ગ જેમાં દર્શાવ્યો છે, તે શ્રી જિનેશ્વર દેવનાં શાસ્ત્રોનું પોતે અધ્યયન કરનાર અને બીજાને કરાવનાર, સર્વ સત્વના હિતનાં ઉપાયો સ્વયં સમજનાર અને બીજાઓને સ્નેહથી સમજાવનારને નમસ્કાર છે.

પાંચમા પદમાં લોકના સર્વજીવોના કલ્યાણનો જે મહામાર્ગ, તેને અનુસરનારા મહાવ્રતધારી સર્વ સાધુઓને નમસ્કાર છે.

આ પાંચ નમસ્કારમાં તન્મય થવા માટે સર્વજીવોનું હિત હૈયામાં ધરવું પડશે. અહંને ઓગાળવો જ પડશે. નવકારનો આરાધક સર્વ કરતાં ચઢીયાતો, અધિક નહિં પણ સર્વ પ્રત્યે સમાન ભાવથી જોનારો અને સર્વનું હિત અને શ્રેય થાય એવી આરાધના કરનાર છે.

શ્રી નવકારના આરાધકે ઓછામાં ઓછું પોતાની જાતને અને પોતાના સ્વાર્થને ભૂલવો પડશે.

જેના હૈયામાં સ્વાર્થ ભર્યો હોય, સર્વજીવોના હિતની
ચિન્તા ન હોય અને એવી ચિન્તા ધારણ કરનાર સંઘ,
સાધર્મિક કે શાસનની ચિન્તા ન હોય
તેને નવકારની સાથે સંબંધ કેમ થાય?
તે નવકાર ગણે તો પણ ફળે કેવી રીતે?
શ્રી નવકાર મહામંત્રનો આરાધક અરિહંત શ્રી તીર્થંકર
ભગવંતનો દાસ, ભગવંતના દાસનો પણ દાસ, સકલ
જીવના હિતનો ચિંતક, પોતાના અપરાધી કે વિરોધી પ્રત્યે
પણ મનથી યા સ્વપ્નમાં ય અહિત ચિંતવનાર ન હોય.
સર્વનું કલ્યાણ વાંછનાર હોય.
શ્રી નવકારમંત્રના આરાધક થવા માટે સર્વને
હૈયામાં સમાવવા જેટલું વિશાળ હૈયું કરવું પડશે.
શ્રી નવકારની આરાધનાને સફળ બનાવવામાં સહાયક
બે મુખ્ય ભાવનાઓ છે:
'ખામેમિ સવ્વ જીવે।' 'શિવમસ્તુ સર્વ જગતઃ।'
પહેલી ભાવના પાકેલા ગુમડામાંથી રસીને દૂર કરવા
બરાબર છે. બીજી ભાવના રસી દૂર થયા પછી મલમની
પટ્ટી ચોડવા બરાબર છે. એ બન્ને ભાવનાપૂર્વક થતું
મંત્રારાધન ભાવતંદુરસ્તી બક્ષ્યા સિવાય રહેતું નથી.

ભાવતંદુરસ્તી એટલે રત્નત્રયનો પરિપાક
અને તેના પરિણામે પ્રાપ્ત થતું મોક્ષ સુખ.

રત્નત્રય એ ત્રિવેણી સંગમ તીર્થ છે. તેમાં સર્વ આત્માઓને આત્મ સમાન જાણવા, જોવા અને વર્તવાનો સંબંધ છે. એકલું નહીં, અગર એકલું જુએ કે જોયા અને જાણ્યા વિના એકલું વર્તે, તો ત્રિવેણી સંગમ થતો નથી. કેવળ જોવું અને જાણવું જ નહિં, કિન્તુ તે મુજબ વર્તવું તે ત્રિવેણી સંગમ છે.

તેમાં જોનાર - જાણનાર - વર્તનાર એ કર્તા,
જોવા - જાણવા - વર્તવાની ક્રિયા અને
એ ક્રિયાનો વિષય સચરાચર વિશ્વનો સંબંધ
થતો હોવાથી ત્રિવેણી સંગમ થાય છે.

ધ્યાતા - ધ્યેય - ધ્યાન, પૂજા - પૂજક - પૂજ્ય, જ્ઞાતા - જ્ઞેય - જ્ઞાન, દ્રષ્ટા - દ્રશ્ય - દર્શન અને કર્તા - કર્મ - ક્રિયા, એ ત્રણે જ્યારે જ્યારે એકત્ર થાય, ત્યારે ત્યારે ત્રિવેણી સંગમ બને છે અને એ સંગમ ભાવતીર્થ રૂપે બની, તેમાં ઝીલનાર આત્માના તાપ, તૃષા અને મલને હરે છે. કષાયના તાપ, વિષયની તૃષા અને કર્મના મલ વિલય પામે છે.

- ઇતિ રહસ્યમ્

નવકારમાં તન્મય થવું અર્થાત્ નવકારના બનવું.
નવકાર વિના વિહ્વળ થવું.
સ્મરણમાત્રથી હૈયું ભીંજાઈ જવું.
નવકારના સ્મરણમાત્રથી હૈયું ક્યારે ભીંજાય?
શ્રી તીર્થંકર દેવોની વિશિષ્ટતા ધ્યાનમાં આવે તો.
એ વિશેષતા તેમની પરાર્થવ્યસનિતા
અને સ્વાર્થ વિસર્જનતામાં રહેલી છે.
માત્ર ભવિજીવોને જ નહિ,
પણ સર્વ જીવોને
શાસનરસિક - મોક્ષમાર્ગના રસિક
બનાવવાની તેમની હિતચિન્તામાં છે.
આ હિતચિન્તા
લાભની હકીકત ઉપર નહિ,
પણ પ્રેમના પાત્ર ઉપર નિર્ભર છે.
બુદ્ધિ લાભની હકીકતને જુએ છે,
હૃદય પ્રેમના પાત્રને પારખે છે.
પ્રેમ કોને જોઈતો નથી?
સર્વ કોઈ તેને માટે ઝંખે છે.
તીર્થંકર પરમાત્મા સર્વને પોતાનો

પ્રેમ આપે છે,
તેથી તેઓ ત્રિભુવનપતિ બને છે.

મોટું જ્ઞાન ધર્મનું સાધક નથી. પ્રેમનું અવિરોધી જ્ઞાન એ જ મોક્ષમાર્ગમાં સહાયક છે. પ્રેમની લાગણી વિનાની જ્ઞાનની દલીલમાત્રને જાણનારી બુદ્ધિ તો આંધળી છે.

આત્માના સુખ-દુઃખને જાણવાની શક્તિ ભલે
જ્ઞાનમાં હો, પણ તેને જોવાની શક્તિ તો
પ્રેમમાં જ છે અથવા જ્ઞાન બધું જોઈ શકે છે,
પણ પરાયાં સુખ-દુઃખને જાણી શકતું નથી.
એ જાણવાની શક્તિ તો પ્રેમને જ વરેલી છે.
પ્રભુ પ્રેમથી ભરેલાં સર્વ જીવોને
આત્મસમ જોનારા છે, તેથી નમસ્કારનાં આરાધકે
પોતામાં પણ તે દૃષ્ટિ કેળવવી જ જોઈશે.

૦ સ્ત્રી પુરુષનો સંબંધ થયા પહેલાં મનની કલ્પનાથી
જે ભૂમિકા તૈયાર થાય છે, તે ભેદ અને તે
વ્યક્તિત્વ સંબંધ થયાતે રહેતા નથી, તેથી તે થોડીવારનું
આત્માના સુખ જેવું કામ આપે છે, પણ તે
અનિત્ય છે અને દેહનું અભિમાન બહુ વધારે છે.

૦ કામ અને ઉપસ્થ એ મોટા મલ્લ છે. તે બન્નેમાં

રોકવું નહિ, માત્ર પ્રાણની નાડીઓનું જોર રહેલ છે,
માટે તે જીતવું જ જોઈએ.

તે જીતાય તો બાકી ઇંદ્રિયોનું જોર જીતાઈ જાય છે.

○ ધાક, ચિંતા, ભયના કારણ ટળતાં ક્ષણવાર જે સુખ થાય છે, તે નિર્વિકલ્પ સમાધિનો નમૂનો છે.

○ બાળકની રાહ જોતી માતાને, વરસાદને જોતાં ખેડુતને, વહાણની રાહ જોતાં ડૂબતાને, ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ અને માંદાને અચાનક ઔષધિ પ્રાપ્ત થતાં જે આનંદ થાય છે, તે દશા કાંઈક સમાધિના આનંદને મળતી છે. તે આનંદજન્ય છે, સમાધિ તો સ્વજન્ય છે. સ્વજન્યને દેશકાળનો પરિચ્છેદ નહિ. દર્પણમાં પ્રતિબિંબ છતે જ્ઞાનીને ત્યાં જેમ દર્પણ દેખાય છે, તેમ જ જ્ઞાનીને વિશ્વદર્શન છતે પણ બ્રહ્મદર્શન થાય છે.

○ વ્યવહારમાં તો ભક્તિની દૃષ્ટિનો એક સત્તાવાળો વ્યવહાર જ ઉપયોગી થાય. તે અઘરું કામ છે, તો પણ ટેવ પાડી રહેલ તો તેવો વ્યવહાર થઈ શકે છે. બ્રહ્મદશામાં વ્યવહાર થઈ શકે નહિં અને વ્યવહારદશામાં બ્રહ્મદશા ઉત્પન્ન થાય નહિં, કારણકે બાળ મહાત્મા સાચે મહાત્મા જેવા થઈને જ તે થઈ શકે.

ભક્તિમાર્ગની દૃષ્ટિએ સત્તા એકની છે, તોય કર્મ વગેરે પણ એકની જ સત્તા રહે છે. ભગવદ્ભાવે કર્મ કરવાથી એક સત્તાનો પરિચય મળે છે, કર્મ વિઘ્ન રૂપે થતાં નથી તથા જીવનમુક્તિનો અનુભવ મેળવે છે.

જેમ સ્વપ્નનાં કર્મથી સાચું દ્વૈત થતું નથી,
તેમ ભગવદ્ભાવે રહેવાથી
જાગ્રતના કર્મથી પણ દ્વૈત થતું નથી.

ભક્તો વિઘ્નોને પણ ભગવાનનું રૂપ સમજે છે અથવા વિઘ્નોના નિવારણ માટે ભગવાનનું શરણ લે છે.

જ્ઞાની જગતનો અભાવ કરીને એકમાત્ર બ્રહ્મની સત્તાનો અનુભવ કરવાનો પ્રયત્ન કરે છે.

'નામરૂપ' એ જગત છે. 'સચ્ચિદાનંદ' એ બ્રહ્મ છે.

સરણદયાણં - શરણં ભયાર્તત્રાણં, તત્ત્વચિન્તારૂપ-અધ્યવસાનં વિવિદિષા। રક્ષોદિત - શરણાભાવે પ્રાગુદિત - વિવિદિષા વિરહલક્ષણે। (પરિશિષ્ટ-૨૧)

નિયમ મને આરામમાં લેઇ છે, એટલે કે:

There is a vast difference between logical necessity and moral necessity.

દરેક જીવ એક સ્વતંત્ર અને
અમુક મર્યાદામાં મુક્ત આત્મા છે.
દરેકનું પૃથક્ વ્યક્તિત્વ છે. પુરુષાર્થને પૂરો અવકાશ છે.
o ફળ ઇચ્છા પ્રમાણે નહિ, પણ કર્મ અને નિયમ પ્રમાણે
મળે છે. સર્વ પ્રકારની કારણસામગ્રી અંતરઆત્માનાં
સ્ક્રીન પર રચાય છે, પણ ફળ પણ ત્યાંથી જ ઉપજે છે.
સ્વતંત્ર વ્યક્તિ = Free Agent
o અર્ધમુક્ત ભાન અને હેતુશૂન્ય-અર્થહીન પ્રલાપમાં
ફેર છે. Knowledge makes you free.
સમ્યક્ જ્ઞાન મુક્ત બનાવે છે.
કુદરત પોતાનો નિયમ કદી બદલતી નથી.
માત્ર તે નિયમો સંબંધી મનુષ્યનું જ્ઞાન બદલાય છે.
અજ્ઞાનતા કે અલ્પજ્ઞતા જ બદલવાની રહે છે.
નિયમ બદલાતો પણ નથી
અને બદલવાનો રહેતો પણ નથી.
આ નિયમોનું જ્ઞાન
અભ્યાસ અને ચિંતનથી મળે છે.
સાચું કહીએ તો
તે જ્ઞાન અતિ પ્રયત્નસાધ્ય છે.

મન સ્વતંત્ર નથી પણ એક યંત્ર છે.
જેનું હલનચલન અને પ્રવર્તન નિયમને વશ છે,
તે સ્વતંત્ર કેમ હોઈ શકે?
મન સ્વતંત્ર નથી, પણ આત્મા સ્વતંત્ર છે.
નીચ અવસ્થાઓ સાથે રસપૂર્વક ન ભળતા તટસ્થભાવે
મનની અવસ્થાઓના સાક્ષી રહેવાથી,
આત્મા બંધનથી મુક્ત થાય.

o અભિમાન વડે જ જેનું જીવન નભી શકવા યોગ્ય છે, એવું માનસ કલેવર અભિમાનીના અવસાન પામ્યા પછી તુરત જ જીવનરહિત થાય છે. અભિમાનીનો આનંદ મનના ચિત્રો સાથે ભળી, તેમાંથી રસ મેળવવામાં રહેલ છે. મનનો નાશ થયા બાદનો આનંદ એ વિશુદ્ધ આત્માનંદ છે. તે વર્ણનાતીત અને કલ્પનાતીત છે.

o નિર્ભયતા અને સ્વતંત્રતા એ મુક્તિપુરમાં પહોંચાડનાર રથના બે ચક્રો છે. તપથી નિર્ભયતા અને અભ્યાસથી સ્વતંત્રતા પ્રાપ્ત થવા યોગ્ય છે.
આપણા નિત્યના વિચારોથી આપણું ચરિત્ર બંધાય છે.
As a man thinketh, so is he.
અપૂર્ણતા અને ખામીઓ એ કાંઈ ગુન્હા નથી,

પણ હૃદયની માત્ર દુર્બળતા છે. ચારિત્રનો નિયામક વિચાર છે. પાંચ જ મિનીટ પ્રયત્ન કરી ખાતરી કરી અને તમને ભાન થશે કે તમે એક મહાન રહસ્ય ઉપલબ્ધ કર્યું છે.

o ચારિત્રમાં કોઈ અંશ રાખવો અને કોઈ બાતલ કરવો, એ સંબંધમાં તમે ગુલામ નહિં, પણ સ્વામી છો. એક અધમાધમ નરપિશાચ બનવું કે સર્વકલ્યાણકર યોગી બનવું એ મનુષ્યને આધીન છે.

માત્ર પ્રયત્ન અને સમયની જ અપેક્ષા રહેવાની.

સમય કદી ખૂટે તેમ નથી.

પ્રયત્ન બીજા કોઈને આધીન નથી, પોતાને સ્વાધીન છે.

શ્રદ્ધા થયા પછી પ્રયત્નમાં શ્રમ જણાતો નથી.

o 'રૂચિ અનુયાયી વીર્ય' એ નિયમ છે.

એ મનુષ્ય નહિં, પણ દેવ છે કે જેનામાં આ નિયમ પ્રત્યે દૃઢ શ્રદ્ધા, પ્રયત્ન માટે શક્તિ, સમય વીતતા સુધી ધૈર્ય છે.

વિચારમાં શ્રદ્ધાના પ્રમાણમાં બળ આવે છે.

સર્વ સંસ્કૃતિનું - સભ્યતાનું ફળ ચારિત્રને
ઉન્નત બનાવવામાં હોવું જોઈએ અને
ચારિત્ર વિચારો દ્વારા ઘડાય છે,
એ કદી ભૂલવું ન જોઈએ.

o અમુક પદાર્થ કે સ્થિતિવિશેષની ઈચ્છા અથવા તો વાસના એ પદાર્થ કે સ્થિતિ મેળવવાની તક આત્માને માટે શોધી આપે છે. સ્થૂળ, માનસિક અથવા આધ્યાત્મિક સુખનો આસ્વાદ અન્ય આત્માઓને કરાવવાથી તે જ પ્રકારનું સુખ પરિણામે મનુષ્યને ઉપાર્જે છે.

o જ્યાં પ્રેમ પરિવારમાં કેદ થઈ ગયો, ત્યાં ખાનગી માલિકી આવી ગઈ! એનાથી ઝઘડા વધે. નાના પ્રેમનો બચાવ કરતાં પ્રેમનો વ્યાપક પ્રવાહ રોકાઈ જાય છે.

સીમિત પ્રેમમાં વ્યાપક દ્વેષનું રૂપ આવી જાય છે.

બહુ અલ્પ પ્રેમ એટલે વ્યાપક દ્વેષ.

અહીં પ્રેમ કામનાં રૂપમાં પલટાઈ જાય છે.

સીમિત પ્રેમ કામરૂપ હોવાથી સડેલો પ્રેમ છે.

પાણી વહેતું અટકે એટલે મૂળ સ્વધર્મરૂપ સ્વચ્છતા ગુમાવે!

જે પાણી જીવન હતું, તે મરણ થઈ ગયું.

પ્રેમ જગતને જીવાડનારો છે.

તે સીમિત બની જાય તો જગતને મારનારો થાય છે.

o Exertion is greater than destiny.

અદૃષ્ટ પ્રારબ્ધ કરતાં ઉદ્યમ બળવાન છે.

પ્રેમ એક જગ્યાએ કેદ થશે એટલે મુક્તિનું સાધન
બનતો નથી. મુક્ત પ્રેમ જ મુક્તિનું સાધન બની શકે.

પરસ્પર સહયોગથી પ્રેમની તાકાત વધે છે.

'હું કોઈને મારું નહિં ને કોઈ મને મારે નહિં'

એ પ્રેમની નકારાત્મક વ્યાખ્યા થઈ.

એથી નવા કે પ્રેમની તાકાત વધતી નથી.

પ્રેમની તાકાત વધારવા માટે પોતીકા ઉપર છે,

તેટલો જ પ્રેમ પાડોશી અને દુશ્મન ઉપર પણ કરો.

એ રીતે દુશ્મન ઉપર પણ આપણે પ્રેમનો હુમલો

કરીશું, ત્યારે જ પ્રેમની ખરી શક્તિ પ્રગટ થશે.

આજે પ્રેમ ડરપોક બન્યો છે.

માત્ર ઘરમાં જ બેઠો છે,

તેને બહાર મેદાનમાં લાવવો જોઈએ.

કોઈને પણ ચાહતા ડરવું જોઈએ નહિં.

અસ્મિતાને ઢાંકવા જોઈએ, ક્ષમતાને નહિં.

અસ્મિતાને પડદામાં રાખવા જોઈએ, ક્ષમતાને નહિં.

પ્રેમ આપતા સંકોચનો અનુભવ કરવો ન જોઈએ,

દ્વેષ આપતાં જ સંકોચાવું જોઈએ.

એ જ અરહંતોનો ધર્મ છે.

ૐ

મંત્ર સાધનાનો મુખ્ય ઉપયોગ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ છે.

શાંતિ = ચિત્તવૃત્તિઓનું શમન, ઉપદ્રવોનું ઉપશમન.
તુષ્ટિ = ઈચ્છિતની પ્રાપ્તિ, ઉત્સુકતાનું શમન. સંતોષની પ્રાપ્તિ, વાદવિવાદમાં વિજય થાય છે.
પુષ્ટિ = પોષણ, વૃદ્ધિ, વિદ્યા, યશ, લાભ વગેરેની વૃદ્ધિ.
શ્રદ્ધા = અંતરંગ પ્રીતિ. એ objective છે.
વિશ્વાસ = આત્મવિશ્વાસ. એ Subjective છે.

ધ્યાન, શ્રદ્ધા અને સિદ્ધિ

સિદ્ધિ રેલ્વે સ્ટેશન છે, સાધન એ ટ્રેન છે. શ્રદ્ધા ને સમર્પણ એ બે પાટાની જેમ એકનિષ્ઠ સમર્પણ છે.

ધ્યાન વખતે એક ક્ષણમાં જે સુખ થાય,
તે ઈંદ્રના સુખ ભોગવતાં પણ ન થાય.
ધ્યાન વિના મનની ચંચળરૂપતા ઓળખાય નહિ.
ઓળખ્યા વિના કેમ શમે?
જેમ જેમ સ્થિર ઉપજે તેમ તેમ પ્રેમ વધારવો.
પ્રેમ વિના અપાર પ્રયત્ન કરવા છતાં તત્ત્વ ન મળે.
પ્રેમ પ્રતીતિથી જ વસ્તુ નિકટ આવે!
અંતરભાવ વિચારવાથી મન-પવન સ્થિર થાય,
તેમ નાભિકમળમાં પૂરક થઈ સમાય.

## યોગ, પ્રાણાયામ અને ધ્યાન

(૧) શરીરને શિથિલ કરવું.

(૨) મનને શાંત કરવું.

(૩) શ્વાસ લેતી અને મુકતી વખતે વૃત્તિઓ શાંત થતી જાય છે એમ વિચારવું.

(૪) બે-ત્રણ મિનીટ શાંત રહ્યા પછી અનંતા સિદ્ધબુદ્ધો લોકનાં અગ્રભાગ પર રહેલા છે, જેમાંથી અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ વરસી રહ્યું છે અને આપણે તેમાં સ્નાન કરતાં હોઈએ તેવું અનુભવવું.

(૫) પરમાત્મામાંથી પ્રાણીમાત્રનાં કલ્યાણની ભાવના અને પ્રેમ વરસી રહ્યા છે; આનંદ, જ્ઞાન, સુખ, ગુણ અને પ્રાણીમાત્રના કલ્યાણ માટેની અદ્ભુત સામગ્રી વરસી રહેલી છે તેવું પણ અનુભવવું.

(૬) દરેક વિચાર કરી, બે-ત્રણ મિનીટ તે વરસાદમાં સ્નાન કરવાનો અનુભવ કરવો. પરમાત્મામાં જ્ઞાન, આનંદ, સુખ અને સર્વ કલ્યાણકારી ભાવનાનો જે મહાસાગર ભર્યો છે, તેમાં નિમગ્ન થવું, ડૂબી જવું.

(૭) ચાર-પાંચ મિનીટ આ અવસ્થામાં રહેવું. એથી આત્મામાં, શરીરમાં, મનમાં અદ્ભુત આનંદ અને સુખ

અનુભવાશે. આપણે આનંદમય, શાંતમય, સુખમય, પ્રેમમય, કલ્યાણની ભાવનામય બન્યા એવું અનુભવાશે.

આ સ્થિતિમાં જેટલી મિનીટ (પાંચેક) રહેવાય, તેટલો વિશેષ લાભ થશે.

(૮) તે પછી તેમા જ અવસ્થામાં ધીમે ધીમે બેઠા થઈ, આ બધા ગુણોથી આપણે ભરેલા છીએ એમ વિચારવું. સમય ઓછો હોય તો બે-ત્રણ ગુણો ભેગા લઈ શકાય.

મન શાંત હોય ત્યારે અનુભવ સહેલાઈથી થાય છે.

કોઈ વખતે શારીરિક થાક કે માનસિક શોક હોય, ત્યારે આ કરવાથી સુખ અને આનંદ વડે તેનું નિવારણ થઈ, મન અને શરીરમાં અદ્ભુત શક્તિ જણાઈ આવે છે.

(૯) થોડા દિવસ આમ કર્યા બાદ ફાવટ ગયા પછી, સુખ-આનંદના મહાસાગરમાં ડૂબી જવાની શક્તિ આવ્યા પછી, હૃદયમાં ઉતરી પ્રકાશમય પરમાત્મા સન્મુખ જવું. ધીમે ધીમે તેમાં વિલીન થઈ આત્મસ્વરૂપમાં ચાલ્યા જવું. આત્મસ્વરૂપમાં પહોંચી દિવ્ય વસ્તુઓનો અનુભવ કરવો.

(૧૦) પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના ભાવવી કે: સર્વ જીવો સુખી થાઓ, દુઃખમુક્ત થાઓ, રોગ-શોક-ભયથી મુક્ત થાઓ, પાપથી મુક્ત થાઓ, કર્મથી મુક્ત

પામો, નિરોગી બનો, દીર્ઘાયુષી બનો, આનંદ-સુખ પ્રાપ્ત કરો, શાંતિ પ્રાપ્ત કરો, કલ્યાણ પ્રાપ્ત કરો, એકે-બીજાનું હિત કરવામાં તત્પર થાઓ, પરમાત્માનાં ચરણકમળની સેવા પ્રાપ્ત કરો, પરિપૂર્ણ મુક્તિનાં સુખને પામો.

(૧૧) પ્રાણીમાત્રનું કલ્યાણ કરનારા અરિહંત પરમાત્માનો જય થાઓ, જય થાઓ, જય થાઓ.

જૈનશાસનનો જય થાઓ. સિદ્ધચક્રયંત્રનો જય થાઓ.

શ્રી નવકારમંત્રનો જય થાઓ.

જગતના જીવો ધર્મ સન્મુખ બનો.

મારું સર્વસ્વ જૈનશાસનને સમર્પિત થાઓ.

(જીવમાત્રની કલ્યાણકારી યોજનાનું નામ જ 'જૈનશાસન' છે)

(૧૨) મન - વચન - કાયાના પૂર્ણ બળપૂર્વક, અંતઃકરણના ઉંડાણથી પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના કરો.

(a) વિશ્વના સર્વ જીવો ઉપર પરમાત્માની કલ્યાણકારી ભાવના રૂપ અમૃત વરસી રહ્યું છે તે જુઓ.

(b) તેનાથી સર્વ જીવોને કલ્યાણ પામતા અને સુખી થતાં જુઓ.

(c) વર્તમાન જૈન સંઘને સર્વનું કલ્યાણ કરનારી ભાવનાથી ભરેલા જુઓ.

(d) આપણા હિતશિક્ષા કરનારા ઉપકારીઓ
તેમ જ બીજા વિશિષ્ટ આરાધકોનું કલ્યાણ થતું જુઓ.

(e) તેઓને જ્ઞાન, દર્શન, આનંદ, સુખ,
ગુણો વગેરેથી ભરેલાં થતાં જુઓ.

(f) પંચ પરમેષ્ઠિ ભગવંતો અને આપણા
હિતચિંતકોમાંથી પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનારૂપી
પ્રેમામૃત વરસી રહ્યું છે તે જુઓ.

(g) તેમાં આપણે સ્નાન કરી રહ્યા છીએ તેમ જુઓ.

(h) તેનાથી આપણું કલ્યાણ થઈ રહ્યું છે તેવું જુઓ.

(i) તે અમૃતનાં સરોવરમાં આપણે ડુબેલા છીએ, તથા
સર્વ રોગ, શોક, ભય, ચિન્તા, દુઃખ અને પાપથી
મુક્ત બનેલા આપણે ધીમે ધીમે
એ સરોવરમાંથી ઉપર આવીએ છીએ તેમ જુઓ.

(j) પ્રથમ મસ્તક, પછી ધીમે ધીમે
આખું શરીર ઉપર આવે છે તેમ જુઓ.

(k) નીચે સરોવરમાંથી નિકળતા કમળમાં આત્મા બેઠો છે,
ઉપર પરમાત્મામાંથી વરસતી ભાવના અને પ્રેમને
લીધે આત્મા પોતે પ્રેમ અને પ્રાણીમાત્રનાં
કલ્યાણની ભાવનામય બની ગયો છે તેમ જુઓ.

(l) વળી પરમાત્મામાંથી ગુણો વરસી રહ્યાં છે તેમ જુઓ.

(m) કૃતજ્ઞતા, પરોપકાર, ઉદારતા, અહિંસા, સત્ય, પ્રામાણિકપણું, બ્રહ્મચર્ય, ક્ષમા, સરળતા, નમ્રતા, સંતોષ આદિ ગુણો વરસી રહ્યાં છે તેમ જુઓ.

(n) પરમાત્મામાંથી પ્રાણીમાત્રનાં કલ્યાણની સામગ્રી મળી છે, તેનાથી સર્વનું કલ્યાણ કરનારી મન-વચન-કાયાની શક્તિ, દેશનાલબ્ધિ, તેજસશક્તિ આદિથી આત્મા ભરાઈ જાય છે તેમ વિચારો.

(o) પરમાત્મામાંથી રત્નત્રયીનો વરસાદ વરસી રહ્યો છે તેમ જુઓ.

(p) તેનાં પ્રભાવથી પોતે પ્રાણીમાત્રને આત્મતુલ્ય દૃષ્ટિથી જોવા, જાણવા, વર્તવાવાળો બની રહ્યો છે તેવું અનુભવો.

(q) સમ્યગ્દર્શનાદિ ગુણો પરમાત્મામાંથી હજુ વરસી રહ્યાં છે તેવું અનુભવો.

(r) તેનાં પ્રભાવે નિશ્ચયથી પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ જોવા - જાણવા - અનુભવવાની શક્તિ અનુભવો.

(s) પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ ભોગવવાની શક્તિ આવતી જાય છે તેમ જોવું.

(ટ) તે ગુણો હવે આત્મામાં પ્રગટવા માંડ્યા છે તથા
પરમાત્મામાંથી આનંદ, સુખ, અમૃત
ઝરથી આત્મા ઉપર વરસી રહ્યાં છે અને
આત્માનું આનંદ સ્વરૂપ પ્રગટ થતું જાય છે તેમ જુઓ.
(ઠ) પરમાત્મામાંથી ઐશ્વર્ય વરસી રહ્યું છે, મારી આત્મા
અનંતવીર્ય, દાન, લાભ, ભોગ, ઉપભોગ આદિ ઐશ્વર્યથી
પૂર્ણ બને છે, પરમાત્મા પ્રકાશનાં તેજ:પુંજ (સૂર્ય) છે,
આત્મા પ્રકાશમય, જ્ઞાનમય બને છે તેવું અનુભવો.
(ડ) પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે તેમ જુઓ.
આ ભાવના પહેલાં જાપ, ધ્યાન, પ્રાર્થના આદિ ઘણું
થયેલું હોય છે. પછી અમૃત-પ્રેમથી ભરાયેલ બ્રહ્મરંધ્રમાંથી
અને આત્મામાંથી અમૃતનો ફુવારો નીકળી ભેજુનાં
અંતભાગ સુધી જઈ જગત ઉપર તેનો છંટકાવ થાય છે.
તે પછી ઉપર લખ્યા મુજબ બને છે.
(અંગુષ્ઠમાત્ર પુરુષ એ લિંગશરીર - સૂક્ષ્મશરીરને જ કહે છે)
ઇંદ્રિયો અને બાહ્યકરણો અને ભોગપ્રધાન છે.
અંતઃકરણ વૃત્તિપ્રધાન છે.
એ રીતે સંસારનું ભોગક્ષેત્ર કરણો વડે થાય છે.
પુરુષનાં ભોગાપવર્ગાર્થે પ્રવૃત્તિ પ્રવર્તે છે.

॥ श्री ॥

० माता तरफथी लोही, मांस, रोम मळे छे.
पिता तरफथी स्नायु, अस्थि अने मज्जा मळे छे.
छ वस्तुओथी भरपूर होय आपणो देह
'षाट्कौशिक देह' कहेवाय छे.

० मनमां रहेता राग-द्वेष वगेरे दोषो इंद्रियोने पोत-पोताना विषयमां पतन न थाय, ए हेतुथी प्रवर्तक अविद्या राग-द्वेष वगेरे क्लेशोना परिपाक माटे मैत्र्यादि भावना रूप प्रयत्नुं नाम 'यतमान संज्ञावैराग्य' छे.
'विषयो मारे आधीन छे, पण हुं विषयोने आधीन नहि' एवा बुद्धि अने समज ते 'वशीकार संज्ञावैराग्य' छे.
दोषदर्शनथी परवैराग्य प्राप्त थाय छे.
सूक्ष्मशरीरना १८ प्रकारमां बुद्धिथी धर्माधर्म ग्रहण थाय छे, तेने लयपामी जनारुं 'लिंगशरीर' कह्युं छे.

५ प्रकारना न्याय

कंठ - चामीकर न्याय, शुक - निशुंक न्याय, वानर - गागर न्याय, स्थाणु - पुरुष न्याय अने ग्रंथि - गांठ न्याय.

विपर्ययना ६२ भेद

($८ + ८ + १० + १८ + १८ = ६२$)

अविद्या = तम, अव्यक्त अहंकार, तन्मात्रामां आत्मबुद्धि.

અસ્મિતા = મોહ, અણિમાદિ ૮ બુદ્ધિ.

રાગ = મહામોહ, ૧૦ વિષયો દિવ્યાદિવ્ય.

દ્વેષ = તામિસ્ર - ૧૦ વિષયો,

૮ અણિમાદિ ઇત્યાદિ.

અભિનિવેશ = અંધતામિસ્ર, ભય ૧૮.

હવે અસક્તિના ૨૮ પ્રકારમાં ઇંદ્રિયોનાં ૧૧ વધ:

બધિરત્વ, ત્વગ્રોગ, અંધત્વ, જીહ્વારોગ,

મૂકત્વ, પંગુત્વ, કુષ્ઠિત્વ,

કુણિત્વ, સુંઘવાની અશક્તિ,

નપુંસકત્વ, ગુદાવર્ત-મળમૂત્ર અવરોધક,

તથા બુદ્ધિના ૧૭ વધ છે.

આમ ૧૧ + ૧૭ = ૨૮ છે.

નીચે દર્શાવેલ ૯ પ્રકારે તુષ્ટિ

: ૪ આધ્યાત્મિક તુષ્ટિ :

(૧) પ્રકૃતિ તુષ્ટિ - અંભસ્ (૩) કાળ તુષ્ટિ - ઓઘ

(૨) ઉપાદાન તુષ્ટિ - સલિલમ્ (૪) ભાગ્ય તુષ્ટિ -

: ૫ બાહ્ય - વિષય સંબંધી તુષ્ટિ :

(૧) અર્જન (પાર) (૨) રક્ષણ (સુપાર) (૩) ક્ષય (પારાપાર)

(૪) ભોગ (અનુત્તમાંભ) (૫) હિંસા (ઉત્તમાંભ).

## સિદ્ધિ ૮ પ્રકારે

ઊહ = તર્ક, પરીક્ષણ, મનન, તારતાર.

શબ્દ (શ્રવણ) = અર્થ - સુતાર.

અધ્યયન (શ્રવણ) = સુત્ર - તાર.

સિદ્ધિઓમાં પ્રમોદ, મુદિત અને દુઃખવિઘાત એ ૩ પ્રકારની સિદ્ધિ મુખ્ય છે, બાકીની ૫ ગૌણ છે.

પ્રત્યય - બુદ્ધિ

લય - બુદ્ધિનો સર્ગ

લિંગ - તન્માત્રનો સર્ગ

દાન - વિપર્યય શુદ્ધિ, સદા મુદિત.

દૈધ શોધને - વાસના, સંશય, વિપર્યયકૃત અસ્પષ્ટ.

દીર્ઘકાળ - નિરંતર સત્કાર, આદરપૂર્વકનો અભ્યાસ.

મહેમાન સુહૃતપ્રાપ્તિ - સમાનધર્મોની અનુમતિ રમત.

## દૈવસર્ગના ૮ પ્રકાર

બ્રાહ્મ, ગાન્ધર્વ, પ્રાજાપત્ય, યક્ષ, ઐન્દ્ર, રાક્ષસ, પૈત્ર, પિશાચ.

## તિર્યંચસર્ગના ૫ પ્રકાર

ગ્રામ્ય પશુ - ગાય, ઘોડા.

આરણ્ય - મૃગ, હરિણ.  પક્ષી - ગીધ, ગરૂડ.

સરિસૃપ - સર્પ, વીંછી.  સ્થાવર - ઘટપટાદિ.

માનવસંગતિનો ૧ પ્રકાર : વહુઁ આશ્રિત દિશારહિત.

૦ જૈસે લલના લલિતમેં લાખ ધરતુ હૈ સાર,
તૈસે મનકો પ્રભુભજનમેં ચિત્ત ધરી કર સુવિચાર.

– સમતા શતક

૦ દુઃખ એ લાભનું કારણ છે.

૦ વિચારશૂન્ય આચાર કરવો કે આચારશૂન્ય વિચાર-ઉચ્ચાર કરવો એ ઉભય સરખા જ છે.

૦ જેમ આંખ એ વિશાળ ગગનના આવડવાનું કારણ છે, તેમ વ્યવહાર એ નિશ્ચયનું કારણ છે. અરિહંતાદિની જે કાંઈ ઋદ્ધિ છે, તે જ આપણા પ્રચ્છન્ન - ગુપ્ત - આંતરીક ઋદ્ધિ છે, એવી સમજણ નિશ્ચય વ્યવહારના આચરણથી થાય છે.

જ્યારે જ્યારે વ્યવહારથી દર્શન, વંદન, નમન કરીએ છીએ, ત્યારે ત્યારે આપણા પોતામાં જ રહેલા ગુપ્ત ગુણોનું અનુકરણ કરીએ છીએ. આપણા ભાડાએલા પુષ્પનાં જેવા ગુણોને અરિહંતાદિના સૂર્ય જેવા પ્રકાશમય ગુણોથી ખીલતા રહે અધિક અનુભવાય છે. જ્યારે ધ્યાન દ્વારા આપણા આત્માનું નિરાવરણ રૂપ કેવું રહે તેવું વિચારીએ છીએ, ત્યારે જે આનંદ સ્ફુરે છે, તે ઉચ્ચ સ્થિતિએ ચઢાવે છે.

વર્તમાન સમયમાં શ્રેણિ જેવું લાગે છે.

પરમર્ષિઓનાં ગુણો પોતાનાં આત્મા સાથે ધ્યાન કરી લાગુ પાડતાં શીખવું અને નિર્મળ આત્માનું આ સ્વરૂપ છે એમ સમજવું. એ સમજણ વ્યવહારથી આવે, તેમ વ્યવહાર અને દેવગુરુનું ઉપકારીપણું અનુભવાય છે.

૦ 'સકલ શાસ્ત્રનો હેતુ ઉચ્ચાશય તે આત્મસ્વરૂપ છે;' તેમ જે જાણે તે સકલ શાસ્ત્રનો જ્ઞાતા છે.

પહેલાં 'આ આત્મસ્વરૂપ અશુચિ-દેહથી ભિન્ન છે' એમ અનુભવવું જોઈએ, પછી તે અશુભ હોય તો શુભ કરવું અને શુભ કર્યા પછી શુદ્ધ કરવું. એમ જેમણે કર્યું છે તેમણે જ શાસ્ત્ર રચેલા છે, રચે છે અને રચશે.

૦ દેહ અને વિષયમાં 'હું અને મારું' તે સંસાર અને 'દેહનો અધિષ્ઠાતા હું' અને તેમાં રહેલા ક્રોધાદિથી વિમુક્ત થઈને પોતાનાં 'શુદ્ધ સ્વરૂપને મારું જાણવું' એ જ મોક્ષે પહોંચાડનાર માર્ગ છે.

## <u>સફળતાની ત્રિપદી</u>

(૧) કામ કરવામાં વખત ગાળીએ તે સફળતાનું મૂલ્ય છે.
(૨) વિચાર કરવામાં વખત ગાળીએ તે બળનો સ્રોત છે.
(૩) વાંચવામાં વખત ગાળીએ તે ડહાપણનો સ્રોત છે.

- An Irish prayer

દિવસે ચંદ્ર સ્વર ચાલે અને
રાત્રે સૂર્ય સ્વર ચાલે તેનું આયુષ્ય દીર્ઘ જાણવું.

## કોનાથી કેટલા શ્વાસ ખપે?

| | | | |
|---|---|---|---|
| ૧ મુહૂર્ત | - ૩૭૭૩ શ્વાસ | સમાધિ | - ૪ શ્વાસ |
| શુક્લધ્યાન | - ૬ શ્વાસ | મૌનપણું | - ૧૦ શ્વાસ |
| બોલવામાં | - ૧૨ શ્વાસ | ચાલતા | - ૧૬ શ્વાસ |
| નિદ્રામાં | - ૨૨ શ્વાસ | સ્ત્રીભોગ | - ૩૬ શ્વાસ ખપે. |

ધર્મ - વસ્તુ સ્વભાવ - કુળાચાર નહિ.
અર્થ - ષટ્દ્રવ્યનું સ્વરૂપ - ધનખજાનો નહિ.
કામ - રતિક્રીડા નહિ, કિન્તુ ચિત્તાભિલાષ.
મોક્ષ - ઇંદ્રલોક નહિ, કિન્તુ બંધાભાવ અને અચલગતિ.

જ્ઞાન એ સૂર્ય છે, વૈરાગ્ય એ ચંદ્ર છે.
એ જેના હૃદયે હોય તેને મિથ્યા અંધકાર કદી ન રહે.
'પંચમગતિ વિના મહીંલોકમાં સુખ નથી' એ નિશ્ચય છે.
'હું અને મારું' એ જીવનું બંધન છે.
'સર્વ અને સર્વનું' એ મોક્ષ છે.
'હું અને મારું' એથી રાગ અને રોષ વધે છે
અને એ ન મટે ત્યાં સુધી મોક્ષ નથી.
જેને રાગ-દ્વેષ નથી તે કાળજીત ગણાય છે.

જો રચના તિહું લોક મેં, સો નર તન મેં જાન,
અનુભવ બિના દીખે નહીં, અંતર તાકો પિછાન.
'હં'કારે સ્વર ઉઠત હૈ, થઈ 'સ'કાર સમાય,
અજપાજાપ તિહાં હોત હૈ, દીનો ભેદ બતાય.

| નાડી | - સ્થાન | વાયુ | - સ્થાન/કૃત |
|---|---|---|---|
| ઈડા નાડી | - દક્ષિણ | પ્રાણ | - હૃદય |
| પિંગલા નાડી | - વામ | અપાન | - ગુદા |
| સુષુમ્ણા | - નાસાપુટ | વ્યાન | - નાભી |
| ગાંધારિકા | - વામ ચક્ષુ | ઉદાન | - કંઠ |
| હસ્તિજિહ્વા | - દક્ષિણ નયન | સમાન | - શરીર |
| પુષા | - જમણો કાન | નાગ | - ઓડકાર |
| યશસ્વિની | - ડાબો કાન | કૂર્મ | - ઉન્મેષ નિમેષ |
| અલંબુષા | - મુખ સ્થાન | કૃકર | - છીંક |
| શંખિણી | - ગુદા સ્થાન | દેવદત્ત | - બગાસું |
| કુહુ | - લિંગ સ્થાન | ધનંજય | - વાતનિસર્ગ. |

o સાધુત્વ એટલે વિશ્વના તમામ જીવોનું હિત.
વિશ્વના કોઈપણ જીવનાં અહિતનો ત્યાગ.

o નીચી નજરે ચાલતાં, ત્રણ ગુણ મોટા થાય;
કાંટો ટળે, દયા પળે, પગ પણ નહિ ખરડાય.

## જો સ્વર સાથે ચાલે

ક્ષૌં પૈં રૌં બ્લૌં ક્લૌં

હૃદય, શરીર, ગુદા, કંઠ, સંધિ

પ્રાણ, સમાન, અપાન, ઉદાન, વ્યાન

શાંતિ, સમતા, એકતા, ભાનતા.

પૃથ્વી : ૫૦ પલ, ચોરસ આકૃતિ, સન્મુખ,
પીતવર્ણ, ૧૨ આંગુલ.

અપ્ : ૪૦ પલ, વર્તુલ, નીચી ગતિ,
શ્વેતવર્ણ, ૧૬ આંગુલ.

તેજ : ૩૦ પલ, ઊંચી ગતિ, ત્રિકોણ આકાર,
રક્તવર્ણ, ૪ આંગલ.

વાયુ : ૨૦ પલ, ધ્વનિકાર,
નીલવર્ણ, ૮ આંગુલ.

આકાશ : નાસા સંપુટ, શુન્યાકાર,
શ્યામવર્ણ, ૧૦ આંગુલ.

સંત = નિજસ્થિતિમાં સદા સર્વકાળ રહેવાવાળા.

સ્વભાવ = પોતાના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય.

વિભાવ = પોતાના કામ, ક્રોધ, લોભ, મોહ.

બોધિ = પોતાના આત્માને દેહાદિ કર્મકૃત ભાવબોધ

ભિન્ન છે એવું નહીં સમજે માને તે, તથા 'બધા આત્મા પોતાના જેવા સુખ, પ્રેમ, દુઃખ-દ્વેષવાળા છે' તેવું તથા 'નિશ્ચયથી પોતાનો આત્મા પરમાત્મસ્વરૂપ છે' તે માનવું.

<u>મૈત્રી</u> એટલે સર્વની હિતચિંતા વડે આત્મભાવ વધે તે.

<u>વ્યવહારથી ધર્મ બે પ્રકારે</u> છે: યતિધર્મ, ગૃહીધર્મ.

<u>નિશ્ચયથી ધર્મ એક પ્રકારે</u> છે: સર્વને આત્મસ્વરૂપ ગણી આત્મજ્ઞાન: દર્શનચારિત્ર પ્રાપ્ત કરવું તે.

o અનુભવજ્ઞાન એ મોક્ષમાર્ગ છે.

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ.

o <u>નિદિધ્યાસન</u> = પરમાત્મગુણો પોતાનામાં ઘટાવવા તે. જિનેશ્વર ભગવાનમાં જેવો આત્મા વ્યક્ત અપેક્ષાએ છે, તેવો જ આત્મા આપણામાં શક્તિ અપેક્ષાએ છે. એક કર્મરહિત, બીજો કર્મસહિત છે. આ વાત સર્વ સિદ્ધાંતનાં સ્વરૂપ છે. તેને દૃઢ શ્રદ્ધાથી ગ્રહણ કરો.

આત્મત્વેન = બંને સમાન છે.

o 'દૃશ્ય દેહાદિ કે જગત અદૃશ્ય સદા હું કોણ?' એમ વિચારતાં જ્યારે મન જડ એવા દેહાદિમાં ઉપશમ પામે અને 'હું'-'ચૈતન્ય'માં વિશ્રામ લે ત્યારે નિજાનંદનો

આસ્વાદ લેતા અપૂર્વ સુખ ઉપજે તેનું નામ '<u>અનુભવ</u>'.
સ્વપરનું વિવેચન = સ્વ એટલે હું અને પર એટલે જડ-દેહ + પાંચ વિષયો. તેનો વિભાગ કરી મનને સ્વભાવમાં લાવે એટલે સ્વસ્થિર હોવાથી મન ત્યાં સ્થિર થાય. સ્થિર મનમાં, ચિત્તમાં, અંતઃકરણમાં આત્મપ્રતિબિંબ પડે એટલે આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્માનંદ અનુભવાય.

સર્વત્ર જ્યોતિ છે તે અનુભવ કરનારને જ દેખાય.

એક જ મનુષ્ય પિતાની અપેક્ષાએ પુત્ર અને પુત્રની અપેક્ષાએ પિતા. તેમ એક જ આત્મા નિશ્ચયનયથી લોકપ્રમાણ અને વ્યવહારનયથી દેહપ્રમાણ છે.

દેહભાવથી શરીરપ્રમાણ, મનોભાવથી ૧૪ રાજલોક-પ્રમાણ અને આત્મભાવથી લોકાલોકપ્રમાણ.

નિશ્ચય દૃષ્ટિ હૃદયમાં રાખી વ્યવહાર દૃષ્ટિથી આત્મા દેહપ્રમાણ એમ માનવું એ અનેકાંતવાદ છે.

<u>રોજ વિચારવું કે ઘરમાં હું કે મારામાં ઘર?</u>
<u>વ્યવહારથી ઘરમાં હું અને નિશ્ચયથી મારામાં ઘર છે.</u>

o સૂર્ય અને સૂર્ય કિરણ. નિયત સ્થાનવર્તી સૂર્યનો પ્રકાશ જેમ લોકમાં પ્રસરે, તેમ નિયત સ્થાનવર્તી આત્માનો જ્ઞાન-પ્રકાશ પણ લોકાલોક વ્યાપક છે.

સ્વસ્થિરતાને પકડી ગૌતમ સ્વામી અષ્ટાપદ ચઢ્યા, તેમ દેહપ્રમાણ આત્મારૂપી સ્થિરતાને પકડી, અષ્ટાંગ યોગારૂપી આઠ પગથિયાંવાળા અષ્ટાપદ ઉપર ચઢે, તો આદિશ્વર ભગવાનરૂપી નિજ આત્માનાં દર્શન થાય.

'દેહ પ્રમાણ આત્મા' જાણ્યે તો બરકત નહિં, પણ 'દેહ એ આત્મા છે' એમ ન જાણવું જોઈએ.

૦ મહાપુરુષોએ કર્યું તે પોતાને લાગુ કરી, તદ્વત્ વર્તન કરવાથી મહાપુરુષોનું બહુમાન-સન્માન થાય તે સાચું સન્માન છે. વાચિક પ્રશંસા કે માનસિક બહુમાનમાત્રથી સન્માન થતું નથી. કેવળ બહુમાન કે પ્રશંસા એ જ્ઞાન-દર્શન છે, પરન્તુ તે જ પ્રમાણે વર્તન તે ખરો મોક્ષમાર્ગ છે. જાણવું, અનુભવવું અને તે પ્રમાણે વર્તવું એ મોક્ષમાર્ગ છે.

૦ કીડા-કીડી, માંકડ, મચ્છરાદિ બે-ત્રણ અને ચાર ઇંદ્રિયવાળા જીવો છે. સ્ફટીકમણિ આદિ પૃથ્વીકાય, કુવા-વાવ આદિ અપકાય, જ્વાળા-અંગારા આદિ અગ્નિકાય, વાવંટોળાદિ વાયુકાય, વનસ્પતિ-ભાજી આદિ પ્રત્યેક અને કંદ આદિ સાધારણ વનસ્પતિકાય, દેવ-નારકી, જનાવર અને મનુષ્યાદિ પંચેન્દ્રિય જીવોની જાતિઓમાં અનંતકાળ જન્મ્યો અને મર્યો. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ

અહો ચિંતામણિ તેમાં જ હોવા છતાં મેં ખોળ્યો નહિ.

જ્ઞાનરૂપી પ્રકાશમાં

'સંસાર દુઃખ અને મોક્ષ સુખ'

એમ જાણ્યું, તેમાં શ્રદ્ધા રાખી,

સદ્વર્તનરૂપ ચારિત્ર

મેં અંગીકાર ન કરવાથી જ આમ બન્યું.

આત્મામાં આત્માનું જ્ઞાન,

આત્મામાં આત્માનું દર્શન અને

આત્માનાં સુખનો અનુભવ કરવો

તે નિશ્ચય રત્નત્રયી છે.

આત્મજ્ઞાનનાં પ્રકાશ વિના

જે કાંઈ ક્રિયાઓ થાય,

તે અંધારામાં થાય છે.

અંધારામાં ચાલતા-ચાલતા

મોક્ષ રૂપી સાધ્ય સુધી કેમ પહોંચાય?

પહેલાં તું પોતે કોણ છે,

તે યથાર્થ સમજ, પછી જો

શુભ ક્રિયા કરીશ તો

અનિચ્છાએ પણ સત્વર મોક્ષસુખ મળશે.

o ત્રણે લોકે - ત્રણે કાળમાં ધ્યાન કરવા યોગ્ય એક આત્મા જ છે. તે નિશ્ચયથી જિન ભાખે છે. ધ્યાન કરવા યોગ્ય જિનેશ્વરને પહેલાં ઓળખો, પછી 'તારો આત્મા પણ તેવો જ' એમ નિશ્ચયથી માનો, તેનું ધ્યાન ધર, તો પરમાત્માની જેમ તું પણ શિવસુખ પામીશ.

આત્મતત્ત્વનું અનુભવપૂર્વક જ્ઞાન ન થાય ત્યાં સુધી ગમે તેટલા વ્રત, તપ, સંયમાદિ કરે તો પણ મોક્ષ તો ન જ થાય. ક્રિયા અફળ ન જાય, પણ આત્મજ્ઞાન વિના મોક્ષરૂપી ફળ ન મળે. પોતે આત્મા સાથે એકતા કરે છે, ત્યારે તે જ્ઞાનરૂપી પ્રકાશ પોતાનું શુદ્ધ સ્વરૂપ દેખાડતા જાય છે અને તપાદિથી અશુભને કાઢતો-કાઢતો સર્વથા નિર્જરા કરી મોક્ષપદને અવશ્ય પામે છે.

મારામાં જે જાણે છે તે જ્ઞાનરૂપ હું,
મારામાં જે દેખે છે તે દર્શનરૂપ હું અને
જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં રમણતા થઈ તે હું.
આમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને સુખ
આદિ ગુણોમાં સ્થિતિ થવાથી જીવ શિવરૂપ થઈ જાય.

o પુણ્યના ફળો ભોગાથી નાશ પામે છે, જ્યારે મોક્ષનાં સુખ પરિપૂર્ણ અને અખંડ રહે છે.

એક જ મનુષ્ય એક સાપેક્ષાએ પિતા, પુત્ર, ભાઈ, મિત્ર હોઈ શકે, તેમ એક જ આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખરૂપે વિશિષ્ટ અને આત્મત્વરૂપે સામાન્ય હોઈ શકે છે. સૂર્ય પોતાનાં પ્રકાશરૂપી ગુણથી સર્વ વસ્તુને જાણી-જુએ, આત્મા અનંત સૂર્યને પણ જાણી-દેખે.

o કરોડ વર્ષનાં પુદ્ગલનાં સુખ પણ નાશવંત છે, તેમાંથી રતિ દૂર કરીને નિજાનંદમાં રમણતા કરવી.

o પુદ્ગલ પણ શરીરનો મળ હોય તેમ ધર્મધ્યાન વડે તેને ધોઈ, શુક્લધ્યાન વડે નિજ સ્વરૂપમાં પ્રવેશ કરી ધ્યાનાતીત અવસ્થાને પામવાની છે.

o વ્યવહારનયથી મોક્ષનું કારણ વ્રત-તપ-સંયમ-શીલ છે. નિશ્ચયનયથી આત્મસ્વરૂપનો અનુભવ-સ્વસંવેદન છે.

o 'મારામાં જે જાણે છે તે હું, જે બહાર છે તે નહિં.' આમ કરતાં કરતાં નિજ સ્વરૂપને અનુભવતો જાય, તે મોક્ષગતિનું વાસ્તવિક કારણ છે.

o વ્યવહારનય કર્મ રૂપી ઈમારતને જાણી, કુહાડા રૂપી પ્રહારથી તોડે છે. નિશ્ચયનય ભીંતના પથ્થર અને ઈંટોની વચમાં રહેલા આકાશ, વાસના કે આસક્તિને દૂર કરે છે, એટલે ઈમારત ધડામ દઈને પડી જાય છે.

પહેલો અશુભને છોડાવી શુભમાં જોડાવો છે,
બીજો શુભને મૂકી ચૈતન્યમાં પ્રવેશ કરાવો છે.
આમ વ્યવહાર-નિશ્ચય બેઉ ઉપકારક છે.

o હું દેહ નહિ, પણ દેહમંદિરમાં વસનાર દેવ છું.
પુદ્ગલાદિમાં હું એવો સ્વભાવ નહિ.

## નવે તત્ત્વોની સમજ

એક જીવતત્ત્વને ઓળખ, પછી સર્વ જીવો તેવા જ છે,
એવું અનુમાન કર. એક અજીવ-જડતત્ત્વને જાણ
અને પછી સર્વ જડ તેવા છે તેમ જાણ.
દુઃખને જોઈ પાપનું અને સુખને જોઈ પુણ્યનું અનુમાન,
પુણ્ય-પાપને આવતા જોઈને આસ્રવનું અનુમાન,
પુણ્ય-પાપને રોકતા સંવરની ક્રિયા તે સંવર એવું અનુમાન,
પુણ્ય-પાપરૂપ ફળને આપનાર કર્મ ખરી પડે તે નિર્જરા,
પાપ-પુણ્ય બંધાય છે તે બંધ અને
પાપ-પુણ્યાદિ સ્વકર્મનો ક્ષય થાય તે મોક્ષ.

o ચૈતન્યરૂપ પોતાને જ હંમેશા ધ્યાવો તે મોક્ષસુખ પામે.

o પરભાવરૂપ ઉપાધિની મમતા મૂકતાં
'શુદ્ધાત્મા પોતામાં જ છે' એ અનુભવ તરત થાય છે.
તેને ખોળી, અનુભવ કરવો તે 'આત્માનુભવ' કહેવાય છે.

જિનાજ્ઞા એટલે જિનાગમ. આત્માનો અનુભવ થશે, તો તીર્થંકરની આજ્ઞા - આપ્તવાક્યનો અનુભવ થશે જાણવો.

ઉપાધિ એટલે પરદ્રવ્યનો સંબંધ, ફોગટની પીડા. ગાયના પાંચમાં પગની જેમ અને મનુષ્યનાં છઠ્ઠા આંગળાની જેમ શરીરાદિ અને તેનાં સંબંધી સ્ત્રી-ધનાદિ ફોગટની ઉપાધિઓ છે. તે ભવરૂપ ગાયને જ્ઞાન-દર્શન-સુખ-વીર્યના ચરણમાં અડચણરૂપ થાય છે.

દેહનું મમત્વ વ્રત-તપથી જાય છે,

તેથી દેહભાવરૂપ ઉપાધિ દૂર થાય છે.

ઉપાધિ દૂર થવાથી સ્વભાવનો અનુભવ થશે.

જાણપણું ચેતનમાં જ છે અને ચેતન તો પોતે જ છે.

જડ એવા શરીરાદિ કોઈ કાળે

જ્ઞાનપણું કે સર્વજ્ઞપણું પામતા જ નથી.

'તું પોતે જ સર્વજ્ઞ છે, માટે તારા ચેતનની જ

આરાધના-ધ્યાન કર, તો પરમાનંદ પામીશ',

એમ જિનેશ્વર અને સદ્ગુરુઓનો ઉપદેશ છે.

સર્વ જીવ પ્રગટપણે કે છદ્મપણે સર્વજ્ઞ છે.

'મારામાં જે છે તે પણ સર્વજ્ઞ છે. આપે સર્વે એકસરખા જ છીએ. સર્વ જીવની સાથે ગુણૈક્યથી મૈત્રી છે.'

પોતે જ અંતરમાં - અંતરઆત્મામાં બિરાજે છે.
મનરૂપી અરીસામાં તેનું બિંબ પડે છે.
જેનું મનમાં પ્રતિબિંબ પડે છે, તે આત્મા તો
પોતાના અંતરમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યવાળા
૪ પાયાના સિંહાસન ઉપર બિરાજ રહેલ અનુભવાય છે.
વીર પ્રભુ જેમ સિંહ લંછને બિરાજમાન છે,
તેમ આત્મા પણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્યનાં
ચાર પાયાવાળા સિંહાસન ઉપર બેસવાવાળા છે.
o સમુદ્રમાં જેમ જળ છે, તેમ આત્મામાં પરમાત્મા છે.
સમુદ્રમાં ખારૂં જળ છે, તેમ જળમાં પણ કર્મરૂપી ખારાશ છે.
શુભભાવના રૂપી જે વરાળ ઉંચે ચઢી નિર્મળ થાય છે,
તે મોટા પર્વતોને પણ ભેદીને પોતાનો માર્ગ કરી લે છે.
પ્રથમ ઝરા રૂપે અર્થાત્ ધર્મધ્યાનના પ્રવાહ રૂપે,
પછીથી પોતાની પાસે ધસમસતી આવતી જળ-પ્રવાહરૂપ
શુક્લધ્યાનની નદીઓ રૂપે તે દેખાય છે.
છેલ્લે કિનારે બારમે ગુણસ્થાનકે પોતે જળરૂપ,
પૂર્ણ પરમાત્મારૂપ, જ્ઞાનરૂપ દેખે છે.
શુભભાવનારૂપી તીર્થો, ધર્મધ્યાનરૂપી ઝરણાં, શુક્લધ્યાન
રૂપી નદીઓ છે. તે બધું પોતામાંથી જ ઉત્પન્ન થયેલ

જાય છે, એટલું લાભ થતાં કેવળજ્ઞાન થાય છે.

'સ એવ અહં, સ એવ અહં।' (પરિશિષ્ટ-૨૨)

o પવિત્રદેવની મૂર્તિ નહિં, પણ પવિત્રજ્ઞાનની મૂર્તિ મંદિરમાં છે એમ માનવું. પોતાના જ શુદ્ધસ્વરૂપની સ્થાપના પોતે જ પોતાના સંકલ્પ વડે પ્રભુમૂર્તિમાં કરી, એટલે મૂર્તિ કેવળ પ્રભુની ન બની, પણ પોતાના શુદ્ધ સ્વરૂપની બની. તેમાં સ્થાપના પ્રભુની નહિં, પણ પોતાના શુદ્ધ સ્વરૂપ સંબંધી પોતાની જ કલ્પનાની સ્થાપના મૂર્તિમાં કરાય છે.

'દેવો ભૂત્વા દેવં યજેત।'

પોતાને દેવ સમાન કલ્પી આત્મદેવની પૂજા કરો. મંદિરમાં મૂર્તિ પોતાના આત્મદેવની છે, કેમકે પોતાની કલ્પનાથી કલ્પેલા શુદ્ધ સ્વરૂપની સ્થાપના કરી છે, તેનું નામ - 'સ એવ અહં' છે.

પછી 'સ એવ અહં', જેનું નામ તાત્વિક પ્રતિજ્ઞા છે.

પ્રતિજ્ઞા પદાર્થ પોતાના સંકલ્પની મૂર્તિમાં,

કે જે પોતાના જ શુદ્ધ સ્વરૂપનું મૂર્તરૂપ છે,

ચર્મચક્ષુથી જિનમૂર્તિ, મનઃચક્ષુથી જિનેશ્વર દેવ અને બુદ્ધિચક્ષુથી સ્વના-શુદ્ધ જ્ઞાનરૂપી દેવનાં દર્શન કરવાનાં છે.

મુક્તતાની ઇચ્છા વિનાનો અમુમુક્ષુ જીવ આળસુ અને મુમુક્ષુ જીવ ઉદ્યમી છે.

**'શરીર તે જિનમંદિર અને આત્મા તે જિનદેવ.'**

જીવ જ જિન છે, કેમકે જીવ જ કર્મને જીતે છે, જીવો જ કર્મને જીત્યા છે, જીવ જ કર્મને જીતશે.

જડ ચેતનને પૂજે પણ ચેતન જડને કેમ પૂજે?

ભિખારી રાજા પાસે દાન માંગે, રાજા ભિખારી પાસે માંગે?

સમુદ્ર નદી-નાળા-વાદળોને ઉત્પન્ન કરે, પણ વાદળ સમુદ્રને કેમ ઉત્પન્ન કરે?

સમુદ્ર સમાન જીવ છે. નદી-નાળા કે વાદળ સમાન તીર્થ, મંદિર-મૂર્તિ-શુભભાવનાદિ ધર્મ કે શુક્લધ્યાન છે.

(૧) ચંદન = સમતા
(૨) સિંહાસન = હૃદય
(૩) ન્હવણજળ = કરુણા
(૪) પંચામૃત = ક્ષમાદિ
(૫) અંગલુંછણા = સરળતાદિ
(૬) અગરબત્તી = ધર્મધ્યાન
(૭) દશાંગધૂપ = શુક્લધ્યાન
(૮) દીપક = જડ-ચેતન ભેદ, જ્ઞાનરૂપી વિવેક

(૯) સુંગધીપુષ્પ = સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, આકિંચન્ય.
(૧૦) અલંકાર = સકલ જીવને અભયદાન - મુક્તિદાન.

◎ આપણે તીર્થંકરના પુત્ર અને તીર્થંકર રૂપ છીએ,
તેથી સકળ જીવો ઉપર સર્વકાળ - સર્વદેશમાં
અખૂટ કરૂણા વરસાવવી જોઈએ.
કોઈપણ જીવો કોઈપણ કાળે, કોઈપણ સ્થાને,
પોતાની ઉપર અપરાધ કર્યો હોય,
તેના ઉપર તીર્થંકરદેવોની જેમ
અનુપમ ક્ષમા વરસાવવી જોઈએ.

◎ સરળતા - સર્વ જીવો સાથે સરળતાથી વર્તવું જોઈએ.

◎ નમ્રતા - સર્વ જીવો સાથે નમ્રતાથી વર્તવું જોઈએ.
સર્વ જીવને પોતાના સરખા કરવા માટે
મન-વચન-કાયાનો સમગ્ર રીતે ઉપયોગ કરવો જોઈએ.
આ રીતે વર્તતો આપણો જીવ એ જ સાચો દેવ છે.
પત્થરનાં દહેરામાં દેવ નહિ, પણ શુભ કર્મથી
બાંધેલા આ દેહ રૂપ મંદિરમાં દેવ છે.
જ્ઞાન - દર્શનરૂપી હાથ, ક્ષમા - નમ્રતા - સરળતા - નિઃસ્પૃહતા - સમતાદિ આંગળા અને સંસારના અંધારામાં ભાગજીવોને મંદિરાદિ શુભક્રિયાનાં દીવાઓથી પોતાના જીવરૂપી દેવને

સમજવા - દેખવાનાં પ્રયાસ રૂપે જિનમંદિરો આદિ છે.
સંસારનાં અંધારા ઘરમાં તો જીવરૂપદેવ દેખાય જ ક્યાંથી?
મંદિરદીપમાં માહુની જરૂરાએ બે ઘડીની નવકારશી.
ભોજની જરૂરાએ બે ઘડીની સામાયિક.
રેહુની જરૂરાએ રાત્રીભોજન ત્યાગ.
મંદિરમાં ચિત્રામણ કે પ્રતિમા જોઈ
પીગળ્યા જીવને ત્યાં શુદ્ધતા થવાથી
જીવરૂપી દેવને મંદિરમાં દેખી શકે.
વળી એમ અંધકારમાં ન દેખાય તેમ,
અત્યંત પ્રકાશમાં પણ ન દેખાય.
જે જ્યોતિ પૂજાદિ સમયે શરીરમાં રોમાંચ કરાવે છે,
તે જ જીવદેવની જ્યોતિ છે. તે જ જ્યોતિ સામાયિકાદિમાં
સમભાવ થતાં સર્વ સ્થળે શાંતિ શાંતિ ફેલાવે છે.
શુક્લધ્યાને ચઢેલાની જ્યોતિ પણ તે જ જીવદેવની છે
અને તે જ જ્યોતિ સમાધિમાં અનુભવ સમયે
અખંડ-સ્થિર પ્રકાશરૂપ લોકાલોકમાં વ્યાપી રહે છે.
તે જ તું છે. તે જ શુદ્ધ જીવ છે. તે જ દેવાધિદેવ છે.
પૂજામાં રોમાંચ કરાવનાર જ્યોતિ સંસારરૂપી રાત્રિમાં
આકાશના તારાની જ્યોતિ કરતાં વિશેષ નહિ?

સામાયિકમાં સમતારૂપી ચાંદનીમાં
જે શાતતા અનુભવાય છે, તે ચંદ્રજ્યોત્સના
અજવાળી રાત્રિના ચંદ્ર કરતાં શું વિશેષ નથી?
સમાધિમાં અનુભવ સ્થિર જ્યોતિરૂપ ઝળહળતો પ્રકાશક
ભર દિવસના સૂર્ય કરતાં વિશેષ નથી?
દેહરૂપી મંદિરના હૃદયરૂપી સિંહાસન ઉપર જે દેવ વસે છે,
તે જ દેવ ઈચ્છિતને પુરા પાડનાર છે અને
ત્યાં જ તેમનો ભેટો થવાનો છે.

૦ મુખે ગોખવું એ મન ખીલવતી વખતે વ્યવહારમાં કામ આવે છે. ચર્મચક્ષુનું દેખવું એ હૃદયચક્ષુ ખીલવતી વખતે પરમાર્થમાં ખપ આવે છે. પ્રથમ ગોખીએ અને બોલીએ છીએ, પછી સમજીએ અને અનુભવીએ છીએ. જ્ઞાની પ્રથમ સમજે અને અનુભવે છે, પછી તે સમજેલું યાદ રાખવાને ગોખે છે અને વારંવાર જુએ છે.

બીજ મંત્રનો અર્થ સમજ્યા પછી પણ ગોખેલા મંત્ર ઉપયોગી છે, તેમ અનુભવ થયા પછી પણ શાંત દર્શનની જરૂર છે. મનમાં રહેલા અર્થ સ્થૂલ શબ્દરૂપી પ્રતિમા વડે જ જાણને કરી શકાય છે. અરૂપી રાગ, અરૂપી મનના ચમકારાદિ આત્મામૃત સરોવરમાંથી ભરી ભરી અક્ષરનાં પ્યાલા

ભરી ભરીને બાળને પાઈ શકાય છે, તેમ આત્મારૂપ બાળક અને મનરૂપી ચમચો અરૂપીરસને આપવામાં ઉપકારક થાય છે.

અરિહંત પ્રભુની પ્રતિમા પણ શાંતરસરૂપી
અમૃતધારાને પીવાનું પવાનું છે.

એ રીતે પ્રતિમા જ્ઞાનીને પણ આગત્યની છે.

o રાગ-દ્વેષનું મહાઅજ્ઞાન મટાડવા માટે ધર્મધ્યાનનાં ચાર પ્રકાર રૂપી ઔષધિનાં પાન વડે પ્રથમ અપાયવિચય ધ્યાનનો સખત જુલાબ લેવો. સકલ પરવસ્તુમાંથી મૂર્છા રાગ-દ્વેષનો મળ નિકળી ગયા પછી, એ જુલાબ વાળવા વિપાકવિચય-ધ્યાનરૂપી ખીચડી ખાવી. સુખ - દુઃખાદિ રાગ-દ્વેષનાં અજ્ઞાનને લીધે થાય છે, માટે તે ન કરવા, એવા સમજરૂપ ખીચડી બનાવી, તેમાં સંસ્થાનવિચયરૂપી ઘી નાખવું. એટલે આ જગતનું સ્વરૂપ પરમાત્માએ દીઠું તેવું ગ્રહણ કરવું એ ખીચડીમાં ઘી થયું. રોગ મટી ગયો એટલે 'તું જ્ઞાનાદિ શુદ્ધસ્વરૂપ છે' એવી પ્રભુની આજ્ઞારૂપી ઔષધિનું સેવન કરવું. એ ઔષધિ સકલ રોગના સંહારક મહાવૈદ્ય વીરપરમાત્માએ જ્ઞાનરૂપી તીવ્ર અગ્નિની આંચ દઈ, દર્શનરૂપી ધમણમાં ધમાવી, ચારિત્રરૂપી પડીમાં, વીર્યરૂપી અનુપાન મેળવી તૈયાર કરી છે અને તેનાં સેવનથી

પોતે અનંત અવ્યાબાધ સુખ પામવું છે અને બાળજીવોને
તે સુખ પમાડવા માટે ઔષધિઓ રૂપી દવાઓની પ્રક્રિયા
આપી છે, તે ગ્રહણ કરી.

o સકળ ક્રિયાનું પ્રયોજન સમજું કારણ કાઢવારૂપ કે
નિજ સ્વરૂપનું ભાન પામવારૂપ અને
તે માટે જિનાજ્ઞા પાળવારૂપ છે.
માત્ર રેકોર્ડર કે રીપ્રોડ્યુસર ન થવું જોઈએ.
વાગતા ફોનોગ્રાફ કે ખાલી ટોપલાં ન જોઈએ.

o શાસ્ત્રવાદથી બાળજીવને નિરુત્તર કરવા કરતાં પોતે
નિષ્કષાયી થઈ, સામાને નિષ્કષાયી કરવાની ભાવનાપૂર્વક
શાસ્ત્રો જોવા, જાણવા, લખવા, ગોખવા જોઈએ.
તો શાસ્ત્રરૂપી નિર્મળ અરીસામાં પોતાને
પોતાનું સ્વરૂપ દેખાઈ આવશે અને
જેવું પોતાનું સ્વરૂપ જોયું,
તેવું અનુભવસહિત બાળજીવને પણ જણાવી શકાશે.

o 'પરવસ્તુમાત્ર માથાનાં કેશ જેવી નિરર્થક છે;'
એમ જાણ માથાનાં કેશની સાથે
પરવસ્તુનાં ત્યાગરૂપ ભાવલુંચન પણ થશે.
સર્વજીવ ઉપર સમભાવરૂપ, દયારૂપ મુનિપણાનો

આન્તરભાવ બાહ્યવેશના ચિહ્નો વડે પ્રગટ થશે.

અંતરમાં રુચિ નથી ત્યારે

દેખાડવાનાં પ્રધાન પ્રયત્ન વિના માળાદિનાં ફુલેલાં ટોપલાં ભરેલા ફૂલોની જેમ અને જીવંત જડવત્ ફોનોગ્રાફોની જેમ નિરર્થક બકવાદ છે.

શાસ્ત્ર ભણવાથી, વાંચવાથી, કેશલોચ કરવાથી કે મુનિનો વેશ પહેરવામાત્રથી કાંઈપણ ધર્મ થતો નથી.

0 બાહ્યપરિગ્રહ એ કેદ છે.

આંતરપરિગ્રહ એ બેબાજુથી પકડનાર હેડ કે બેડી છે.

સંસારરૂપી કેદમાં પડવા માટે શાની ચોરી કરી છે?

કર્મ પરિણામ રાજાનાં જડ પદાર્થો જેવા કે: નવવિધ બાહ્યપરિગ્રહ, માયા, મોહ, અવિદ્યારૂપી આંતરપરિગ્રહની ચોરી કરી છે. માટે માનવદેહરૂપી હેડમાં વહિકપણાંરૂપી બેડી કર્મરાજાએ પહેરાવી છે.

એ પરવસ્તુની ચોરી માટે ન છુટાય તેવા સંસારરૂપી કારાગૃહમાં કર્મરાજાએ નાંખ્યો છે.

સાદા અન્ન-પોષાક અને સાદું ઘર એ શિવાય જેટલું મેળવવું તે પરનાં ગ્રહણ સમાન દ્રવ્યરૂપગ્રહણ લેનાર જુની બરાબર છે. જેણે બે ઘડી પણ મન વશ રાખ્યું, તેણે

શ્વાસોચ્છ્વાસ પણ ઘણા વશ રાખ્યા. શ્વાસોચ્છ્વાસનું જેટલું રોકાણ તેટલો આપણા આવરણનો ભેદ ઓછો. મન સંકલ્પ-વિકલ્પ કરતું જો બંધ થાય તો શ્વાસોચ્છ્વાસ ઓછા ચાલે.

આવરણનો આધાર વસ્તુતઃ શ્વાસોચ્છ્વાસ ઉપર છે.

ઇચ્છા, આશા, તૃષ્ણા અને મોહ એ મનને વધારનાર છે.

એ હરેક બાહ્યવસ્તુ તરફ લટકાવનાર છે.

'જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન,
ક્ષણમાં શિવસંપદ વરે, ન ધરે દેહ નવીન.'

દેહરૂપી ઘટમાં તડ પાડનારું મન ત્યારે જ બને,
કે જ્યારે વિષયરૂપ વિષયાદિ તરફ વળે.
વિષય તરફ ન વળે તો તડ ક્યાંથી પડે?
તડ ન પડે તો છિદ્ર, કાણું, બાકોરું, ગરનાળું ન થાય.

આશા = કાણું, ઇચ્છા = છિદ્ર,
મોહ = ગરનાળું, તૃષ્ણા = બાકોરું.

વિષયપ્રવૃત્તિ તડ, ભૂંડ, કાક અને મક્ષિકાની જેમ ઉચ્છિષ્ટસેવા છે.

o જેમ વેળુમાં તેલ નહિ, પણ તલમાં છે,
તેમ શાસ્ત્રમાં આત્મા નહિ, પણ તનમાં છે.
જેમ ઝાંઝવામાં જળ નહિ, પણ સરોવરમાં છે,

તેમ ગુરૂવચનમાં બોધ નહિ, પણ હૃદયરૂપી સરોવરમાં છે.
૦ શાસ્ત્રોનો આશય પીગળવામાં શોધે, ગુરૂવચનનો મર્મ હૃદયમાં સમજે, શાસ્ત્ર અને ગુરૂવચનમાં આત્મહિત શું છે? તે માટે જ ભણી, શ્રવણ કરી તેમાંથી શોધ કરે તો જ શિવપદ પામવાની આશા રખાય, અન્યથા નહિં. હિતાહિતનાં જ્ઞાન વિના દુર્લભ માનવદેહ વ્યર્થ જાય.

હિત જે આત્મા અને અહિત જે જડ એનો વિચાર કરી શાસ્ત્ર ભણાય, ગુરૂવચન શ્રવણ થાય તો જ અહિતને તથા સર્વથા અહિત એવા જડભાવને છોડી, સર્વથા હિતકારી એવા આત્મદ્રષ્ટિ થાય, સમ્યક્ત્વને પમાય, અનુભવ થાય અને શિવપદની આશા સફળ થાય.

માત્ર ભેદજ્ઞાનથી મોક્ષ નહિ, પરન્તુ
'ભેદજ્ઞાન વડે જણાયેલો ભાવ તે હું'

એમ નિશ્ચય કરી પરપુદ્ગલને છોડતો જાય તો જ મોક્ષપદ પામે. મનરૂપી પ્રધાનને આત્મારૂપી મહારાજાની સાથે પ્રથમ ખાનગી મુલાકાત કરાવવી. જેમ નિર્મળ દર્પણમાં શરીર દેખાય છે, તેમ નિર્મળ મનમાં આત્માનું દર્શન થાય છે. મન દર્પણનાં સ્થાને છે. તેની નિર્મળતા એટલે વિષયના વિચારનો ત્યાગ અને નિર્વિકલ્પ અવસ્થા.

ઇંદ્રિયોથી મનને છૂટું પાડવાનો અભ્યાસ વધારતા જવું
તેનું નામ 'દ્રવ્ય સામાયિક' છે.

નિજસ્વરૂપનો અપરોક્ષ બોધ, સાક્ષાત્કાર, સ્વસંવેદન
તે 'ભાવ સામાયિક' છે.

'દ્વેષ એ ઝેર છે, રાગ એ કેફ છે.'
તેને દૂર કરવાના ઉપાય તરીકે પૂર્ણદ્વેષ અને પૂર્ણરાગ છે.
જેમ ઝેર ઉપર અરૂચિ છે,
તેમ સર્વ વસ્તુ પર અરૂચિ જાણવી.
ઝેર ખાધાથી માણસ મરે, તેમ દ્વેષથી જન્મ-મરણ કરે.
'વિષસ્ય વિષમૌષધમ્ ।' (પરિશિષ્ટ-૨૩)
બધી વસ્તુ ઉપર પૂર્ણદ્વેષ થવો,
એટલે પરમપદના સીધે રસ્તે ચડ્યા.

| ભાવ નમસ્કાર | દ્રવ્ય નમસ્કાર |
|---|---|
| ભાવ એ જ નમસ્કાર. | દ્રવ્ય એ જ નમસ્કાર. |
| ભાવને નમસ્કાર. | દ્રવ્યને નમસ્કાર. |
| ભાવથી નમસ્કાર. | દ્રવ્યથી નમસ્કાર. |
| ભાવ માટે નમસ્કાર. | દ્રવ્ય માટે નમસ્કાર. |
| ભાવમાંથી નમસ્કાર. | દ્રવ્યમાંથી નમસ્કાર. |
| ભાવમાં નમસ્કાર. | દ્રવ્યમાં નમસ્કાર. |

રૂપી અવિદ્યા દેહને કરેલો નમસ્કાર,
રૂપી અવિદ્યા દેહ માટે થાય છે.
અરૂપી અવિદ્યા જીવને કરેલો નમસ્કાર,
અરૂપી અવિદ્યા આત્મા માટે થાય છે.
'મને જેમ મારો જીવ વ્હાલો છે,
તેમ સર્વને સર્વનો જીવ વ્હાલો છે';
એવો સમભાવરૂપી સંતોષયોગ વિદ્યારૂપી ધાણામાં
દેહભાવરૂપી તલને પીલ્યા વિના નીકળે નહિં.

ભેદજ્ઞાન

જીવ-પુદ્ગલ જુદા છે એવી સમજ એટલે 'ભેદજ્ઞાન'.
યોગક્રિયા વડે જ એ બે જુદા થઈ શકે છે.
લાકડામાંથી અગ્નિ, દૂધમાંથી માખણ, તલમાંથી તેલને
જુદા જાણ્યા પછી ક્રિયા વિના જુદા થતા નથી તેની જેમ.
આત્મારૂપ વિશેષોપયોગ, આત્મસ્વરૂપ સામાન્યઉપયોગ,
જ્ઞાનોપયોગથી દર્શનોપયોગમાં અને દર્શનોપયોગમાંથી
જ્ઞાનોપયોગમાં રમણ કરે તે ચારિત્રભાવ.
એ રીતે રત્નત્રયનો આરાધક બને.
જે પોતાને જેવો ધારે તેવો તે બને છે.
'દેહ આત્મા નથી' એવું જે જાણે છે, તે જ આત્મા છે.

'દેહ એ હું' એવા મમત્વભાવ દેહ સાથે દેહભાવ પામે, તે એક દેહથી બીજા દેહમાં ભમે છે. 'દેહને જે જાણે છે તે હું' એવી રીતે હું ની સાથે એકતા થાય તો નિર્વાણ પામે છે.

આત્મા દેહમાં રહેવા છતાં દેહરૂપી અનાત્મા
ત્રણ કાળમાં બનતો નથી.

કોઈ ક્ષણ કાળે 'પોતે કોણ છે' એવું જાણશે એટલે પોતાની તરફ જોશે કે પોતે કોણ છે, એટલે તુરંત મળી આવશે.

'દેહમાં હું' એમ થાય કે દેહ સાથે રહેવાથી ભટકાય છે.

'આત્મામાં હું' એમ થવું કે 'આત્મા શિવરૂપ, જ્યોતિર્મય, જ્ઞાનમય સ્વભાવથી પોતે જ છે' એમ જાણવું તે મોક્ષનો ઉપાય છે. 'જાણનાર હું' એમ થતાં જ દેહભાવમાંથી રાગદ્વેષ ચીકાશ જવાથી નિર્જરા થાય છે.

'નાશવંત દૃશ્ય દેહ એ હું' એમ થતાં દેહને યોગ્ય એવા કર્મ પુદ્ગલો ખેંચાઈ આવવા મળે છે.

:નીચેનાં ઉદાહરણોથી ભેદ જાણવો:

'રત્ન, દીપ, રવિ, દૂધ, દહીં, ઘી, પીપર અને દેહ,
એમ સ્ફટિક, રજત અને મણિ, ભેદ જાણવો તેમ.'

ટૂંકમાં પીપરમાંથી તીખાશ, સાકરમાંથી મીઠાશ એમ જુદી નીકળે નહિં, તેમ આત્મામાંથી જ્ઞાન જુદું પડે નહિં.

કર્મ ભેદ્ય છે, આત્મા અભેદ્ય છે.

o જેમ પૃથ્વી ઉપર દિવસ-રાત હોય છે,
તેમ દેહરૂપી પૃથ્વીમાં સુખ-દુઃખ છે.
જેમ સૂર્યમાં હંમેશા પ્રકાશ છે,
તેમ મુક્તિમાં કેવળ સુખરૂપી પ્રકાશ છે.
જડતત્ત્વનો સંબંધ છોડી જ્ઞાનતત્ત્વનો સંબંધ બાંધ,
તો પૂર્ણ, અખંડ અને શાશ્વત સુખ મળે.
'કેવળ' જ્ઞાન. માત્ર જ્ઞાન એ પણ એક અર્થ છે.
કર્માદિ ઉપાધિ નહિ.
ઉપર અજવાળું-અંધારું રહે, સૂર્ય ઉપર માત્ર અજવાળું.
ભરતી-ઓટ નહિ, માત્ર સ્થિર જ્ઞાન જ.
'અખંડ' અસ્થિર જ્યોતિમાં જ્ઞાન નહિ ઘાતું-નહિ જાતું.
<u>આત્મભાવ તે સ્વભાવ, પુદ્ગલભાવ તે પરભાવ.</u>

જેટલી પ્રીતિ આપણને પોતામાં છે, તેટલી પ્રીતિ આપણને જગત ઉપર કે જગતના જીવો ઉપર નહિ. તે સ્વાભાવિક આત્મ પ્રીતિ વડે પરભાવને તજવાનું કાર્ય સહેલું છે.

'તેને <u>પણ જોનાર, જગત સૌ દેખું જુદું હું આજ.</u>'

અહંભાવ-હુંપણાના ભાવરૂપી ચીકાશ, સ્તંભ કે નશા કાઢી લેતાં જેમ ભીંત, મકાન કે તાડ-તરાડ થઈને પડી જાય,

તેમ પરલાભ ચાલી જાય છે - કેવળ આત્મલાભ રહે છે,
તે જ કેવળજ્ઞાન છે.

પરલાભત્યાગ એ જ આત્મલાભ થવાની કુંચી છે.
ક્રોધાદિ કષાયો જ્ઞાનને અટકાવનાર છે, કમનસીબે તેના આવેશમાં તો આવડતી પંક્તિ પણ ભૂલી જઈએ છીએ, એ ન્યાયે ક્ષમાદિ ગુણો વડે ક્રોધાદિ ભાવોનો પૂર્ણપણે નાશ કરનારને પૂર્ણ જ્ઞાન કેમ ઉત્પન્ન ન થાય? થાય જ.
આત્મલાભ પણ મોક્ષનાં દ્વાર ઉઘાડવાની કુંચી છે.

કર્મનોકરોની પાસે પોતાનું કામ કરવા દો.
કષાયરૂપી લુંટારાઓને ફાંસીએ લટકાવો.
નોકષાયરૂપી બહારવટીયાઓને
આડામાંડ ટાપુમાં દેશવટો આપો.
એને મનુષ્યદેહ રૂપી ધર્મશાળામાં ન રહેવા દો,
એને અન્ય સ્થાનરૂપી જંગલી વસ્તીમાં રહેવા જવા દો.

હિંસા આત્માનાં અમરપણાને લૂંટનાર છે,
જૂઠ અમોઘ વાણીને ભ્રષ્ટ કરનાર છે,
ચોરી એ રત્નનો વરસાદ વરસાવનાર અને
મનોવાંછિત આપનારની નિતિમત્તાને ટુંપો દેનાર છે.
અબ્રહ્મચર્ય એ અજન્મપણાને આપનાર અનંતવીર્યને
વહાસાવનાર છે.

<u>પરિગ્રહ</u> અને <u>લોભ</u> એ નિગોદની
ઉંડામાં ઉંડી ખાઇમાં ધકેલનાર છે.
તે બધાને જન્મકેદ કરી, સર્વદા, તેનું સેવન બંધ કરો.
મારવું જાય તો મરવું જાય.
મરવું જાય તો અમરપણું આવે!
જન્માવવું ગયું એટલે જન્મવું ગયું.
કોઇનું ન ચોરવું એ રત્નત્રયીને નહિં ચોરાવાનો ઉપાય
તથા વાંછિતફળને આપનાર છે.
તે રત્નની, સાડાબાર ક્રોડ સોનામહોરની અને
પંચદિવ્યની વૃષ્ટિ કરાવનાર છે.

0 પોતે સ્વ-પર પ્રકાશક છતાં દિવસે અને રાત્રે મોહનિદ્રામાં સુવાડનાર મહામોહરૂપી અંધકારથી વ્યાપ્ત છે.

0 કર્મ કે કર્મજનિત જે કાંઇ હોય તેમાં 'હું' એ રૂપી ચીકાશ છે. તે કાઢી પોતામાં હુંપણું રાખવાથી નિજસ્વરૂપમાં રમાય. પરમાંથી અભિમાનરૂપી ચીકાશ જાય તો ખરેખરી નિર્જરા થાય અને મોક્ષસુખ પમાય.

નવતત્ત્વ ભણ્યા પછી ગણ્યા નહિં અને
ગણ્યા પછી અજીવને છોડી જીવને ગ્રહે નહિં,
તો ભણ્યાનો માત્ર માનરૂપી બોજો માથે રહ્યો.

ૐ

o ન જાણનારે જાણવા માટે, જાણનારે સમજવા માટે, સમજનારે સારતત્ત્વને ગ્રહણ કરવા માટે અને સારતત્ત્વ ગ્રહણ કરી શ્રી જિનેશ્વરની આજ્ઞા પાળવા માટે જરૂર પ્રયત્ન કરવો જોઈએ, તો જ સાર્થકતા થાય.

o વિષના લક્ષણો જેમ મહાત્ર મારે છે, તેમ વિષયભોગ અને વિષયાભિલાષો રીબાઈ - રીબાઈને જીવો મરે છે.

વિષયો ઈંદ્રિયોના, ઈંદ્રિયો શરીરની
અને હું (આત્મા) તો શરીરથી જુદો.

માયારૂપી વિલાસિક સ્ત્રીને, ક્રોધ-માનરૂપી પુત્રોને અને લોભરૂપી કુટુંબને તજવાથી, સરળતારૂપી સ્વલાવિક સ્ત્રી જે સુંદર જોડી છે અને મોક્ષમાં પણ સાથે રહે છે, તે પ્રાપ્ત થશે.

o જે ઉચ્ચારાય છે તે વિચાર.
જે વિચાર્યું તે આચાર.
વિચારશૂન્ય ઉચ્ચારથી કે આચારથી
સર્વજ્ઞ ઉપરની કૃપાનો ફક્ત ક્યાંથી આવશે?
તમારાથી કોઈ જન્મ નહિ પામે,
તો તમે પણ કોઈથી જન્મ નહિ પામો.
પરને અજન્મ કરશો, તો તમે પણ અજન્મ થશો.

o પરવસ્તુ રૂપી લોહચુંબક
જીવને ખેંચીને જન્મ-મરણ કરાવે છે.

o આત્મામાં રહેવા રૂપ નિશ્ચય બ્રહ્મચર્ય
એ પરવસ્તુનો સર્વથા ત્યાગ કરવાથી થાય છે.

o વૃત્તિસંક્ષેપ એટલે ચિત્તવૃત્તિને પરવસ્તુમાં ભટકતું
રોકવું. તે જ સાચું બ્રહ્મચર્ય છે.

o સુખ-દુઃખનું આધિપત્યપણું પોતાની વૃત્તિ જ છે,
કારણકે પોતે જ તેનો કર્તા-પોતે જ તેનો ભોક્તા છે.

o દુઃખ જો અનિષ્ટ છે, એટલે સહેવું ન પડે,
તેનો ઉપાય શો? કોઈપણ જીવને દુઃખ ન આપવાથી
દુઃખને છૂટાછેડા આપી શકાય.

o સુખ આપવાથી અને બીજાની રક્ષા કરવાથી
જે સુખ મળે છે, તે સુખ પણ ક્ષણિક છે.
છોકરો જન્મતા સુખ થયું, મરતા દુઃખ.
સુખ અને દુઃખ તે એક ઈચ્છિત વસ્તુનાં
સરખા બે છેડા જણાય છે.
સુખને અંતે દુઃખ આવવાનું જ.
માટે સુખ પણ પરિણામે દુઃખરૂપ છે.
શુભ પ્રવૃત્તિ = શુભમાં પ્રકૃષ્ટવૃત્તિ, વૃત્તિપૂર્વકનું પ્રવર્તન.

પુદ્ગલાનુબંધી પુદ્ગલ, જે હાલ સુખરૂપ છે અને હવે
પછી પણ સુખરૂપ હોય, તે તીર્થંકર પદ સુધી જરૂર
ઉત્તમોત્તમ અવસ્થામાં લઈ જશે. સુખનો સ્વયંભૂરમણ
આભ્યંતરમાં છે, જ્યાંથી પુદ્ગલાદિનાં માત્ર છાંટા જ ઉડે છે.

ક્ષણિક સુખને મૂકીને પરમ સુખસાગરમાં
મહાલવાનો ઉપાય આત્મા તરફ વળવાથી બને છે.
દર્શનરૂપી દૂધપાક, જ્ઞાનરૂપી શર્કરા અને
ચારિત્રરૂપી કેસર કે ચોખા છોડી,
વિષયરૂપી વિષ્ટા કે છાણ ખાય તેને શું કહેવું?

0 ક્રોધરૂપી કાદવને ક્ષમારૂપી જલથી,
માનરૂપી મલને નમ્રતારૂપી સાબુથી,
માયારૂપી ચીકાશને સરળતારૂપી અરીઠાથી અને
લોભરૂપી હાય-વોયની બળતરાને
સંતોષરૂપી ગુલાબજળથી દૂર કરી શકાય,
તો જીવ પોતાના સ્વભાવથી જ ઉર્ધ્વગતિ પામે.
જીવ કર્મનો જેમ કર્તા છે, તેમ હર્તા પણ છે.
ક્યાં કેસરની ભિંત જેવો આત્મા અને
ક્યાં ગાભરૂં હરિહાના જેવા કર્મ?
શુરવીર પુરુષોને યોગ્ય એવું જિનદર્શન

એ ધર્મને પણ વટેમાર ગણનારા વાણિયાનાં હાથમાં શોભે?

અહિરૂપી દુરજનથી આત્મશક્તિને જોઈ શકાય છે.

પરભાવ એટલે દેહાદિ અને જગત જે દૃશ્ય છે,

તેમાં 'હું અને મારું' એવો ભાવ.

o <u>પંડા એટલે વિવેક બુદ્ધિ જેને છે તે પંડિત.</u>

જડ અને ચૈતન્યનો પ્રજ્ઞાથી વિભેદ પાડે અને જડને જડ જ અને ચૈતન્યને ચૈતન્ય જ સમજે તે પંડિત.

<u>ઉચ્ચાર પંડિતો</u> : ભારવાહક કે વિચારશૂન્ય એવા વિચારભિક્ષુઓ.

<u>જૈન પંડિત</u> : સ્વ-પરભાવને જાણી, સ્વભાવમાં રમનારા.

<u>સાંખ્ય પંડિત</u> : 'પ્રકૃતિ એ પુરુષથી સર્વથા, ભિન્ન છે' એવો અનુભવ કરનારા.

<u>વેદાંત પંડિત</u> : આત્માને સાક્ષી અને દૃશ્યજગતને માયા, અસત્રૂપે અનુભવનારા.

<u>ખ્રિસ્તી પંડિત</u> : પ્રભુ સ્વર્ગની અંદર, સ્વર્ગમાં છે. પ્રભુ આપણા અંદર પણ છે, એમ સમજનારા.

<u>ભક્તિમાર્ગી પંડિત</u> : તસ્યૈવાહં, તવૈવાહં, ત્વમેવાહં.

<u>શાસ્ત્રજ્ઞ પંડિત</u> : શાસ્ત્રવચનનું શ્રવણ-મનન-નિદિધ્યાસન કરનારા.

તત્ત્વજ્ઞ પંડિત : આત્મતત્ત્વનું શ્રવણ, મનન અને
નિદિધ્યાસન કરનારા.

o સર્વ જીવો ઉપર રાગ તે મમતાસ્વરૂપ નહિં, પણ સમતાસ્વરૂપ છે, કારણકે તેમાં મમબુદ્ધિ થતી નથી, પણ સમબુદ્ધિ થાય છે. સર્વ પ્રત્યે સમબુદ્ધિ થયા વિના સર્વ પ્રત્યે સમાનભાવ થતો નથી. મમબુદ્ધિ તે રાગરૂપ છે, પણ સમબુદ્ધિ રાગરૂપ નહિં, પણ વિવેકરૂપ છે.

પાપ દુઃખરૂપ છે, પુણ્ય પરિણામે દુઃખરૂપ છે.

જેમ કસાઈ ઘેટાં-બકરાને ખવરાવે, પીવરાવે પાળે, મસ્ત કરે, તેમ કષાયશિરોમણિ મોહ, પાંચે ઇંદ્રિયોનાં હળાહળ વિષ જેવા અને ઉપરથી સ્વાદિષ્ટ અને મનોહર વિષયો આપી તેનો વધ કરે છે.

લોખંડની બેડી કર્મ બળે નાંખે છે,
સોનાની બેડી તો પોતાને હાથે પોતે જ નાંખે છે.
સોનું એ મોહરાજાની પૌદ્ગલિક વસ્તુઓ છે.

ખાણવાળાઓ ખાતર પાડી, પૈસાવાળાઓ મોહરાજાનો ચોરેલો માલ વેચાતો રાખ્યો. માટે તેને હલકા વજનની નહીં, પણ ભારે વજનના - ઘણાં મૂલ્યનાં કડાંરૂપી બેડીઓ ઘાલવાને યોગ્ય કરે છે. તેને લોખંડની બેડી નહિં, પણ

તેને કડાં-સાંકળા કે સોનાની નિબિડ, કઠિન, સખત બેડી કરેલાવા જોઈએ, કારણકે તે મહારાજનાં હાથ, પગ અને ગળામાં ચોંટી જ રહે છે. સોનાની બેડીને કડાં-સાંકળાં અને લોખંડનાં કડાંને મનુષ્યો બેડી કહે છે, તે કેવળ વિપર્યાસ છે, વિચારશૂન્યતા છે, છતી આંખે અંધારૂં છે. બંધનકર્તા બેઉ છે, માત્ર લોખંડ થોડું અને સોનું ઘણું.

તફાવત માત્ર વજનનો જ જણાય છે.

## કઈ યોનિનો જીવ કેટલામી નરક સુધી જઈ શકે?

| | |
|---|---|
| (૧) સંમૂર્છિમ મત્સ્ય | ૧ નરક સુધી |
| (૨) ભૂજપરિસર્પ-ખીસકોલી-નોળીયો-ઉંદર-ગિરોળી-કાચંડા | ૨ નરક સુધી |
| (૩) પક્ષી-બક-ગૃદ્ધ | ૩ નરક સુધી |
| (૪) પશુ-સિંહ | ૪ નરક સુધી |
| (૫) સર્પ-અજગર, ઊરઃપરિસર્પ | ૫ નરક સુધી |
| (૬) સ્ત્રી મનુષ્ય | ૬ નરક સુધી |
| (૭) તંદુલ મત્સ્ય-પુરૂષ | ૭ નરક સુધી |

સદ્ગુરૂનાં વચનરૂપ અંજનથી

પરવસ્તુની પ્રીતિરૂપ રાગ, પર ઉપરની અપ્રીતિરૂપ દ્વેષ, એવા ઉભય પ્રકારનાં પડળ દૂર થાય છે.

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાંથી જો કોઈ જીવ અંતરાત્મ થઈ પરમાત્માનાં દર્શન કરવાને યોગ્ય ન થયા હોય, તેવા સર્વ જીવો ઉપર અંતઃકરણની કરુણા ન થાય, ત્યાં સુધી દ્વેષનાં વાદળા ન જાય. જેમ રાગના પડળ દૂર કરવા જોઈએ, તેમ દ્વેષનાં પડળ પણ દૂર કરવા જોઈએ.

'સવી જીવ કરું શાસનરસી' રૂપ

મૈત્રી ભાવનારૂપ સુવાયુ વડે દ્વેષનાં પડળ ખસેડવા જોઈએ. વિષયોમાં ગુણદૃષ્ટિથી થયેલ રાગ ભાવપ્રકાશથી ને જીવોમાં દોષદૃષ્ટિથી થયેલ દ્વેષ કરુણાના પવનથી દૂર કરી શકાય છે.

સકલ જીવ ઉપર દયામય જૈનધર્મ સમુદ્રરૂપ છે.

અન્ય ધર્મો અમુક દયારૂપ હોવાથી નદીઓ સમ છે.

સકલ જંતુ ઉપરની કરુણારૂપી શત્રુંજય નદીમાં સ્નાન કરીને સર્વ જીવો ઉપર દ્વેષથી પાર્જન કરેલાં કર્મરૂપી મલને ધોઈ, સકલકર્મને ડગલે-ડગલે હણી, શત્રુંજય ઉપર આદિનાથ ભગવાનનાં દર્શન કરાય છે. આત્મારૂપ આદિનાથ તરફ જતાં ડગલે ને પગલે કરોડો ભવના કર્મરાશીઓ શું નહિ હણાતા? હણાય છે. રાગ પડળ છે, દ્વેષ વાદળ છે, મોહ ગ્રહણ છે.

રાગ = પરવસ્તુની ઇચ્છા. દ્વેષ = પરવસ્તુ પર અરુચિ.

મોહ = પરવસ્તુમાં હુંપણાની બુદ્ધિ.

ૐ

(૧) આત્મા દીવો છે.

(૨) મન ફાનસ છે.

(૩) ઇંદ્રિયો કિરણો છે.

(૪) શરીર પ્રાસાદ છે.

(૫) સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ

આત્મારૂપી દીવાની જ્યોતમાંથી પ્રગટેલા-પ્રગટાવેલા

નાના નાના નિસ્તેજ દીવાઓ રૂપે અહીં જણાય છે.

(૬) 'હું કોણ?' તે હું ચિંતવ, એટલે પડળરૂપ વાદળું ખસશે, એટલું જ નહિં, પરંતુ મોહરૂપી સાંધાપો પણ દૂર થશે. દેહમાં રહેનાર આત્માને ભૂલી, દેહને 'હું'રૂપ જાણવો એ સાંધાપો છે. જ્ઞાનરૂપી આત્માની મનરૂપી આંખ છતાં ન દેખે તે સાંધાપો નહિં, તો બીજું શું?

દ્રવ્ય-ગુણ-પર્યાયના નાનાવિધ નાટકો દર્શનરૂપી નેત્ર વડે જોઈ, જ્ઞાનરૂપી પ્રકાશે જાણ, ચારિત્રરૂપી વર્તનમાં ભાવ, નિજાનંદમાં શાશ્વતો કાળ વિલસી રહેવાય છે.

અવ્યય પદ તો મોક્ષરૂપ છે, કેમકે તેમાં કાંઈ ફેરફાર થતો નથી. તે એક અખંડ જ્યોતિ સ્વરૂપ અવ્યાબાધ સુખ સ્વરૂપ છે. બહિરાત્માને ભરતીરૂપ સુખ અને ઓટરૂપ દુઃખ થાય છે તેમ નહિં, પણ ભરતી-ઓટરહિત ભૂમધ્ય સમુદ્રની જેમ શાંત સુખમય જ રહે છે.

ॐ

(૭) લોખંડની દિવાલ (અનંતાનુબંધિ),
કાચની પેટી (પ્રત્યાખ્યાની), લાકડાની પેટી (અપ્રત્યાખ્યાની),
સ્ફટિકની દાબડી (સંજ્વલન).

(૮) અશુભ-શુભ સર્પના માનાદિ ઉતરાય,
ત્યારે જ નમ્રતાદિ યથાર્થ સ્વરૂપ દેખાય,
અને સર્વમાં સમદ્રષ્ટિ થઈ શકે.
નમ્રતા વડે, નીચમાં નીચ જે દશા તેમાં પણ ગુણાનાં
ઘર રૂપ આત્મસ્વરૂપ મનાય તો સ્વરૂપ દર્શન થાય.

(૯) માયા રૂપી કાદવને સરળતારૂપી નદીના નિર્મળ જળાદિ
ધોવો જોઈએ. લોભ રૂપી બોજ હોંશિયાર કારીગર પાસે
દૂર કરાવવા જોઈએ. લોભ પરવસ્તુની તૃષ્ણારૂપ છે.
તે સ્વવસ્તુના જ્ઞાનરૂપી હીરાકણાદિ, વિવેકજ્ઞાનાદિ,
ભેદજ્ઞાનાદિ ઘસી કાઢવા જોઈએ.

<u>ચારે કષાયોનો વર્ણ</u>

ક્રોધ-કાળો, માન-રાતો, માયા-મેલો, લોભ-પાંડુઓ(પીળો).

(૧૦)સંસાર તરફ ઘસડનાર જે લુંટારા છે તે કષાયો છે.
મોક્ષ તરફ આકર્ષનાર ક્ષમા-નમ્રતા-સરળતા-સંતોષ રૂપી
જ મિત્રો છે. સાકાર ઉપયોગમાં નિરાકાર અને નિરાકાર
ઉપયોગમાં સાકાર ઉપયોગ તે ચારિત્ર અને તેને ધારણ
કરવાનું સામર્થ્ય તે વીર્ય છે.

(૧૧) પરિગ્રહ ચારે બાજુએથી ઘેરનાર છે. બહાર જાય તો પણ કેદીની માફક પહેરેગીરો જેવા તેના ભૈયાઓ સાથે હોય. ફરવા જાય ત્યારે એમ્બ્યુલંસ કારની જેમ પરિગ્રહ સાથે જ ગાડીમાં જોડેલો હોય. નાસી ન જાય તે માટે આગળ પાછળ સિપાઈ રૂપે ઉભો હોય.

દસ પ્રકારનો પરિગ્રહ

ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર-વાડી-બંગલા-મહેલ,
રૂપું, સોનું, કુપ્ય, દાસ દાસી - નોકર ચાકર,
ચઉપ્પદ - ઢોરઢાંખર, વાસણકુસણ - રાચરચીલું.

આ સર્વ વસ્તુ સર્વની છે. તન, મન, વચન પણ સર્વની સેવા માટે છે, તેથી નિજસ્વરૂપનું ભાન થાય એટલે મોત મરી જાય છે અને લય લાગી જાય છે.

(૧૨) અલંકારીના સમૂહમાં સુવર્ણપિણ્ડનો ઉપયોગ તે દર્શન, સુવર્ણમયતામાં અલંકારોપયોગ તે જ્ઞાન, ઉભયમાં રમણતારૂપ આત્મત્વ તે ચારિત્ર, સર્વવૃત્તિનો નિરોધ કરી નિજમાં રહેવું તે તપ. સ્વસ્વરૂપની ધારણા, સ્વસ્વરૂપનું ધ્યાન, સ્વસ્વરૂપમાં સમાધિ: એ ત્રણે ત્યાં એકત્ર તે સંયમ પણ આત્મત્વમાં જ હોય.

નિજસ્વરૂપમાં રહેવું તે બ્રહ્મચર્ય.

પરસ્વરૂપમાં જવું તે પરસ્ત્રી કે પરપુરુષગમનની
જેમ જ અબ્રહ્મ અબ્રહ્મચર્ય છે.

૦ નિશ્ચયનયથી એક જ વ્યવહારે જેમ જુદી - જુદી અપેક્ષાએ બાપ, પુત્ર, ભાઈ, ભત્રીજો, પતિ વગેરે હોઈ શકે, તેમ એક જ સામાન્ય આત્મતત્વ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, બ્રહ્મચર્ય, સંયમ, પ્રત્યાખ્યાનરૂપ એક જ સમયે હોઈ શકે. નિશ્ચયનયે આત્મા પોતાનું સ્વરૂપ સાચવે, છોડતો નથી, એટલે પ્રત્યાખ્યાનમાં જ છે. અરૂપી આત્મા રૂપી થતો જ નથી, અરૂપીપણે અરૂપી જ રહે છે. આત્મા પોતે આત્માપણે જ હોય છે, બાકીના તેને પ્રત્યાખ્યાન હોય છે.

(૧૩)આત્માને ઓળખવો તે સમ્યગ્દર્શન. સ્વરૂપમાં રમવું તે સમ્યક્ચારિત્ર. સૂર્ય પોતાને પોતા તરફ જુએ, જોતો જાય, તેમ તેમ તેની ગરમી-પ્રકાશ વધે છે, તેમ આવરણ આત્મા નિજસ્વરૂપ તરફ જોતો જાય, તેમ તેમ તપ-ધ્યાનનો પ્રભાવ વધતો જાય છે. બાહ્યતપ ઉષ્મારૂપ છે, તેથી આવરણરૂપી બાદળ પીગળી જાય છે.

આભ્યંતર તપ વાયુરૂપ હોવાથી બાદળ વિખરી જાય છે.

પોતાને રાજપુત્ર તરીકે કે સિંહબાળ-સાવજ
તરીકે ઓળખવો તે સમ્યગ્દર્શન થયું.

પુંછડું, શરીર, પંખ, મુખ અને છેવટ ગર્જના - અનાહત
નાદરૂપ 'સોઽહં' એ રીતે ઉપનય યા સિદ્ધાંત સમજવો.
યથાર્થપણે જોવું જાણવું તે પછી વળી સ્વ-સ્વરૂપમાં રહેવું
એટલે પોતે અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ભોગ, ઉપભોગ,
લાભ, દાનરૂપ છે. તેમાં રહેવું તે ચારિત્ર છે.

(૧૪) બરફ (ઉભય રમણતા) - ઘન સ્વરૂપ
પાણી (સાકાર ઉપયોગ) - પ્રવાહી સ્વરૂપ
વરાળ (નિરાકાર ઉપયોગ) - બાષ્પ સ્વરૂપ.

એક જ પદાર્થ ત્રણ રૂપ, એક જ આત્મા ત્રણ રત્નયુક્ત.
તીર્થરૂપ તેની ભક્તિ થઈ, પ્રેમલક્ષણા જાગતો જાય,
તેમ તેમ મન-વચન-કાયા પવિત્ર થાય છે.
તીર્થ એટલે પવિત્ર સ્થળ - આત્મા.
દર્શન (સામાન્યોપયોગ) - દાહ ટળે.
જ્ઞાન (વિશેષોપયોગ) - તૃષા હરે.
ચારિત્ર (ઉભય રમણતા) - મમતારૂપી પંક ગાળે.
સામાન્યોપયોગમાં વિશેષોપયોગ જોવો.
વિશેષોપયોગમાં સામાન્યોપયોગ જોવો.
વિશેષ વિનાનું સામાન્ય - સામાન્ય વિનાનું વિશેષ ન હોય
એમ સદ્દહવું, જોવું જાણવું તેમાં લીન થવું.

(૧૪) શરીરરૂપ મંદિરના હૃદયગભારામાં બિરાજતા શ્રી આદિનાથ ભગવાનનાં દર્શન કરવાને અષ્ટાપદ પર ચડવું જોઈએ. સૂર્યકિરણની જેમ જ આત્માનું જે ઊંચ કિરણ બહાર જવાનું હોય તે ઝાલીને ઉપર ચડવાનું છે. અષ્ટાપદના એક-એક યોજનનાં ૮ પગથિયાંની જેમ અષ્ટાંગયોગના એકેકથી ચઢિયાતા પગથિયાં છે. રત્નત્રય એ મોક્ષમાર્ગ છે. તે ત્રણે એક આત્મામાં છે, તેથી આત્મા વડે જ મોક્ષ સધાય, યંત્ર, તંત્ર, મંત્રથી નહિ. મનને નિયંત્રણ કરે તે યંત્ર, મનનું રક્ષણ કરે તે મંત્ર, મનનો વિસ્તાર કરે તે તંત્ર. આકાશગામિની વિદ્યા મચ્છર-માખી-પંખીને પણ છે. ભૂમિગમન આગગાડી અને જલગમન સબમરીન વડે સુલભ છે. સકલસિદ્ધિનો મુકુટ જયાં છે, તેવું સિદ્ધગમન તો મનોયાન વડે જ થઈ શકે છે. તે મનોયાન જેને મળ્યું છે તેને રેલ, મોટર, સ્ટીમર, એરોપ્લેન, રોકેટ વડે સર્યું, કે જયાં ગયા પછી પાછું ફરવું પડે અને ઉપાધીઓ વધે. એક મનોયાન વડે યોગારૂઢ બની સિદ્ધિગમન જ શ્રેષ્ઠ અને પ્રેષ્ઠ છે.

તેને જ સિદ્ધ કરવું સર્વશ્રેષ્ઠ છે.

(૧૫) આગગાડી એ તંત્ર છે. પગ વડે દિવસના ૫૦ માઈલ અને પગને અમેરિકન ટ્રેન વડે રોજ ૧૨૫૦ માઈલ

કીડી - કીડીને જવાય, પણ ક્યાં? ભૂમિ ઉપર જ. મોક્ષે ન જવાય. હાથ કે વહાણ વડે સમુદ્ર અને સ્ટીમર કે હાથજળગાડી વડે મહાસમુદ્ર તરાય. જીભ વડે અને કાન વડે ટેલીફોન, રેડીયો વડે માઈલો સુધી બોલાય કે માઈલો પર્યંતનું સંભળાય, પણ મોક્ષે સુધી સંદેશો ન પહોંચે કે ન મોકલાય. લાંબા લાંબા આંખ રૂપી દુરબીનથી પણ મોક્ષ ન જોવાય. માત્ર સમાધિમાં રહી મનોયોગ વડે સર્વત્ર જોવાય અને સંભળાય (દેવતાઓના મનોભાવ પણ જણાય. જ્યાં જવું હોય ત્યાં જવાય અને કહેવાય). મોક્ષગમન તો મનને પણ રૂંધીને જ જવાય. માટે અન્ય મંત્ર, તંત્ર, યંત્ર મૂકી મહામંત્ર, યંત્ર અને તંત્રરૂપ સમ્યગ્-દર્શન, જ્ઞાન, ચારિત્ર વડે સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ, સર્વ આનંદમય થવાય. મંત્રથી જ્ઞાન થાય છે. યંત્રથી દર્શન થાય છે. તંત્રથી ચારિત્ર પળાય છે. મંત્ર મનનરૂપ છે. યંત્ર દર્શનરૂપ છે. તંત્ર આચરણરૂપ છે.

(૧૭) રાજ્યપણું, મહારાજ્યપણું, ચક્રવર્તીપણું, વિદ્વત્પણું, તત્ત્વજ્ઞપણું એ બધા શરીરનાં નહિં, પણ ચેતનનાં ધર્મો છે. શરીર તો બધાનું સરખું - માટીસ્વરૂપ છે. જન્મ પહેલાં, પછી અને મુઆ બાદ ચેતનહીન કાયા કુરૂપ

માટી સ્વરૂપ છે. તેમાં છેદ પાડનાર માત્ર અગ્નિ છે.
(૧૮) ચક્ષુ વડે સૂર્ય દેખાય છે. દુર્બિન વડે તારાઓ દેખાય છે. તેમ પણ વિશેષ ઇંદ્રિયોનો પ્રત્યાહાર આદિ કરવાથી વિચાર વડે દેખી શકાય છે.

મનરૂપ મહાઆકાશમાં સ્ફુરતું ઘણું દેખાય છે. એ મન પણ અગ્નિથી દેખાઈ રહે છે. અગ્નિ સદા સર્વદા પ્રકાશમય છે. તેના આગળ સૂર્ય-ચંદ્ર તો મશાલ જેવા છે. અગ્નિનાં પ્રકાશ આગળ સૂર્ય-ચંદ્રની મશાલો ઝાંખી પડે છે. જે વખતે સૂર્ય છે, ચંદ્ર છે અને નથી છે, તે જ વખતે ભાન અનંતદ્રવ્યો અને વળી તેનાં ગુણપર્યાય પણ જાણ રહ્યો છે. જ્ઞાનનાં પ્રકાશમાં સઘળું યુગપત્ પ્રકાશિત થાય છે. શરીર અને ઇંદ્રિયોને નિયમમાં રાખી, મનને સ્થિર કરી અગ્નિના ગુણોનું દર્શન સ્થિરચિત્તમાં પ્રતિબિંબિત કરી શકાય છે.
કોટી = પર્વત, નૂર = પ્રકાશ. કોટીનૂર = પ્રકાશનો પર્વત.
(૧૯) અતિ ઘી-તેલવાળા, અતિ મિષ્ટ, તીખા, ખાટાં, ખારા ખોરાક શરીરને અશુદ્ધ કરે છે. ઇંદ્રિયો તો શરીર રૂપી રથનાં ઘોડા છે. તે મારી નાંખવા માટે પણ નથી અને મસ્તયુક્ત કરવા માટે પણ નથી. મન સારથિ છે.

ते स्थितिने ओળખી શકે છે.
જો શરીર અને ઇંદ્રિયો નિયમમાં રહે.
ઇંદ્રિયોથી નિવૃત્ત થયેલું અને
પ્રત્યાહાર પામેલું મન તે અંતરાત્મા છે.
તે અંતરાત્મા જ પોતામાં રહેલા પરમાત્માનાં સકલ
ગુણગણને પોતામાં પ્રતિબિંબિત થતાં અનુભવે છે.
માત્ર જાણવું અને સમજવું જ નહિ, પણ અનુભવવું.
(૨૦) શરીરરૂપી ગાડી અને ઇંદ્રિયોરૂપી ઘોડાને બંધ રાખી
એકલા મનથી આત્માને જોવો તે કઠિન કામ છે, પરન્તુ
ઉભયને નિયમમાં રાખી મનમાં અનુભવવો એ સહેલો છે.
નિયમવાળાને સર્વ સ્થિતિ આસન,
પ્રણિધાન અને પ્રત્યાહારરૂપ છે.
(૨૧) ઇંદ્રિયોરૂપી હથિયારો વડે શ્રવણ, દર્શન, ઘ્રાણ, સ્વાદન
અને સ્પર્શન અંદર રહી જેણે કર્યું, તેને આ ક્રિયાથી ભિન્ન
કરીને, સ્વ-પરના વિચારથી મનને, સત્યથી વચનને અને
સર્વ જીવ ઉપરના કરુણારૂપી જલથી તનને વિશુદ્ધ કરી,
પોતે એકાકી દ્રષ્ટારૂપ બની રહેવું, એથી સ્વરૂપનો
અનુભવ થશે. એ જ અનુભવ વડે શીઘ્ર, અખંડ, સુખમય
શિવપદ અને પ્રકાશનરૂપ એવું બુદ્ધપદ પ્રાપ્ત કરશે.

'હું ચેતન છું, અંશે પણ જડ નહિ' એમ
સમજતાં જ કર્મ ખરી જઈ ભ્રાંતિ મટી જાય છે.
જીવ બંધાતો નહિ, કર્મ બંધાય છે. બાંધનારો બંધાય નહિ.
બંધાય તે બાંધનારો કહેવાય નહિ.

o ડગલો નાનો થાય તો તેને કાઢી નાંખીને બીજ નવો ડગલો પહેરાય છે, તેમ આજે જે ભાવના છે તેનાથી સારી અને ચઢિયાતી ભાવના થાય તો જૂનીને બદલી નવા સંસ્કારવા એમાં બુદ્ધિમત્તા છે. ડગલો પહેરવો કે ઉતારવો એ બીજ પહેરનારના હાથમાં છે, તેમ ભાવના સુધારવા કે બગાડવા એ જીવના પોતાના જ હાથમાં છે.

(૨૨) 'જીવ' એ વાળ છે, તે સર્વને ભેદે છે. એને સ્થૂલ, સૂક્ષ્મ કે કાર્મણ શરીર ભેદી શકતું નહિ. સૂક્ષ્મતમ આત્મતત્ત્વને સૂક્ષ્મતર કર્મપુદ્‌ગલો કે સ્થૂલ એવું આ શરીર કેમ બાંધી શકે? શરીરમાં મન નહિ, પરન્તુ મનમાં શરીર અને વિશ્વ સમાયેલું છે. તે મન પણ આત્મતત્ત્વમાં સમાઈ રહ્યું છે, કારણકે આત્મા કરતાં તે ઘણું નાનું છે. 'હું' આત્મામાં મન, મનમાં વિશ્વ રાજ, તેમાં પૃથ્વી - મુંબઈ - પાયધુની - ગોડીજીની ચાલ - તેમાં મારું શરીર - એ આત્માને કેમ બાંધી શકે?

સઘળું દૃશ્યજ્ઞાનમાં પ્રતીત થાય છે. જ્ઞાન તે જ હું છું.
અરૂપી જ્ઞાન જે બંધાય અને છૂટે એવા મને
અન્ય નિમિત્ત પરિણામ રૂપ દેહાદિને જાણી,
દેહે પણ પોતે બંધાય કે છૂટે નહિં,
માટે નિશ્ચયથી - વસ્તુતઃ બંધ - મોક્ષ જીવને નથી.

o શરીર મારૂં છે કે પુદ્ગલનું છે? ઘર મારૂં છે કે
પત્થર અને ચૂનાનું છે? ઘડો મારો છે કે માટીનો છે?
વિચારદૃષ્ટિથી કે વિચાર - વિવેક રૂપ દીપકથી
સમજી શકાય છે કે મારૂં તો માત્ર જ્ઞાન છે,
બાકીનું બધું તો પુદ્ગલનું છે. તો આત્મા કેમ બંધાય?
પણ એવો વિચાર કરે કોણ? વિચારદૃષ્ટિ વિના સત્ય કદી
પકડાય નહિં. દીપક વિના અંધકારમાં ઘટપટાદિ દેખાય
નહિં. જીવ અમર છે. શરીર અને મન તેના ઉપચાર
છે. જેવી આપણી સમજ, તેવું જ આપણું વર્તન હોય છે.
સિંહના બચ્ચાને 'હું ઘેંટુ છું' એવી સમજ થતાં ઘેંટાની
જેમ જ વર્તન કરે છે. જીવરૂપી હીરાને
શરીરરૂપી કાચ સમજીને જીવ દુઃખી થાય છે.
'રતન રમે નિજભાવમાં.'
નિજભાવમાં સ્થિર જ્ઞાનભાવમાં રમે તે શિવલક્ષ્મી પામે.

# <u>બાર ઢાળનું ગુણણું</u>

(૧) એ દિન અતિ સોહામણો, દીઠો કલ્યાણક તણો,

મન ઘણો ગુણણું કરતાં સુખ હુએથી.

(૨) કોડી તપ તે કરી જે ફલ લહીએ, તે જિન ભજ્જો લહીશું;

જિનવર ધ્યાઈ પેરે, મોક્ષ મારગનો દાતા.

કામ સર્વે સાજે જિન નામે, સફલ હોએ નિજ જ ટા.

જે જાએ જિનગુણ સમરંતા, સફલ જનમ તે દીહા.

જિનવર નામે જય હુએ.

(૩) અલિય વિઘન દૂરે ટળે,

દુર્જનનું ચિંત્યું નવિ થાય, મેરે લાલ.

મહિમા મોટાઈ વધે, વલી જગમાં <u>સુજશ</u> ગવાય, મેરે લાલ.

જિનવર નામે જય હુએ.

ઉદયનાથ જન આતમા, તેહને નામે મંગલ માલ, મેરે લાલ.

ઓચ્છવ રંગ વધામણાં, વલી લહીએ પ્રેમ રસાલ, મેરે લાલ.

જિનવર નામે જય હુએ.

(૪) શ્રી જિન સમરણ જેટલું મીઠું રે,

એટલું અમૃત જગમાં ન દીઠું રે,

<u>સુજશ</u> મહોદય શ્રી જિનનામે રે,

વિજય લહીજે ઠામોઠામે રે.

(૪) ત્રિશલાનંદ પરમેશ્વરૂ, જિન વંદીએ રે,
એહનું નામ તે પરમનિધાન કે પાપ નિકંદીએ રે,
મોટાનો જે આશરો, જિન વંદીએ રે,
તેહથી લહીયે જશ બહુમાન કે પાપ નિકંદીએ રે.

(૫) દેવાને મળવું રે એહવા પ્રભુ તણું,
આળસ માંહે રે ગંગા,
જન્મ સફલ કરી માનું તેહથી,
સુજસ વિલાસ સુરંગ,
જિનવર નામે રે મુજ આનંદ ઘણો.

(૬) એહવા સાહિબ નવિ વિસરે,
ઘડી ઘડી સમરીયે તે જે રે,
પ્રભુ ગુણ અનુભવ યોગથી,
શોભીયે આતમ તેજે રે.

(૭) જિમ ચકોર ચિત્ત ચંદસુંજી,
જિમ મોરા મન મેહ, મનમોહન જિનજી
મનથી નહીં મુજ દૂર.

(૮) વિમલાદિત્ય જિન સાહેબા, મન મનમોહન વેલ,
શુભ જશ લીલા પામીયે જી, જશ નામે રંગરેલ,
મહોદય સુંદર જિનવર નામ.

ૐ

(૧૦) ભવિકા એહવા જિનવર ધ્યાવો,
ગુણવંતના ગુણ ગાવો, ભવિકા.
(૧૧) જિનવર નામ સુહામણું, ઘડી ય ન મેલ્હું જાય કે
રાત દિવસ મુજ સાંભરે,
સાંભારે સુખ થાય કે.
જિનવર નામે જય હુએ.
મન લાગ્યું જસ જેહશું, ન સરે તેહ વિણ તાસ કે
તેહ મુજ મન જિનગુણ ઘુણ,
પામે સુજશ વિલાસ કે.
જિનવર નામે જય હુએ.
(૧૨) એ ગુણણું જે કંઠે કરશે,
તે શિવરમણી વરશે જ.
તરશે ભવતરશે સવિ પાતિક,
નિજ આતમ ઉદ્ધરશે જ.
બાર ઢાળ જે નિત્ય સમરશે,
ઉચિત કાજ આચરશે જ.
સુકૃત સહોદય સુજશ મહોદય,
લીલા તે આદરશે જ.

ૐ

ह्रीं

## રાગ : આશાવરી

પ્રભુ તોં સમ અવર ન કોઈ ખલકમેં...
જો જલ જગમેં અગન બુઝાવત,
વડવાનલ સો પીયે પલકમેં  પ્રભુ... (૧)
હરિહર બ્રહ્મ વિગુચે સોતે,
મદન જીત્યો તેં પલકમેં  પ્રભુ... (૨)
આનંદઘન પ્રભુ વામાનંદન
તેરી હામ ન હોત હલકમેં  પ્રભુ... (૩)

## પચ્ચક્ખાણ ગીત

સદ્ગુરુને પ્રભુ ભેટે, અંતરિક્ષ પ્રભુ ભેટે.
ભેટે ભેટે સદ્ગુરુને પ્રભુ, પચ્ચક્ખાણ ભેટે.
મોહ ચોર જગભેર ફિરાવત, તબ સમરથો પ્રભુ ભેટે... (૧)
ઔર સઝાઈ આઠ દિવસ કી, સાચ સઝા પ્રભુ ભેટે
ઈતનો આપ વિવેક વિચારે, માયામેં મત પેટે, ભેટે... (૨)
ભાગહીડે તો ભૂખ ન ભાંજે, બિનુ ભોજન ગયે પેટે
ભાવંત ભક્તિ વિના સહિ નિષ્ફલ,
જશ કહે ભક્તિમેં ભેટે,  ભેટે... (૩)
ભેટે ભેટે સદ્ગુરુને પ્રભુ પચ્ચક્ખાણ ભેટે...

ૐ

આયસો દાવ મિલ્યો રી,

લાલ કહું ન ખેલત હોરી ... આયસો દાવ...(૧)

માનવ જનમ અમોલ જગતમેં,

સો બહુ પુન્યે લહ્યોરી

આજ તો ધાર અધ્યાતમ શૈલી,

આયુ ઘટત થોરી થોરી

વૃથા નિત વિષય ઠગ્યોરી ... આયસો દાવ...(૨)

સમતા સુરંગ સુરૂચિ પીચકારી,

રાગ ગુલાલ સનોરી

ઝટપટ ધાય કુમતિ કુલટા ગઈ,

હલમલ શિથિલ કરોરી

સદા ઘટ ફાગર ચોરી ... આયસો દાવ...(૩)

શમ દમ સાજ બજાય સુઘટ નર,

પ્રભુ ગુન ગાય ન ચોરી

સુજશ ગુલાલ સુગંધ પસારી,

નિર્ગુણ ધ્યાન ધરોરી

કહા અલમસ્ત પરોરી ... આયસો દાવ...(૪)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૮૨):**
નાશ પામ્યા છે કલહ અને કલેશ જેને, નાશ પામ્યા છે સંપૂર્ણ રાગ-દ્વેષ જેને, નાશ પામ્યા છે સંસારમાં જન્મ જેને, એવા દેવાધિદેવને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૮૨):**
અજ્ઞાન, ક્રોધ, અભિમાન, મદ, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય વચન, ચોરી, ઈર્ષ્યા, ભય, હિંસા, પ્રેમક્રીડા, આસક્તિ, હાસ્ય વગેરે અઢાર દોષો જેના નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરૂં છું.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૮૨):**
અશરીરી, ઘન, જ્ઞાન-દર્શનમાં ઉપયોગવાળા, સાકાર, અનાકાર આવું સિદ્ધ ભગવંતોનું લક્ષણ છે. - તિત્થોગાલી પયન્ના, શ્લોક ૧૨૨૭

સિદ્ધ ભગવંતોના ૮ ગુણો છેઃ (૧) (ક્ષાયિક)સમ્યક્ત્વ (૨) કેવલજ્ઞાન (૩) કેવલદર્શન (૪) અનંતવીર્ય (૫) સુક્ષ્મ (૬) અવગ્રહ-અવગાહના (૭) અગુરૂલઘુ (૮) અવ્યાબાધ.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૮૩):**
અવ્યાબાધપણાંને પામેલા સિદ્ધ ભગવંતોને જે સુખ છે, તે સુખ મનુષ્યોને કે સર્વ દેવોને પણ નથી. - તિત્થોગાલી પયન્ના, શ્લોક ૧૨૪૬

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૩):**
પ્રતિરૂપ, તેજસ્વી, યુગપ્રધાન, જ્ઞાની, મધુરભાષી, ગંભીર, ધૃતિ-ધીરજવાન, ઉપદેશ તત્પર(કંટાળાવાળા નહીં), અપરિશ્રાવી (અર્થાત્ કોઈએ પોતાના હૃદયની વાત કે ભૂલ કહી હોય તે બીજા કોઈને નહીં કહેનારા), સૌમ્ય, સંગ્રહશીલ અર્થાત્ ગચ્છ સીદાય નહીં એ ધ્યાનમાં લઈ ઉપયોગી વસ્તુઓ રાખનારા, અભિગ્રહીત બુદ્ધિવાળા, વિકથા નહીં કરનારા, અચંચળ, પ્રશાંત હૃદયી આચાર્ય એ ગુરૂ હોય છે.

- ઉપદેશમાલા, શ્લોક ૧૦-૧૧

ૐ

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૮૩):**
પ્રતિરુપાદિ ૧૪, ક્ષમાદિ ૧૦ તથા ૧૨ ભાવના (અનિત્યાદિ), એમ આચાર્યના ૩૬ ગુણો હોય છે. - સંબોધસિત્તરી, શ્લોક ૨૭

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૮૩):**
પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહી, બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી મુકત, ચારિત્રની રક્ષા માટે જ ધર્મોપકરણોને ધારણ કરનારા, પાંચે ઈન્દ્રિયોનું દમન કરવામાં તત્પર, ભગવાને કહેલા સિદ્ધાંતોના પરમાર્થ - રહસ્યને જાણનારા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા આવા ગુરુ ભગવંતનું મને શરણ હો. - સંબોધસિત્તરી, શ્લોક ૭-૮

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૮૩):**
મેઢી-ગાયને બાંધવાનો લાકડાનો ખીલો, આલંબન-હાથનો ટેકો, સ્તંભ-થાંભલો, દ્રષ્ટિ-નેત્ર, ઉત્તમ વાહન સમાન સૂરિભગવંત ગચ્છના આધારભૂત છે, તેથી પ્રથમ સૂરિની પરીક્ષા કરવી જોઈએ. -ગચ્છાચાર પયન્ના, શ્લોક ૮

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૮૪):**
સાક્ષાત્ પરબ્રહ્મ સમાન પાર્શ્વનાથ ભગવાન આત્માની પાસે હૃદયમાં રહેલા છે. 'પાર્શ્વ' એ જ વિશ્વતારક, પરમ, મહામંત્ર છે. - ઉપસર્ગહર ટીકા

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૪):**
લોકમાં શાંતિ કરનારા, મહર્દ્ધિક, પાંચમા ચક્રવર્તી અને સોલમા તીર્થંકરશ્રી શાંતિનાથ પ્રભુ ષટ્ખંડ ઋદ્ધિનો ત્યાગ કરીને અનુત્તર એવી પંચમગતિને પામ્યા.
- ઉત્તરાધ્યયન સૂત્ર, શ્લોક ૧૮-૩૮

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૮૪):**
જેઓ રાગાદિ વડે દબાયેલા ન હોય, યોગ-ક્ષેમ કરનારા હોય અને હંમેશા કૃપા કરનારા હોય તેને જ્ઞાની પુરૂષો દેવ કહે છે.
- સિદ્ધ-હૈમ બૃહન્ન્યાસ (યોગશાસ્ત્ર, ગાથા ૭૪૭)

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૯૩):**
પ્રજ્ઞા કે સમ્યગ્ બુદ્ધિ જ દુર્લભ છે અને મનુષ્ય સિવાયના અન્ય જન્મમાં તો તે વધારે દુર્લભ છે. જે જીવો પ્રજ્ઞાને પામીને પણ પ્રમાદ કરે છે, તેઓ જ્ઞાની પુરૂષોને માટે શોચનીય છે, અર્થાત્ જ્ઞાની પુરૂષોને આવા જીવો દયાપાત્ર લાગે છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૯૫):**
ખરેખર! એક વ્યકિત નમસ્કાર કરે છે અને એક વ્યકિત પ્રશંસા (અનુમોદના) કરે છે. પ્રશંસા કરનાર ઈચ્છિત ફળ મેળવે છે. નમસ્કાર કરનાર ઈચ્છિત ફળ મેળવે અથવા ન પણ મેળવે (કારણકે તેમાં કદાચ ભાવ ન પણ ભળ્યો હોય).

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૯૬):**
શોકજન્ય પરિસ્થિતિમાં પંડિત પુરૂષો 'ૐ' બોલે (અર્થાત્ મધ્યસ્થ રહે), મધ્યમ પુરૂષો આંસુ વહાવે, અધમ પુરૂષો માથું કૂટે અને વિવેકી પુરૂષો ધર્મ કરે.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૯૭):**
પૂર્વે દુરાચરણરૂપે કરેલા, દુષ્પ્રતિકાંત અર્થાત્ પ્રાયશ્ચિત ન કર્યું હોય, કરેલા કર્મોનાં ફળને ભોગવ્યા વિના કે તપ દ્વારા નિર્જરા કર્યા વિના આત્માનો મોક્ષ થતો નથી.

- દશવૈકાલિક, પ્રથમ ચૂલિકા

નિકાચિત કરેલા કર્મનો ક્ષય અબજો વર્ષ થવા છતાં પણ થતો નથી.
અજ્ઞાની જે કર્મોને ઘણા કરોડ વર્ષો બાદ ખપાવે છે, તે કર્મો ત્રણ ગુપ્તિથી ગુપ્ત જ્ઞાની પુરૂષ શ્વાસમાત્રમાં ખપાવે છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૦૨):**
તું જેને હણવા ઈચ્છે છે તે તું જ છે. તું જેને હેરાન કરવા ઈચ્છે છે તે તું જ છે.
તું જેને પરિતાપના કરવા ઈચ્છે છે તે તું જ છે.
તું જેને ગ્રહણ કરવા-પકડવા ઈચ્છે છે તે તું જ છે.
તું જેને ઉપદ્રવ કરવા ઈચ્છે છે તે તું જ છે.
માટે પ્રતિબોધ પામેલો સરળ સાધુ કોઈ જીવને હણે નહીં, ઘાત કરે નહીં.

ૐ

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૦૭):**
સતત અને હંમેશા જે એકાગ્રચિત્તે મારૂં સ્મરણ કરે છે, તે ભક્તિમાં નિત્ય ઉપયોગવાળા યોગીને, હે પાર્થ! હું સુલભ છું. - ભગવદ્ગીતા, અ.૮, શ્લોક ૧૪

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૦૭):**
શાસ્ત્રમાં કહેલું નિશ્ચિત પણ જે પૂર્વ પુરૂષોએ સેવ્યું ન હોય તો કોઈપણ કારણે તેનો ફેરફાર ન કરાય, કારણકે આચરણનો ભંગ થાય. તેમણે (પૂર્વ પુરૂષોએ) જે કર્યું હોય તે કરાય, કારણકે જેમાં વધારે લાભ થતો હોય તે તેઓ જાણતા હોય છે. આને 'શાસ્ત્રમાં કહેલા અર્થનું શ્રદ્ધાન' શાસ્ત્રમાં અર્થાત્ સિદ્ધાંતમાં કહેલું છે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૦):**
ત્રણ ઋણ દૂર કરીને અર્થાત્ ઋણમુક્ત થઈને મોક્ષમાર્ગમાં મન સ્થાપન કરવું જોઈએ. ઋણમુક્ત થયા વિના મોક્ષની સેવા - આરાધના કરનાર દુર્ગતિમાં જાય છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૧૪):**
ઉપર ચડવું પ્રયત્નપૂર્વક થાય છે. નીચે પડવામાં પ્રયત્નની જરૂર નથી.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૪૪):**
શરણ આપનારા એટલે ભયવાળા જીવોનું રક્ષણ કરનારા. જૈનદર્શનનાં હિસાબે શરણ અને સાંખ્ય દર્શનના હિસાબે 'વિવિદિષા' અર્થાત્ તત્ત્વની વિચારણા આ બંને એક જ છે. કહેલા શરણના અભાવમાં પૂર્વે કહેલી વિવિદિષાના વિરહમાં... (અર્થાત્ પરમાત્મા આત્મતત્ત્વનો બોધ આપવાસ્વરૂપ શરણ આપે છે, માટે શરણદાતા છે.)

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૭૪):**
તે જ આ છે. તે જ હું છું.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૮૪):**
ઝેરનું ઔષધ ઝેર છે.




ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ તથા 'અનુપ્રેક્ષા'
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૫૯ - ૧૯૬૦માં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




ॐ ह्रीं श्रीं क्लीं अर्हं पार्श्वनाथाय नमः ।

'ૐ નમો ભગવઓ ગોયમસ્સ સિદ્ધસ્સ બુદ્ધસ્સ
અક્ખીણ મહાણસસ્સ ભાસ્કરી હ્રીં શ્રીં નમઃ।'

'ૐ હ્રીં શ્રીં ક્લીં હૈં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।'

પં. ચન્દ્રશેખર વિજય

www.fiestadesigns.in